

# જ્ઞાનથી જ્ઞાયક સુધી

卐 લેખક 卐

પંડિત ફૂલચંદ શાસ્ત્રી

ગુજરાતી અનુવાદક

શ્રીમતી શોભનાબેન અશ્વિનભાઈ મહેતા (મુંબઈ)

પ્રકાશક

આધ્યાત્મિક સાધના કેન્દ્ર

ઉમરાળા, જિ. ભાવનગર, ગુજરાત. ફોન : +91-2843-235203

Website : www.fulchandshastri.com

E-mail : ask@fulchandshastri.com

પ્રથમ આવૃત્તિ : ૯ ઓક્ટોબર, ૨૦૧૩
પ્રત : 1000

પ્રાપ્તિ સ્થાન : આધ્યાત્મિક સાધના કેન્દ્ર
ઉમરાળા, જિ. ભાવનગર (ગુજરાત)
ફોન : +91-2843-235203
Website : www.fulchandshastri.com
E-mail : ask@fulchandshastri.com

ટાઈપ સેટિંગ તથા મુદ્રક : મલ્ટી ગ્રાફિક્સ
18, ખોતાચી વાડી, વર્ધમાન બિલ્ડીંગ, 3જા માળે, પ્રાર્થના સમાજ,
વી. પી. રોડ, મુંબઈ-400 004. ફોન : 23884222 / 23873222.

મૂલ્ય : દસ રૂપિયા

જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચીને
નિર્વિકલ્પ આત્માનુભૂતિને
ઉપલબ્ધ સમસ્ત
સમ્યગ્દ્રષ્ટી જ્ઞાની ધર્માત્માઓને

**સવિનય સમર્પિત**

# પ્રકાશકીય

આદરણીય વિદ્વાન શ્રી પંડિત ફૂલચંદભાઈ શાસ્ત્રી દ્વારા લખાયેલ ''જ્ઞાનથી જ્ઞાયક સુધી'' પુસ્તકનું પ્રકાશન કરતા આધ્યાત્મિક સાધના કેન્દ્ર પરિવાર અત્યંત હર્ષનો અનુભવ કરે છે. આ પૂર્વે પણ લેખકની અનેક રચનાઓનું પ્રકાશન આધ્યાત્મિક સાધના કેન્દ્ર, ઉમરાળા દ્વારા પાછલા અનેક વર્ષોથી થઈ રહ્યું છે. વિશ્વની અનેક ભાષાઓમાં પ્રકાશિત પંડિત ફૂલચંદભાઈ શાસ્ત્રીની અનેક કૃતિઓના માધ્યમથી દેશ-પરદેશમાં વીતરાગી તથા સર્વજ્ઞ ભગવાન દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનનો પ્રચાર થયો છે અને થઈ રહ્યો છે.

''જ્ઞાનથી જ્ઞાયક સુધી'' કૃતિનું અધ્યયન કરવાવાળા સર્વ સાધક જીવો માટે મંગળ ભાવના ભાવું છું કે તેઓ આ રચનાનો અભ્યાસ કરીને જ્ઞાનનો સદુપયોગ કરે. જે જ્ઞાન અનાદિકાળથી જગતને જાણવા માટે વ્યતીત થઈ રહ્યું છે, તે જ જ્ઞાનનો ઉપયોગ નિજ આત્માને જાણવા માટે કરે.

આ રચનાના પ્રકાશન કાર્યમાં શ્રીમતી શોભનાબેન અશ્વિનભાઈનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. સાથે-સાથે તેઓી ''જ્ઞાનથી જ્ઞાયક સુધી''નો વિશેષ અભ્યાસ કરીને આ કૃતિની પ્રસ્તાવના તેમજ ગુજરાતી અનુવાદ પણ કરેલ છે. આધ્યાત્મિક સાધના કેન્દ્ર, ઉમરાળા વતી હું તેમનો સહૃદય આભાર વ્યક્ત કરું છું.

મલ્ટીગ્રાફિક્સે ''જ્ઞાનથી જ્ઞાયક સુધી'' કૃતિનું મુદ્રણ કરીને આપના કરકમલ સુધી પહોંચાડવા માટે હૃદયપૂર્વક સહયોગ આપ્યો છે. અત્રે આધ્યાત્મિક સાધના કેન્દ્ર પરિવાર, મલ્ટી ગ્રાફિક્સ તેમજ મુકેશભાઈ જૈનનો પણ આભાર વ્યક્ત કરે છે. સાથે-સાથે જે મહાનુભાવોનો આ કૃતિના પ્રકાશનમાં પ્રત્યક્ષ તથા પરોક્ષરૂપે સહયોગ પ્રાપ્ત થયો છે, તે સર્વે મહાનુભાવોને ધન્યવાદ આપું છું અને ભાવના ભાવું છું કે વીતરાગ વાણીનો પ્રચાર-પ્રસાર સદાય થતો રહે.

**- ધર્મેન્દ્રભાઈ કિશોરભાઈ જૈન**
**ઉમરાળા**

# પ્રસ્તાવના

શ્રી પંડિત ફૂલચંદભાઈ શાસ્ત્રી જૈન તેમજ જૈનેત્તર સમાજમાં સુપ્રસિદ્ધ વિદ્વાન છે. અલ્પવયમાં જ અનેકવર્ષોથી તેઓએ મુંબઈ સહિત દેશ-પરદેશમાં અનેકાનેક પ્રવચનો તેમજ પુસ્તકો દ્વારા જૈન તત્ત્વજ્ઞાનને જન-જન સુધી પહોંચાડ્યું છે. સાથે સાથે પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીની જન્મભૂમિ ઉમરાળામાં તેમના દ્વારા આધ્યાત્મિક સાધના કેન્દ્રમાં ચાલી રહેલા જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારનું કાર્ય ખૂબ જ પ્રસંશનીય તથા અનુમોદનીય છે.

જગતના જીવોને લૌકિકજ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ નથી, પરંતુ ''જ્ઞાનથી જ્ઞાયક સુધી'' પહોંચવાની વિધિનું અલૌકિક જ્ઞાન પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ છે. લેખકે આ પુસ્તકમાં જ્ઞાન સ્વભાવના માધ્યમથી જ્ઞાયકભાવ તરફ પહોંચવાનો ઉપાય સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. દ્રવ્ય, ગુણ તેમજ પર્યાયની સાથે-સાથે જ્ઞાન અને જ્ઞેયની સ્વતંત્રતા, સ્વ-પર પ્રકાશક જ્ઞાન સ્વભાવ, પુરૂષાર્થનું સ્વરૂપ, પરથી નિરપેક્ષ થવાની વિધિ, પ્રતિસમય જાગૃતિ રાખવાનો ઉપાય, સ્વભાવનું ભાવભાસન તથા ચિંતનની પ્રક્રિયા વગેરે વિષયોને સરળ ઉદાહરણ, તર્ક તથા યુક્તિઓના માધ્યમથી સિદ્ધ કર્યા છે.

પંડિતજીએ આ પુસ્તકને સંક્ષિપ્ત વિષયોમાં વિભાજિત કરીને જ્ઞાયકભાવનું સર્વાંગ સ્વરૂપ બતાવ્યું છે, જેથી સ્વાધ્યાયીજનોને વિષય સમજવામાં સરળતા રહેશે. મને વિશ્વાસ છે કે પંડિતજી દ્વારા રચિત આ ''જ્ઞાનથી જ્ઞાયક સુધી'' પુસ્તક આત્માર્થી મુમુક્ષુ જીવોને આત્મસાધનામાં ઉપયોગી થશે.

ભવિષ્યમાં પણ શ્રી ફૂલચંદભાઈ શાસ્ત્રી તત્ત્વજ્ઞાનનો આ રીતે પ્રચાર કરતા રહે અને સ્વ-પરના હિત માટે સ્વયંને સમર્પિત કરતા રહે, એવી ભાવના વ્યક્ત કરું છું.

**- શોભનાબેન અશ્વિનભાઈ મહેતા**
**મુંબઈ**

# અનુક્રમણિકા


1. જ્ઞાનથી જ્ઞાયક સુધી 1
2. અમર થવાનો ઉપાય 4
3. જ્ઞાન જાણે છે કે આત્મા? 6
4. જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન... 7
5. રાગનું જ્ઞાન અને જ્ઞાનનો રાગ 16
6. જ્ઞેયાકાર જ્ઞાન તથા જ્ઞાનાકાર જ્ઞાનથી જુદું માત્ર જ્ઞાન 18
7. પર પ્રકાશક તથા સ્વ પ્રકાશકના વિકલ્પથી જુદો આત્મા 21
8. જ્ઞાન અને જ્ઞેયની સ્વતંત્રતાની અદ્ભૂત ચરમસીમા 23
9. જ્ઞાન અને રાગ વચ્ચે પ્રદેશભેદ 26
10. જ્ઞાન સદાય નિર્મળ છે 29
11. જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે 32
12. જ્ઞાન જ ત્યાગ છે 36
13. ઉપયોગ ક્યારેય ભટકતો નથી 37
14. દ્રષ્ટિ તથા જ્ઞાન 38
15. હોવું તે સુખ કે દુઃખનું કારણ નથી 41
16. જ્ઞાનથી સુખ 43
17. પર્યાયની સરખામણી દ્રવ્યની સાથે 46
18. દ્રવ્ય શુદ્ધ છે તો પર્યાય અશુદ્ધ કેમ? 47
19. એક સમયની પર્યાયનું સામર્થ્ય 50
20. પર્યાય અપેક્ષાએ પણ સર્વજ્ઞ અને નિગોદ વચ્ચે સમાનતા 51
21. દ્રવ્યને પર્યાયની સ્પર્શના 53
22. જીવ કર્મના ફળને વર્તમાનમાં જ ભોગવે છે 55
23. નિત્ય પ્રત્યક્ષ આત્મા 57
24. જ્ઞાયકની અનુભૂતિ માટે શું કરવું? 63
25. જ્ઞાનની અનુભૂતિ જ જ્ઞાયકની અનુભૂતિ 65
26. જ્ઞાયકની અનુભૂતિ થતા જ... 66
27. સહજ ભેદજ્ઞાન 69
28. અંતર પરિણતિ 73
29. ચૈતન્યલોક 74
30. પરની અપેક્ષા અને સ્વની ઉપેક્ષા 75
31. પરદ્રવ્ય મારી નજીક પણ આવતું નથી 81
32. જાગૃતિ (નિત્યક્રમ) 84
33. ભાવભાસન 89
34. ચિંતનનો વિષય 94
35. ચિંતન કરતા-કરતા અનુભવ થઈ ગયો 97
36. જે મૌન છે, તે જ મુનિ છે 104


# ૧. જ્ઞાનથી જ્ઞાયક સુધી

તે જ્ઞાન જ જ્ઞાન છે કે જે જ્ઞાયકની નિર્વિકલ્પ અનુભૂતિ સુધી લઈ જાય. અંશથી અંશીની પ્રાપ્તિ તથા ગુણથી ગુણીની પ્રાપ્તિ સુધી પહોચવું તે જ સ્વસંવેદન પ્રત્યક્ષ આત્માનુભૂતિ છે.

હું અનાદિ-અનંત શુદ્ધ જ્ઞાયકભાવ છું, ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા છું, એક સમય માટે પણ અશુદ્ધ થયો નથી, તેમ છતાં પર્યાયમાં સંસાર પરિભ્રમણ કરી રહ્યો છું તથા દુઃખ ભોગવી રહ્યો છું. શુદ્ધ હોવા છતાં પણ સંસાર પરિભ્રમણ કેમ? અજ્ઞાની પોતાની પર્યાયની અશુદ્ધતાને કારણે સર્વથા અશુદ્ધ માને છે, આ મિથ્યાત્વરૂપી અપરાધના ફળમાં અનંત દુઃખ ભોગવી રહ્યો છે.

જો જીવ પોતાને ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક જાણે, માને અને જ્ઞાયકમાં જ સમાઈ જાય તો પર્યાયમાં પણ શુદ્ધ થઈ જાય છે. જ્યાંસુધી જીવ પોતાને અશુદ્ધ અને નીચો માને છે, ત્યાંસુધી અશુદ્ધ અને નીચું આચરણ છોડતો નથી. પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયા બાદ જ્ઞાનીનું આચરણ પણ સહજ શુદ્ધ અને ઉત્કૃષ્ટ થઈ જાય છે.

જે જ્ઞાયકભાવના ધ્યાનથી ભગવાન મહાવીર વગેરે અનંત કેવળજ્ઞાનીઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી, તે જ્ઞાયકભાવનું યથાર્થ સ્વરૂપ દરેક સાધકના જ્ઞાનમાં હોવું અત્યંત જરૂરી નહીં, પરંતુ અનિવાર્ય પણ છે. જો કે સર્વજ્ઞ ભગવાન પણ જ્ઞાયકભાવનું સર્વાંગ સ્વરૂપ સમજાવવા માટે અસમર્થ છે, તો અલ્પજ્ઞમાં તે સામર્થ્ય ક્યાં? તેમ છતાં આત્માનું સ્વરૂપ કથંચિત વચનઅગોચર હોવાની સાથે-સાથે કથંચિત વચનગોચર હોવાથી અહીં જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવાનો ઉપાય બતાવવામાં આવી રહ્યો છે.

**જ્ઞાન જ જ્ઞાયક સુધી પહોંચવાની દોરી છે.** જેમકે - બાળકે તમારી આંગળી પકડી લીધી, તો સમજી લો કે આંગળીની સાથે-સાથે તમે પણ પૂરી

રીતે બાળકની પકડમાં આવી ગયા. તેવી રીતે જ્ઞાન પકડમાં આવવાથી જ્ઞાયક પણ પકડમાં આવી જાય છે. ખરેખર જે સાધકને જ્ઞાનની અનુભૂતિ થાય છે, તેને નિયમથી જ્ઞાયકની અનુભૂતિ થાય છે. અહીં સુધી કે જ્ઞાનની અનુભૂતિ અને જ્ઞાયકની અનુભૂતિ બન્ને અનુભૂતિ જુદી-જુદી નથી. કથન કરવામાં ભેદ હોઈ શકે છે, પરંતુ અનુભૂતિ તો અભેદ એકરૂપ જ હોય છે.

જેવી રીતે કોઈ વ્યક્તિને ફોન કરીને પૂછીએ કે તમારા ઘરમાં કઈ-કઈ વસ્તુઓ છે? તે વસ્તુઓના નામ બતાવો. તો તે વ્યક્તિ જવાબ આપશે કે મારા ઘરમાં તો અનેક વસ્તુઓ છે. હું તે બધી વસ્તુઓના નામ નહીં લખાવી શકું, પરંતુ એક કામ કરી શકું છું. તમને મારા ઘરનું સરનામું લખાવી શકું છું. તમે મારા ઘરનું સરનામું લખી લો અને તે સરનામે પહોંચી જાવ. તમને અહીં રાખેલી સમસ્ત વસ્તુઓ પ્રત્યક્ષ દેખાશે.

એવી જ રીતે શિષ્ય અત્યંત વિનયપૂર્વક સદગુરૂ પાસે જઈને આત્માના અનંતગુણોના વૈભવ વિષે પૂછે છે, ત્યારે સદગુરૂ કહે છે કે અમે આત્માના અનંતગુણો શાસ્ત્રમાં લખી તો શકતા નથી પરંતુ આત્માના જ્ઞાન સ્વભાવનું સ્વરૂપને કરૂણાપૂર્વક સમજાવવાનો પ્રયાસ કરીએ છીએ. બસ, એમ જ સમજો કે **જ્ઞાન જ જ્ઞાયક સુધી પહોંચવાનું સરનામું છે.**

જ્ઞાની કહે છે કે તમે જ્ઞાનનું અનુસરણ કરો, અનુભવન કરો. જ્યારે તમને જ્ઞાનની અનુભૂતિ થશે ત્યારે સમજવું કે જ્ઞાનની અનુભૂતિ એ જ આત્માની અનુભૂતિ છે, જ્ઞાયકની અનુભૂતિ છે. દુઃખની વાત તો એ છે કે અજ્ઞાનીને હજુ સુધી સરનામું જ મળ્યું નથી. જો એકવાર પણ સરનામાની સમજ આવી જાય તો સમજી લો કે આત્માનુભૂતિ પ્રગટ થઈને જ રહેશે.

જો કે પ્રત્યેક આત્મામાં જ્ઞાન છે. **આત્મામાં જ્ઞાનનું હોવું તે આત્માનો સ્વભાવ છે. જ્ઞાનમાં આત્માનું હોવું તે આત્માનો પુરૂષાર્થ છે અર્થાત્ જ્ઞાન પર્યાયમાં આત્મા જણાય એ જ પુરૂષાર્થ છે. હું આત્મા આખા જગતને જાણું તેમાં મારી મહાનતા નથી અથવા આખું જગત મને જાણે તેમાં પણ મારી મહાનતા નથી. હું પોતાને જાણું અને ઓળખું તેમાં જ મારી મહાનતા છે.**



**જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવું એ જ આત્માના અનંત વૈભવની પ્રાપ્તિ છે.**

પારસનાથ ભગવાનની પૂજામાં લખ્યું છે કે હે પારસનાથ ભગવાન! આ જગતમાં એવા પારસમણિ તો ઘણા છે કે જે લોખંડને સ્પર્શ કરે તો લોખંડ સોનું બની જાય. પરંતુ હે ભગવાન! એવો પારસમણિ એક પણ નથી કે જે લોખંડને સ્પર્શ કરે તો લોખંડ પારસમણિ બની જાય. **હે ભગવાન! આપ એવા પારસમણિ છો કે આપનો ભક્ત પણ આપના સ્પર્શથી આપના જેવો થઈ જાય છે.**

ઉક્ત કથનમાં ગૂઢ રહસ્ય એ છે કે આત્માની પર્યાય પણ ત્રિકાળી ધ્રુવ પારસમણિરૂપ ભગવાન આત્માનો આશ્રય લઈને ભગવાન બની જાય છે. **અહીં રાગની પર્યાયને લોખંડની, વીતરાગની પર્યાયને સોનાની અને ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માને પારસમણિની ઉપમા આપી છે.** ભગવાનના સ્પર્શથી અર્થાત્ અનુભવથી રાગ પર્યાય પણ વીતરાગ પર્યાયમાં પરિવર્તિત થઈ જાય છે. જે સાધકે લોખંડરૂપ રાગની પર્યાયને હેય, સોનરૂપ વીતરાગ પર્યાયને ઉપાદેય માની હોય, તે જ સાધક પારસમણિરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવને પરમ ઉપાદેય માને છે.

અહીં ધ્યાન આપવા યોગ્ય વાત એ પણ છે કે જો લોખંડ જ ન હોત તો પારસમણિ પણ કોને સોનું બનાવત? તેથી વર્તમાન પર્યાયમાં રાગ જાણીને નિરાશ થવાની જરૂર નથી. રાગની પર્યાયથી જ વીતરાગ પર્યાયરૂપે પરિણમન થાય છે. રાગનો વ્યય, વીતરાગનો ઉત્પાદ અને જ્ઞાયકભાવની ધ્રુવતાનું સ્વરૂપ જાણવાથી ભગવાન આત્માનું સર્વાંગ સ્વરૂપ સમજાય છે.

જેમ કે કોઈ વ્યક્તિએ તમને વચન આપ્યું હોય કે તે કોઈ નિર્ધારિત સમયે તમને મળશે. નિર્ધારિત સમય વીતી ગયા પછી પણ જો તે વ્યક્તિ તમને મળવા ન આવે તો જરા વિચારો કે તમને કેવું લાગશે? તમને કોઈની રાહ જોવી ગમતી નથી. પરંતુ તમને ક્યારેય એવું લાગે છે કે તમે પણ કોઈને ખૂબ જ રાહ દેખાડી છે. તમે જેટલી રાહ તે વ્યક્તિની જોઈ, તેનાથી પણ વધુ રાહ અનાદિકાળથી આ જ્ઞાયકે જ્ઞાનપર્યાયની જોઈ છે. **તેથી તમે કોઈની રાહ ન જુઓ. આ વાતને ખાસ યાદ રાખો કે જ્ઞાયક દરેક પળે તમારી રાહ દેખી રહ્યો છે.**

# ૨. અમર થવાનો ઉપાય

અજ્ઞાની જીવ કોઈ પણ ઘટનાના ક્ષણિકપણામાં જ નિત્યપણાની સ્થાપના કરી દે છે અને તેના ફળસ્વરૂપે અનંત કષાય કરી આકુળિત તથા દુઃખી થાય છે. અજ્ઞાનીને જગતની કોઈક વસ્તુ તો ક્ષણિક લાગે છે અને કોઈક વસ્તુ નિત્ય લાગે છે. જેમકે - પંખો ફરી રહ્યો છે, તે ક્ષણિક લાગે છે પરંતુ છત નિત્ય લાગે છે. શ્વાસોચ્છવાસ ક્ષણિક લાગે છે, પરંતુ શરીર નિત્ય લાગે છે. જેવી રીતે પંખો નિત્ય રહેવાનો નથી, તેવી જ રીતે છત પણ નિત્ય રહેવાની નથી, એક દિવસ તો મટીને માટીમાં જ મળવાવાળી છે. **ખરેખર નિત્ય દેખાતી વસ્તુ પણ ક્ષણિક જ હોય છે, પંખો અને છત, શ્વાસોચ્છવાસ અને શરીર વગેરે પુદગલની અવસ્થાઓ ક્ષણિક જ છે.**

સાધારણ રીતે લોકમાં શરીર ગ્રહણ કરવાને જન્મ અને શરીર ત્યાગ કરવાને મરણ માનવામાં આવે છે. પરંતુ સૂક્ષ્મ દ્રષ્ટિથી વિચાર કરીએ તો શ્વાસનું શરીરમાં જવું તે જ જન્મ છે અને શ્વાસનું શરીરમાંથી બહાર નીકળી જવું તે જ મરણ છે. જન્મ સમયે બાળક શ્વાસ અંદર લઈને જીવનની શરૂઆત કરે છે અને ઘડપણમાં છેલ્લો શ્વાસ બહાર નીકાળીને મરે છે. પવનનું શરીરમાં જવું તે જ જન્મ છે અને પવનનું શરીરમાંથી બહાર નીકળવું તે જ મરણ છે. શ્વાસોચ્છવાસ જ જન્મ-મરણ છે. **જેવી રીતે શ્વાસોચ્છવાસ ક્ષણિક છે, તેવી જ રીતે શરીર પણ ક્ષણિક જ છે, અનિત્ય જ છે.**

નદી અને સાગર વચ્ચે એક મોટો તફાવત એ છે કે નદીના બંને કિનારા દેખાય છે જ્યારે સાગરનો એક જ કિનારો દેખાય છે, બીજો નહીં. આપણને જન્મરૂપી કિનારો તો દેખાય છે પરંતુ મરણરૂપી કિનારો દેખાતો નથી. તેથી આપણે જેટલો વિચાર જન્મદિનના સંબંધમાં કરીએ છીએ, તેટલો વિચાર મરણદિનના સંબંધમાં કરતા નથી. એ જ કારણ છે કે ભવને નદી નહીં, પરંતુ સાગર કહ્યો છે, ભવસાગર કહ્યો છે.



મનુષ્યભવને ક્ષણિક જાણીને જે જીવને મરણરૂપી કિનારાનો વિચાર આવે છે, તેને આત્મકલ્યાણ કરવાની ભાવના પણ તેટલી તીવ્રગતિથી પ્રબળ થવા લાગે છે. જન્મ પાછળ છે અને મરણ આગળ છે. જન્મ દૂર જઈ રહ્યો છે, મરણ નજીક આવી રહ્યું છે. અજ્ઞાનીને પાછળ વળી-વળીને દેખવાની આદત એવી પડી ગઈ છે કે તેને આગળ આવનારૂં મરણ દેખાતું જ નથી. હકીકત તો એ છે કે અજ્ઞાની મરણને દેખવા ઈચ્છતો જ નથી. તે જ કારણ છે કે લોકો સ્મશાન અને કબ્રસ્તાન ગામની બહાર દૂર બનાવે છે, જેથી બજારમાં જતાં-આવતાં ભૂલથી પણ મરણ ન દેખાઈ જાય. કદાચ તે કોઈ વ્યકિતનું મરણ દેખી લે તો પણ પોતાના મરણનો અહેસાસ થતો નથી, અંતરમાં તો એ જ વિચાર આવે છે કે મારે હજી વાર છે. આવા વિચાર જ તેને પ્રમાદી બનાવી દે છે.

બાહ્ય જગતમાં અત્યંત વ્યસ્ત અજ્ઞાનીના શરીરની ગતિ કરતા આત્માના વિચારોની ગતિ એટલી તીવ્ર હોય છે કે તેને આગળની ઘટનાના જ વિચાર આવે છે. **અજ્ઞાની નિરંતર ભૂતકાળના સ્મરણ અને ભવિષ્યની કલ્પનાઓમાં જ વળગેલો રહે છે અને વ્યર્થમાં દુઃખી થાય છે.** મરણનો વિચાર જ જીવને મરણથી પ્રભાવિત થવા દેતો નથી. જ્યારે કોઈ બાળકનું મરણ થાય છે ત્યારે ખૂબ જ દુઃખ થાય છે અને આપણે કહીએ પણ છીએ કે અરે! આપણે સ્વપ્નમાં પણ એવું વિચાર્યુ ન હતું કે આવું થશે. હા, આપણે વિચાર્યુ પણ ન હતું એટલે આશ્ચર્ય, દુઃખ અને શોક લાગ્યો છે. **જ્ઞાનીની શ્રદ્ધામાં જગતનું અનિત્યપણું હોવાથી જ્ઞાનીને જગતની કોઈ પણ ઘટના પ્રભાવિત કરતી નથી.**

જ્યાં સુધી જીવને જગતના બધા પદાર્થો ક્ષણિક નથી લાગતા, ત્યાં સુધી નિત્ય આત્માનો વિચાર પણ નથી આવતો, આત્માની શોધ તો બહુ દૂરની વાત છે. તેથી ક્ષણિક પદાર્થોમાંથી ભેદદ્રષ્ટિ છોડીને બધા ક્ષણિક પદાર્થોને ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્માથી ભિન્ન જાણવા જોઈએ.

કોઈ પણ ક્રિયા કરતી વખતે એ વાતની જાગૃતિ રહેવી જોઇએ કે આ ક્રિયા આ સમય પૂરતી જ છે, આગલા સમયમાં આ ક્રિયા થવાની નથી. આગલા ક્ષણે થવાવાળી ક્રિયા આગલા ક્ષણ માટે જ છે, તેના આગલા ક્ષણ માટે નહીં. આવી વિચારધારાથી કષાયભાવ સહજપણે મંદ થવા લાગે છે.

# ૩. જ્ઞાન જાણે છે કે આત્મા?

જો કે જ્ઞાનનું કાર્ય જાણવું છે, તો પણ આત્મા જાણે છે એમ કહેવાય છે. આત્માના અનંત ગુણોમાંથી જ્ઞાન ગુણ સિવાય બીજા કોઈ પણ ગુણમાં જાણવાની શક્તિ નથી, માટે જ્ઞાન જ જાણે છે. તો પણ જ્ઞાન પોતે આત્માથી ભિન્ન સ્વતંત્ર થઈ જાણવાનું કાર્ય કરતું નથી. જ્ઞાન પોતાનું જાણવારૂપ કાર્ય આત્માના સમસ્ત પ્રદેશોમાં વ્યાપ્ત થઈને જ કરે છે. તેથી જાણવારૂપ કાર્યનો કર્તા જ્ઞાન નહીં પણ આત્મા છે.

જેવીરીતે આંખનું કાર્ય દેખવાનું છે, શરીરનું અન્ય કોઈ પણ અંગ દેખવાનું કાર્ય કરતું નથી. પરંતુ આંખ પોતે શરીરથી જુદી સ્વતંત્ર થઈ દેખવાનું કામ કરી શકતી નથી, તેથી દેખવારૂપ કાર્યનો કર્તા આંખ નહીં, પણ શરીર છે. ત્યાં જ્યારે દેખવા ઘટના બને છે, ત્યારે એમ જ કહેવાય છે કે મેં તેને દેખ્યો હતો. કોઈ એમ નથી કહેતું કે મારી આંખે તેને દેખ્યો હતો.

જેવીરીતે આંખને શરીરથી જુદી કરી દેવામાં આવે તો તે આંખ દેખવાનું કાર્ય કરી શકતી નથી, તેવી જ રીતે જો જ્ઞાનને આત્માથી જુદું કરી દેવામાં આવે તો જ્ઞાન જાણવાનું કાર્ય કરી શકતું નથી. આંખનો શરીર સાથે અભેદ સંબંધ છે, તેવી રીતે જ્ઞાનનો આત્મા સાથે અભેદ સંબંધ છે. ત્યાં અંતર માત્ર એટલું જ છે કે આંખ શરીરના સમસ્ત પ્રદેશો પર વ્યાપ્ત નથી, જ્યારે જ્ઞાન, આત્માના સમસ્ત પ્રદેશો પર વ્યાપ્ત છે. ગુણ અને ગુણી વચ્ચે પ્રદેશભેદ હોતો નથી.

વિશેષ વાત તો એ છે કે શરીરની સાથે અભેદ રહેનારી આંખ જ સક્રિય છે, શરીરથી અલગ રહેનારી આંખ સક્રિય નથી. તે આંખ કોઈને ડરાવવા માટે જ કામ આવી શકે છે. એ જ પ્રમાણે **જે જ્ઞાને આત્માની સ્પર્શના કરી છે એટલે જે જ્ઞાને આત્માનો અભેદ અનુભવ કર્યો છે તે જ્ઞાન જ જ્ઞાન છે. બાકી બધું અજ્ઞાન છે.** આત્માનુભૂતિ રહિત માત્ર ક્ષયોપશમજ્ઞાન જગતના ભોળા જીવો સામે માનકષાયનું તથા ક્ષણિક આનંદનું જ કારણ બની શકે છે.



# ૪. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન...

આત્મામાં વિકલ્પની તરંગો ઉછળે છે અને જ્ઞાનની ધારા વહે છે. રાગ-દ્વેષરૂપી વિકલ્પની ઉત્પત્તિ કર્મોદયના નિમિત્તથી થાય છે, જ્યારે જ્ઞાનનું પરિણમન, કોઈ પરદ્રવ્યના કારણે થતું નથી. જે જ્ઞાન છે, તે આત્માનો સ્વભાવ છે, તેથી આત્મદ્રવ્યની જેમ જ્ઞાનના પરિણમનમાં પણ સહજપણું હોય છે. **વિકલ્પ ઔદયિકભાવ છે અને હું પરમ પારિણામિક ભાવ છું. વિકલ્પ ક્ષણિક છે, હું નિત્ય છું. વિકલ્પ આકુળતામય અને દુઃખમય છે, હું નિરાકુળ અને સુખમય છું.**

**વ્યવહારથી પંચપરમેષ્ઠી શરણ છે અને નિશ્ચયથી નિજ આત્મા જ શરણ છે.** ધન, સંપત્તિ, માતા-પિતા, પુત્ર-પુત્રી, ભાઈ-બહેન, વૈદ્ય-ઔષધિ વગેરે અશરણ જ છે. જે શરણ છે, તે જ આશ્રય લેવા યોગ્ય છે.

જે પર્યાય, જે દ્રવ્ય પર દ્રષ્ટિ કરે છે, એકત્વ કરે છે, તે પર્યાયે તે દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવાય છે. **જ્ઞાનના વિશેષ પરિણમનમાં જ્ઞાનનું સામાન્ય પરિણમન જણાતા વિશેષ તથા સામાન્યનો ભેદ સમાપ્ત થઈ જાય છે.** જ્ઞાન પર્યાયનું વિશેષપણું ત્યારે કહેવાય છે, જ્યારે વિશેષ પર્યાયમાં દરેક સમયે જુદા-જુદા જ્ઞેયો જ્ઞાનમાં જણાય અને તે જ્ઞેયોના ભેદના કારણે પોતાને ભેદરૂપ જાણે. **જ્યારે દ્રષ્ટિ જ્ઞાન સ્વભાવ ઉપર પડે છે, ત્યારે પ્રતિસમય એકમાત્ર જ્ઞાન જ જણાય છે. એકરૂપ સામાન્ય જ્ઞાનની અનુભૂતિથી વિશેષ જ્ઞાન પણ સામાન્ય જ્ઞાન થઈ જાય છે, એમ કહેવાય છે.**

વર્તમાનમાં અજ્ઞાનીની દ્રષ્ટિ પરજ્ઞેય પર હોવાથી તેને જ્ઞેયના કારણે જ્ઞાનમાં ભેદ દેખાય છે, પોતાનામાં ભેદ દેખાય છે. ઉપયોગનું નિજસ્વભાવમાં ન રહીને પરદ્રવ્યમાં જવું, પરદ્રવ્યના ભેદના કારણે સ્વયંને ભેદરૂપ જાણવો તે જ અજ્ઞાન છે.

જ્ઞાન પર્યાય રૂચિપૂર્વક કોઈપણ જ્ઞેયને જાણવા જતી નથી. શ્રદ્ધા

ગુણની પર્યાય જેમાં સુખ માને છે અને ચારિત્ર ગુણની પર્યાય કે જે પરિણતિ છે, તે જ્યાં ઢળે છે, જ્ઞાન પર્યાય પણ તે જ્ઞેયને જાણે છે. એ જ કારણ છે કે આત્મજ્ઞાન પ્રગટ ન થવામાં જ્ઞાનાવરણી કર્મને નહીં, પરંતુ દર્શનમોહનીય કર્મને નિમિત્ત કારણ કહ્યું છે.

જ્ઞાન તથા જ્ઞાયકનું સ્વરૂપ જાણવા છતાં પણ જીવ અજ્ઞાની રહી જાય છે, કારણ કે પરપદાર્થમાંથી સુખબુદ્ધિ છૂટ્યા વિના ઉપયોગ પરથી હટી જ્ઞાયકમાં સ્થિર થતો જ નથી. જીવને પોતાના ક્ષયોપશમજ્ઞાનની જગતમાં થતી પ્રશંસા કોઈ પરદ્રવ્યની પ્રસંશા લાગે, ત્યારે જ તે જ્ઞેયથી ભિન્ન જ્ઞાયકનો આશ્રય લઈ શકે છે. **ક્ષયોપશમજ્ઞાન તો ભાવેન્દ્રિય છે. ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય તથા ભાવેન્દ્રિયના વિષયોને જ્ઞેયની શ્રેણીમાં રાખ્યા છે, તે ક્ષણિક છે અને જ્ઞાયકનું સ્વરૂપ આ સમસ્ત જ્ઞેયોથી ભિન્ન નિત્ય છે.**

અજ્ઞાની માને છે કે જો ઉપયોગ શરીરમાં તન્મય થશે તો જ શરીરની ક્રિયા થશે, ઉપયોગ ઘરમાં તન્મય થશે તો જ ઘર ચાલશે, ઉપયોગ વ્યાપારાદિકમાં તન્મય થશે તો જ વ્યાપારાદિક કાર્ય થશે. આ જ માન્યતાના કારણે અજ્ઞાનીનો ઉપયોગ પરથી હટતો જ નથી. જ્યારે જીવને એ દ્રઢ શ્રદ્ધાન થાય છે કે ઉપરોક્ત બધા કાર્ય નિશ્ચયથી પોતપોતાની યોગ્યતાનુસાર અને વ્યવહારથી પુણ્ય-પાપના ઉદયાનુસાર થાય છે. તે કાર્ય માટે ઉપયોગનું તે કાર્યમાં જવું વ્યર્થ છે, આ પ્રમાણે માનવાથી જીવનો ઉપયોગ સહેજે પોતાના સ્વભાવ તરફ ઢળશે. **જેમ – પાણી જ્યાં ઢાળ હોય છે, ત્યાં જ ઢળે છે, તેવી જ રીતે ઉપયોગ પણ જ્યાં રૂચિ તથા સુખબુદ્ધિ હોય છે, ત્યાં જ ઢળે છે.** આ જ કારણે પરદ્રવ્યમાં કર્તૃત્વબુદ્ધિ છૂટતા જ ઉપયોગનું પરદ્રવ્યમાં જવું પણ રોકાવા લાગે છે.

કોઈ વ્યક્તિ રસોઈ બનાવતી વખતે ભોજનમાં મીઠુ નાખવાનું ભૂલી જાય, તો અજ્ઞાનીને તો એમ જ લાગે છે કે મારું ધ્યાન ન રહ્યું, તેથી ભોજનમાં મીઠું ન નખાયું. પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે મીઠાની તે સમયની યોગ્યતા જ ન હતી કે તે ભોજનમાં પડે અને નિમિત્તની દ્રષ્ટિએ જોઈએ તો રસોઈ બનાવનાર વ્યક્તિની સાથે-સાથે ભોજન કરનારા લોકોનો કર્મનો ઉદય પણ એવો જ હતો



કે તેમના ભોજનમાં મીઠુ ન હોય. તાત્પર્ય એ છે કે આપણે કોઈપણ ઘટનાના કર્તાપણાનો બોજ પોતાના માથા ઉપર ઉઠાવી લેવો જોઈએ નહીં.

જ્ઞાની બહારમાં અનેક કાર્ય કરતા દેખાતા હોય છે, પરંતુ અંતરંગમાં તો એકમાત્ર જ્ઞાનનું કાર્ય જ ચાલતું હોય છે. જ્ઞાની માત્ર જાણે છે. જ્ઞાનીનું જાણવું સહજ થાય છે, કારણ કે સહજ જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મામાં એકત્વ સ્થપાયેલું છે. તેથી તેઓ જગતના વિષયોને જાણતી વખતે પણ પોતાના જ્ઞાનસ્વભાવને જ જાણે છે. એક કાર્ય છોડીને બીજાું કાર્ય કરવાની ઈચ્છા હોય તો આકુળતા અવશ્ય થાય છે. **જ્ઞાની તો પોતાનું જાણવારૂપ કાર્ય છોડીને બીજાું કોઈ કાર્ય કરતા જ નથી. તેઓ જાણે અને માને છે કે હું ભગવાન આત્મા જાણવા સિવાય કંઈપણ કરી શકતો નથી. માત્ર આજ પુરતું જ નહીં, અનાદિકાળથી અનંતકાળ સુધી હું માત્ર જાણવાવાળો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી જ્ઞાયક જ છું, એવી અટલ, અચળ અને અમલ શ્રદ્ધાનું નામ છે સમ્યગ્દર્શન.**

**જ્ઞાની પોતાને જ્ઞાતા-દ્રષ્ટા માને છે. તેથી જ્ઞાનીને સુખ પ્રગટે છે.** ભૂતકાળમાં અજ્ઞાનદશામાં જ્ઞાની એવું માનતા હતા કે પરનો કર્તા હું જ છું, હું ન હોત તો આ કાર્ય કોણ કરત? એવી કર્તૃત્વબુદ્ધિના ભારવહનથી જે દુઃખ થતું હતું, જ્ઞાનદશા પ્રગટ થતાં ભારવહનથી મુક્ત થવાથી સહેજે સુખનો પણ અનુભવ થાય છે.

અનંત કેવળજ્ઞાની અનંતાનંત પર્યાયમાં જે જ્ઞાન સ્વભાવી શુદ્ધાત્મામાં સ્થિર થવારૂપ કાર્ય કરે છે, તે કાર્ય અજ્ઞાની એક સમય માટે પણ કરે તો સમ્યગ્દર્શનરૂપી અપૂર્વ ધર્મ પ્રગટ થાય છે. જે જીવને એક સમય માટે પણ આત્માનુભૂતિ થાય છે, તેને નિશ્ચિતરૂપે અનંતકાળ માટે આત્માનુભૂતિ થશે, થશે અને થશે.

શાસ્ત્રોમાં જ્યાં પણ જ્ઞાતા રહેવાનો ઉપદેશ આપ્યો છે, ત્યાં એવો આશય ન સમજવો જોઈએ કે વર્તમાનમાં તમે કર્તા છો અને આજથી જ્ઞાતા રહો. વાત એમ છે કે નિગોદથી લઈને સિદ્ધ સુધી બધા જીવ અનાદિ-અનંત જ્ઞાતા જ છે, બસ પોતાને જ્ઞાતા માનવાથી પર્યાયમાં પણ જ્ઞાતા થઈ જાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે પોતાને જ્ઞાતા માનનારા જ્ઞાની જ જ્ઞાતા રહે છે. પોતાના

શરીરના નામમાં જેવું તન્મયપણું છે એવું જ એકત્વ આત્મામાં હોવું જોઈએ. આત્માને માત્ર જાણવાનો નથી, પરંતુ એમ જાણવાનો છે કે હું જ જ્ઞાયક છું.

કેવળજ્ઞાની તો લોકાલોકને જાણે છે, પરંતુ તે રૂપે જાણવાને આશ્રય લીધો એમ કહ્યું નથી. કારણ કે ભગવાનને લોકાલોકમાં એકત્વ નથી, ભગવાનને તો નિજ ભગવાન આત્મામાં જ એકત્વ છે.

જેવીરીતે ઘઉંના જે દાણા એ ચક્કીની મધ્યમાં સ્થિત ખીલાનો આશ્રય લીધો છે, તે દાણો ભરડાતો કે દળાતો નથી. તેવીરીતે એકમાત્ર જ્ઞાયકનો આશ્રય લેવાવાળો જીવ પણ રાગ-દ્વેષરૂપી સંસારચક્રમાં ભરડાતો નથી, દુઃખી થતો નથી. જે જ્ઞાયકનો આશ્રય લીધો, તે જ્ઞાયક નિત્ય સત્તા સ્વરૂપ હોવાથી જ્ઞાયકનો આશ્રય પણ નિત્ય ટકીને જ રહેશે.

**આશ્રય લેવાવાળી પર્યાય ક્ષણિક છે, હું આશ્રય લેવાવાળું તત્વ નથી પરંતુ જેનો આશ્રય લેવાય છે, તે ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક હું છું. દ્રવ્યના પક્ષથી પુરુષાર્થ પ્રારંભ થશે, ત્યારે જ પર્યાયનું સમ્યક પરિણમન થશે.** દ્રવ્યમાંથી ઉત્પન્ન થવાવાળી પર્યાય સ્વદ્રવ્યને છોડીને પરદ્રવ્યનો આશ્રય લે છે ત્યારે દુઃખી થાય છે. જ્યારે પર્યાય સ્વદ્રવ્યનો આશ્રય લે છે ત્યારે સુખી થાય છે. પર્યાય સુખી થાય છે, પરંતુ હું તો ત્રિકાળ સુખી છું. જ્યારે પર્યાય પોતાને સુખ સ્વરૂપ માને છે, ત્યારે તે પર્યાય સહેજે સુખી થઈ જાય છે.

પદાર્થનો ભાવ બે પ્રકારથી જાણી શકાય છે. પહેલું, જે પદાર્થનો ભૂતકાળમાં અનુભવ કર્યો હોય, તે પદાર્થના સ્મરણરૂપે થવાવાળું તે પદાર્થનું જ્ઞાન અને બીજું, જે પદાર્થનો ભૂતકાળમાં અનુભવ ન કર્યો હોય, તે પદાર્થના અનુમાનથી થવાવાળું તે પદાર્થનું જ્ઞાન. જેમકે, લીંબુ, ગોળ, મરચું વગેરે શબ્દો સાંભળતા જ તે પદાર્થોનું જ્ઞાન થાય છે. **અનુભવેલા આ પદાર્થોનું જ્ઞાન એટલું અઘરું નથી લાગતું. આત્મા શબ્દ સાંભળતાં જ આત્માનું જ્ઞાન દરેક જીવને નથી થતું. જ્ઞાનીના ઉપદેશને સાંભળતી વખતે જ્ઞાનીના મુખેથી નીકળતા શબ્દોની સાથે જ, તે શબ્દોના ભાવ સહિત અર્થ ગ્રહણ કરવાથી જ ભાવભાસન થાય છે.**

પાણી શબ્દ સાંભળતા જ, પાણી શબ્દ ઉપર ધ્યાન ન જાય અને



પાણી નામની વસ્તુ પર ધ્યાન જાય ત્યારે જ પાણીનો ભાવ સમજાય છે. એ જ પ્રમાણે જ્યારે જ્ઞાની કહે કે વર્તમાનમાં જે પણ જ્ઞેય, જ્ઞાનમાં જણાય છે, આત્મા તે જ્ઞેયોનો જ્ઞાતા છે. એ સાંભળતી વખતે તે શબ્દોને પ્રધાનતા ન આપીને આત્મા પર દ્રષ્ટિ જવી જોઈએ, જેના જ્ઞાનમાં જ્ઞેયો જણાય છે.

પાણી ત્રણ પ્રકારનું હોય છે. પહેલું, પાણી નામનો શબ્દ. બીજું, પાણી નામની સત્તા સ્વરૂપ વસ્તુ. ત્રીજું, પાણીને જાણવારૂપે પરિણમિત જ્ઞાન. શબ્દનયથી પાણી નામના શબ્દને પાણી કહે છે. અર્થનયથી પાણી નામની સત્તા સ્વરૂપ વસ્તુને પાણી કહે છે. જ્ઞાનનયથી પાણીને જાણવારૂપ પરિણમિત જ્ઞાનને પાણી કહે છે.

જો જ્ઞાન પાણીને જાણશે, તો જ્ઞાન, પાણીને જાણવારૂપ પરિણમિત થશે, તે જ રીતે જ્ઞાન આત્માને જાણશે તો જ્ઞાન આત્માને જાણવારૂપે પરિણમિત થશે. જેમ આત્મા નામનો શબ્દ દ્રષ્ટિનો વિષય નથી, તેમ આત્માને જાણવારૂપે પરિણમિત થનારૂં જ્ઞાન પણ દ્રષ્ટિનો વિષય નથી. સત્તા સ્વરૂપ આત્મા જ દ્રષ્ટિનો વિષય છે, એકત્વ કરવા યોગ્ય છે.

અહીં એક પ્રશ્ન થઈ શકે છે કે આત્મા તો અરૂપી છે, તે મારા જ્ઞાનમાં જાણવામાં કેવી રીતે આવી શકે? જ્ઞાની કહે છે કે એવો પ્રશ્ન એ જીવોને થાય છે જેમની માન્યતામાં ઈન્દ્રિયજ્ઞાન જ જ્ઞાન છે. જ્યાંસુધી જીવ એમ માને છે કે ઈન્દ્રિયથી જ જ્ઞાન થઈ શકે છે, ત્યાંસુધી તે જીવને આત્માનું જ્ઞાન થવું અસંભવ છે. વર્તમાનમાં પણ કોઈપણ જીવને ઈન્દ્રિયથી જ્ઞાન થતું નથી, જ્ઞાનથી જ જ્ઞાન થાય છે. આમ, પુદ્ગલને જાણવારૂપે થતું જ્ઞાનનું પરિણમન અને આત્માને જાણવારૂપે થતું જ્ઞાનનું પરિણમન, બન્નેય પરિણમન ઈન્દ્રિય તેમજ જ્ઞેય નિરપેક્ષ છે. **જ્ઞાન જ જ્ઞાનરૂપે પરિણમિત થાય છે. ઈન્દ્રિય તેમજ જ્ઞેય, જ્ઞાનરૂપે પરિણમિત થતાં નથી, તેથી ઈન્દ્રિય અને જ્ઞેયથી જ્ઞાનનું જાણવારૂપ કાર્ય થતું નથી.**

જ્ઞાનસ્વભાવની એવી સ્વતંત્રતા છે કે પુદ્ગલને જાણવા માટે પણ જ્ઞાનને ઈન્દ્રિયાધીન થવું પડતું નથી, તો પછી આત્માને જાણવા માટે જ્ઞાનને ઈન્દ્રિયાધીન થવાની શું જરૂર છે? **આત્મજ્ઞાન થવામાં ઈન્દ્રિયોની જરૂર નથી,**

**તે જાણીને દુઃખી કે ભયભીત થવાનું નથી. ત્યાં એમ વિચાર કરવો જોઈએ કે મને એ જાણીને ખુશી થઈ કે આત્માનુભૂતિ માટે મારે ઈન્દ્રિયોની ગુલામી કરવાની જરૂર નથી.**

આત્માની અનુભૂતિ થયા બાદ પુદ્‌ગલને જાણવા માટે પણ ઈન્દ્રિયોની જરૂર પડતી નથી. ઉક્ત કથનનો આશય એવો નથી કે આત્મજ્ઞાન થયા બાદ તાત્કાલિક કેવળજ્ઞાન થઈ જાય છે, તેથી પુદ્‌ગલોને જાણવા માટે ઈન્દ્રિયોની જરૂર નથી. વાત એમ છે કે **આત્મજ્ઞાન થયા પછી જ્ઞાનીને એવી દ્રઢ પ્રતીતિ હોય છે કે જ્ઞાન, જ્ઞાનથી જ થાય છે, ઈન્દ્રિયોથી નહીં. એ પ્રતીતિના બળે જ્ઞાની પોતાને સ્વતંત્ર તથા સ્વાધીન માને છે.**

પાણીને જાણવાના કાળે આંખ જાણવારૂપે પરિણમિત થતી નથી, તેથી પાણીને જાણવાનો કર્તા આંખ નથી. ત્યાં આંખ તો નિમિત્ત માત્ર છે, એવું પણ દ્રષ્ટિમાં ત્યારે જ આવે છે જ્યારે દ્રષ્ટિ નિમિત્ત ઉપર જાય છે. નિમિત્તથી દ્રષ્ટિ હટતા આ પાણી છે, એવા જાણવારૂપ પરિણમનને દૃષ્ટિમાં લેવાથી પાણી પણ દ્રષ્ટિમાં આવતું નથી, ત્યારે તો એકમાત્ર જ્ઞાનનું જ પરિણમન જ્ઞાનમાં જાણવામાં આવે છે.

જેવીરીતે કોઈના ઘેર જમવા જઈએ છીએ, ત્યાં ચાંદીની થાળીમાં સોનાની ચમચીથી જમવા છતાં પણ એ પ્રતીતિ રહે છે કે સ્વાદિષ્ટ હલવો જ મારા પેટમાં જવાનો છે, થાળી અને ચમચી નહિ, કારણ કે તે સાધન માત્ર છે. તેવીરીતે જ્ઞાનીને પ્રતીતિ હોય છે કે પાણીને જાણવાના કાળે નિમિત્ત થનારી આંખ જાણવારૂપે પરિણમિત થવાની નથી, કારણ કે આંખ તો સાધન માત્ર છે.

**જેવીરીતે ઈન્દ્રિયોનો જ્ઞાનમાં પ્રવેશ થવો અસંભવ છે, તેવીરીતે જ્ઞેયોનો જ્ઞાનમાં પ્રવેશ થવો પણ અસંભવ છે. ભેદજ્ઞાનના અભ્યાસના બળ વડે જ્ઞાની ઈન્દ્રિયના સંયોગમાં રહીને પણ ઈન્દ્રિયાતીત છે.**

જ્ઞાની પરજ્ઞેયોથી નિરપેક્ષ હોય છે, આ કથનનો આશય એ છે કે જ્ઞાનીને એવી અપેક્ષા હોતી નથી કે હું આ જ્ઞેયને જ જાણું અથવા હું આ જ્ઞેયને ન જ જાણું. કારણ કે કોઈ જ્ઞેય વિશેષને જાણવાનો ભાવ રાગ છે અને



કોઈ જ્ઞેય વિશેષને ન જાણવાનો ભાવ દ્વેષ છે. બન્ને પ્રકારની ઈચ્છા આત્માના વિભાવ છે. આત્માનો સ્વભાવ તો જાણવું માત્ર છે. જ્ઞાનીને તો દરેક સમયે જ્ઞાન જ જણાય છે, તેથી જ્ઞાની નિરંતર જ્ઞાનને જ જાણે છે.

જો જીવ વિકલ્પોને અશુદ્ધ જાણે, હેય જાણે તો સહેજે તે વિકલ્પનો કર્તા નહીં બને. જ્ઞાની માને છે કે વિકલ્પને કરવાવાળો પણ હું નથી અને વિકલ્પને દૂર કરવાવાળો પણ હું નથી. વિકલ્પ તો કર્મોદયના કારણે થાય છે, હું ભગવાન આત્મા માત્ર જ્ઞાતા-દ્રષ્ટા જ છું.

અજ્ઞાનીને કોઈક વિકલ્પ તો છોડવા જેવા લાગે છે, કોઈક વિકલ્પ કરવા જેવા લાગે છે. અજ્ઞાનીને ભગવાનની ભક્તિ વગેરે વિકલ્પ પછી છોડવા જેવા લાગે છે, પરંતુ હમણાં તો કરવા જેવા લાગે છે. અજ્ઞાની વિકલ્પોમાં ભેદ જાણીને કોઈક વિકલ્પને હેય અને કોઈક વિકલ્પને ઉપાદેય માને છે. સત્ય તો એ છે કે તેને શુભ વિકલ્પોથી પણ વધારે અશુભ વિકલ્પોની રૂચિ છે. જ્ઞાની બધા જ વિકલ્પોને હેય માને છે અને સ્વયંને એ વિકલ્પોથી ત્રિકાળ ભિન્ન જ્ઞાયક માને છે.

અજ્ઞાનીને ઉત્પન્ન થવાવાળા સમસ્ત વિકલ્પ રૂચિકર લાગે છે, પરંતુ ખાસ વાત તો એ છે કે અજ્ઞાનીને ઉત્પન્ન થવાવાળા દરેક વિકલ્પ તેની પકડમાં આવતા નથી. જો કે અજ્ઞાનદશામાં નિરંતર વિકલ્પોની તરંગો ઉછળતી જ રહે છે. તેને જે વિકલ્પોની રૂચિ હોય છે, તે જ વિકલ્પો પકડમાં આવે છે અને જે વિકલ્પોની રૂચિ હોતી નથી, તે વિકલ્પ પકડમાં આવતા નથી. **જ્યારે જીવને સમસ્ત વિકલ્પોની રૂચિ છુટી જાય છે, ત્યારે વિકલ્પ તરફ ઉપયોગ જતો પણ નથી. એકમાત્ર જ્ઞાયકની રૂચિ જાગૃત થવાથી સમસ્ત વિકલ્પોની રૂચિ ટળી જાય છે.**

જ્યારે બીજાની નિંદા ન કરવાનો અને સ્વાધ્યાય કરવાનો વિકલ્પ થાય છે, ત્યારે અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે આ કાર્ય બહુ સારું થયું. સારું થયું કે આટલા સમય માટે સ્વાધ્યાય કર્યો અને કોઈની નિંદા ન કરી. જ્ઞાની કહે છે કે અશુભથી બચીને શુભમાં લાગવું સારું છે, પરંતુ કોઈપણ વિકલ્પમાં તન્મય ન થવું, મારું પ્રથમ કર્તવ્ય છે. **જ્ઞાન તથા ધ્યાનમાં લીન જ્ઞાની-ધ્યાની**

**વિકલ્પમાં તન્મય થતાં નથી. વિકલ્પનું લક્ષણ જ દુઃખ છે. વિકલ્પ સાક્ષાત દુઃખસ્વરૂપ હોવા છતાં પણ અજ્ઞાની વિકલ્પમાં સુખની કલ્પના કરીને મિથ્યાત્વ નામના ઘોર પાપનું પોષણ કરે છે.**

અશુભ વિકલ્પના ફળ તો પાપ પ્રાપ્ત થાય છે, સાથે જ શુભ વિકલ્પના ફળમાં પણ પાપ મળે છે. જેમકે – કોઈ વ્યક્તિને ભગવાનની ભક્તિ કરવાનો શુભ વિકલ્પ આવ્યો અને શુભ વિકલ્પના નિમિત્તથી તેને પુણ્યનો બંધ થયો. પુણ્યના ઉદયથી ધન-સંપત્તિ વગેરે સંયોગ પણ મળ્યા. પાંચ પ્રકારના પાપમાં ધન વગેરે પરિગ્રહને પાપ કહ્યું છે કે નહીં? **ધર્મના ફળમાં મોક્ષ મળે છે, ધન નામનું પરિગ્રહરૂપી પાપ નહીં.** શુભ વિકલ્પથી બંધાયેલા કર્મોદયમાં પણ પાપનો યોગ થાય છે. ધન-સંપત્તિ વગેરે પરિગ્રહ તો સાક્ષાત પાપ છે, પછી ભલે તે કાળું ધન હોય અથવા ગોરું ધન હોય. બે નંબરનું ધન તો બે નંબરનું છે જ, સાથે-સાથે એક નંબરનું ધન પણ બે નંબરનું જ છે. કારણ કે ધન પુદ્‌ગલ છે, છ દ્રવ્યમાં પુદ્‌ગલ બીજા નંબર પર છે. **એક નંબર પર તો જીવ જ છે. ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા જ છે. તેથી શુભમાં પણ ન અટકવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.**

અહિંસાનો ઉપાસક અપરિગ્રહી હોવો જોઈએ એમ નહીં, પણ અહિંસાનો ઉપાસક અપરિગ્રહી જ હોય છે. અહિંસા અને અપરિગ્રહ એક જ સિક્કાની બે બાજુ છે. પરિગ્રહ એકઠો કરવામાં હિંસાદિ પાપ ગર્ભિત હોવાથી જ પરિગ્રહને નરકાયુ બંધનું કારણ કહ્યું છે.

નિજ આત્મા અનંત વૈભવથી પરિપૂર્ણ છે, એવી અનુભૂતિના અભાવના લીધે અજ્ઞાની બાહ્ય ભૌતિક પદાર્થોને પ્રધાનતા આપે છે. પરિગ્રહ ગ્રહણ કરવામાં સુખબુદ્ધિનો અર્થ છે પોતાના સ્વભાવની પરિપૂર્ણતાનો અસ્વીકાર. પોતાના પરિપૂર્ણ સ્વભાવથી અસંતુષ્ટ જીવ જ પરિગ્રહથી પોતાને પરિપૂર્ણ કરવા ઈચ્છે છે. જે જીવ પોતાને ખાલી માને છે, તે જ જીવ પોતાને ભરવા ઈચ્છે છે. **જ્ઞાનીજનોને પોતાના પરિપૂર્ણ સ્વભાવનો અનુભવ હોવાથી તેઓ પરિગ્રહના ગ્રહણ કે ત્યાગમાં ક્યારેય પણ સુખ માનતા નથી.**

દરેક જીવે પરની સ્મૃતિમાં સ્વની વિસ્મૃતિ ન થાય, તેનું દરેક પળે



ધ્યાન રાખવું જોઈએ. જેમ, ઘરમાં ઝેર રાખ્યું હોય, તો તેના ઉપર 'ઝેર' એમ લખીને રાખીએ છીએ. એનું મૂળ કારણ પણ જાગૃતિ રહે એ જ છે કે ક્યારેક તેનું ભૂલથી પણ સેવન ન થઈ જાય. એ જ રીતે ઘરમાં રાખેલા ધન ઉપર, ભોજન ઉપર, સોના-ચાંદી, હીરા વગેરે ઉપર, વાસણ, કપડાં, ટેલિવિઝન વગેરે પદાર્થો ઉપર પણ પાપ લખીને રાખવું જોઈએ. માત્ર ઘરમાં રાખેલા પદાર્થો ઉપર જ નહીં, ઘર ઉપર પણ પાપ લખી દેવું જોઈએ, કારણ કે ઘરમાં રાખેલી ચીજવસ્તુઓની જેમ ઘર પણ તો પરિગ્રહ છે, પાપ જ છે. જે વ્યક્તિ એમ કહે છે કે મારી પાસે પાપના પૈસા છે જ નહીં, તેણે એ વાતને જાણી લેવી જોઈએ કે **પૈસા પાપના નથી હોતા, પૈસા તો સ્વયં પાપ જ છે.** પરિગ્રહ ઉપર પાપ લખવાનો અર્થ પેન અથવા પેન્સિલથી લખવું ન સમજવું જોઈએ, પરંતુ પોતાની દૃષ્ટિમાં પરિગ્રહને પાપ જાણવો, માનવો અને તેના વિકલ્પોથી મુક્ત થઈને એક જ્ઞાયકભાવનો આશ્રય લેવો જોઈએ.

કોઈ એમ કહે કે નિર્ધન વ્યક્તિથી ધનવાન વ્યક્તિ વધું દુઃખી છે કારણ કે નિર્ધન વ્યક્તિ આશાના બળ પર જીવિત છે કે કાલે તેની પાસે ધન આવશે અને તે સુખી થશે. જ્યારે બીજી તરફ નિર્ધનથી ધનવાન થવા છતાં પણ ધનવાન વ્યક્તિને વધું ધન મેળવીને પણ સુખ ન મળ્યું. ધનવાન વ્યક્તિને તો આશા પણ ન રહી કે જેના બળ પર ભવિષ્યમાં મળનારા સુખની કલ્પના પણ કરી શકે. સત્ય તો એ છે કે નિર્ધન હોય કે ધનવાન હોય, વિકલ્પના કારણે બંને વ્યક્તિ દુઃખી જ છે. નિર્ધન વ્યક્તિ આશાના વિકલ્પના કારણે અને ધનવાન વ્યક્તિ આશા પૂર્તિ ન થવાના વિકલ્પના કારણે દુઃખી છે. બંને પ્રકારના વ્યક્તિની દ્રષ્ટિ પરપદાર્થ હોવાથી બંને અશાંતિનો અનુભવ કરે છે. **ત્રિકાળી જ્ઞાયકની નિર્વિકલ્પ આત્માનુભૂતિ જ સુખી થવાને એકમાત્ર ઉપાય છે.**

અજ્ઞાનતા તથા નિમિત્તાધીન દ્રષ્ટિના કારણે અજ્ઞાની એમ માને છે કે પૈસા વિના જીવન નથી ચાલતું. જેની માન્યતામાં પૈસા જ જીવન છે, તેમણે એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે શું પૈસા નામના પરિગ્રહરૂપી પાપથી જીવન છે? શું આત્મા પાપથી જીવિત છે? નહીં, પાપના ફળમાં તો જન્મ-મરણને પ્રાપ્ત થાય છે, જીવનને નહીં. **પ્રત્યેક જીવ પોતાની જીવત્વ શક્તિના કારણે જ જીવિત છે.**

# ૫. રાગનું જ્ઞાન અને જ્ઞાનનો રાગ

જ્ઞાન સુખરૂપ જ છે, પછી ભલે રાગનું જ્ઞાન પણ કેમ ન હોય? અને રાગ દુઃખરૂપ જ છે, પછી ભલે જ્ઞાનનો રાગ પણ કેમ ન હોય? રાગ તો ઝેર જ છે, પછી રાગી પ્રત્યે રાગ હોય કે વીતરાગી પ્રત્યે રાગ હોય. અશુભ રાગ હોય કે શુભરાગ, તીવ્ર રાગ હોય કે મંદ રાગ.

લોકાલોકને જાણવાનો રાગ કરવાથી લોકાલોક જાણવામાં આવતું નથી, કારણ કે પૂર્ણ વીતરાગી પરમાત્માને જ કેવળજ્ઞાન થાય છે. એટલે કે રાગના કારણે જ્ઞાન થતું નથી. કાલે શું થશે? આવું જાણવાનો રાગ કરવાથી કાલનું જ્ઞાન થઈ જતું નથી.

જ્યારે જીવ અનંતાનુબંધી રાગ-દ્વેષથી મુક્ત થાય છે, ત્યારે જ મતિ-શ્રુત-અવધિજ્ઞાન પ્રગટ થઈ શકે છે. મિથ્યાદ્રષ્ટી જીવના મતિ-શ્રુત-અવધિજ્ઞાનને અનુક્રમે કુમતિ-કુશ્રુત-કુઅવધિજ્ઞાન કહે છે. જ્યારે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી રાગ-દ્વેષથી મુક્ત થાય છે, ત્યારે જ તેને મનઃપર્યયજ્ઞાન પ્રગટ થઈ શકે છે. જ્યારે જીવ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી તથા સંજ્વલન આ સમસ્ત પ્રકારના કષાય તથા નોકષાયથી મુક્ત થઈને પૂર્ણ વીતરાગી થાય છે, ત્યારે જ કેવળજ્ઞાન અર્થાત્ પૂર્ણજ્ઞાન પ્રગટ થાય છે. તેથી યાદ રહે કે રાગ-દ્વેષના કારણે જ્ઞાનમાં વૃદ્ધિ માનવી તે મિથ્યાત્વ છે.

**જેવીરીતે રાગ કરવાથી જ્ઞાન થતું નથી, તેવીરીતે જ્ઞાન કરવાથી રાગ થતો નથી.** જો કોઈ પદાર્થના જ્ઞાનથી રાગ થતો હોય તો સર્વજ્ઞ ભગવાન લોકાલોકને જાણે છે, પરંતુ સર્વજ્ઞ ભગવાનને તો રાગનો અંશ પણ ઉત્પન્ન થતો નથી. અલ્પજ્ઞાનના કારણે અલ્પરાગ તથા અલ્પદુઃખ થતું હોય તો નિગોદના જીવોને અલ્પજ્ઞાન હોવાથી તેને રાગ તથા દુઃખ પણ અલ્પ કહેવા જોઈએ. પરંતુ સત્ય તો એ છે કે સંસારમાં નિગોદના જીવ જ સર્વાધિક દુઃખી છે.



સાર એ છે કે રાગ અને જ્ઞાન બન્ને જ પોત-પોતાની યોગ્યતાનુસાર જ થાય છે. ન તો જ્ઞાનનો કર્તા રાગ છે અને ન તો રાગનો કર્તા જ્ઞાન.

કેટલાક લોકો વિકારથી મુક્ત થવાની સાધનાની વિધિ બતાવતા એમ કહે છે કે જેવો વિકાર ઉત્પન્ન થાય, કે તે વિકારને દબાવો નહીં, તરત જ બહાર નીકાળી દો. કારણ કે જો વિકારને દબાવશો તો એકવાર તે ભયાનક સ્વરૂપ લઈને ફરી પાછો ઉત્પન્ન થશે. કેટલાક લોકો કહે છે કે વિકારને બહાર નીકાળો નહીં. જો વિકાર અંદર જ રહેશે, તો કાળાંતરે સહેજે શાંત થઈ જશે.

**જ્ઞાની કહે છે કે રાગ તો આગ છે, રાગની આગને બહાર પણ ન કાઢો અને અંદર પણ ન દબાવો. જેણે રાગની આગને બહાર નીકાળી દીધી, તે બીજાને બાળશે અને જેને રાગની આગને અંદર જ દબાવી દીધી, તે પોતાને બાળશે. જ્ઞાની તો રાગની આગને જાણી રાગથી દ્રષ્ટિ હટાવી જ્ઞાન સ્વભાવમાં સ્થિર થાય છે. જ્ઞાનધારાની વર્ષાથી રાગની આગ હંમેશા માટે સહેજે વિલીન થાય છે.**

જ્ઞાની તો ત્યાં સુધી કહે છે કે જે ઘરમાં તમે રહો છો, જે તમે ધન ખર્ચ કરીને ખરીદ્યું છે, તે ઘરમાં પણ આગ લાગે તો ઘર છોડીને બહાર નીકળી જવામાં જ સમજદારી છે. તેવી જ રીતે ઘરસંસારમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોની આગનું જ્ઞાન થતાં જ સંયોગીભાવ તેમજ સંયોગથી દ્રષ્ટિ હટાવી નિજ આત્માના ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક સ્વરૂપમાં સ્થિર થવામાં જ આત્માની સમજદારી છે.

જ્ઞાન, આત્માનો સ્વભાવ છે અને રાગ, આત્માનો વિભાવ છે. સ્વભાવના કારણે વિભાવ ઉત્પન્ન થતો હોય, તો બધા જીવોને વિભાવરૂપે પરિણમન થવું જોઈએ. જો એવું હોય તો કોઈપણ જીવની મુક્તિ ન થાય. એ જ પ્રમાણે વિભાવના કારણે સ્વભાવ પ્રગટ થતો હોય, તો બધા જીવોનું સ્વભાવરૂપે પરિણમન થવું જોઈએ. જો એવું હોય તો બધા જીવોને મુક્તિ મળી જાય. તેથી રાગ અને જ્ઞાનને પૃથક જાણીને અને માનીને રાગથી દ્રષ્ટિ હટાવીને જ્ઞાન સ્વભાવ ઉપર દ્રષ્ટિ કરવી જોઈએ. સ્વભાવ ઉપર દ્રષ્ટિ કરવાથી જ સ્વભાવની અનુભૂતિ થશે અને નિશ્ચિતરૂપે મુક્તિરૂપી લક્ષ્મીનું પણ વરણ થશે.

# ૬. જ્ઞેયાકાર જ્ઞાન તથા જ્ઞાનાકાર જ્ઞાનથી જુદું માત્ર જ્ઞાન

**જ્ઞેયનો આકાર જ્ઞેયમાં જ હોય છે, જ્ઞાનમાં નહીં. જ્ઞાનનો આકાર જ્ઞાનના કારણે જ છે, જ્ઞેયના કારણે નહીં.** પરદ્રવ્યનો આકાર જ્ઞાનમાં જણાતો નથી, પરંતુ જ્ઞાનમાં આ જે જાણવામાં આવી રહ્યું છે, તે આકાર મારો જ આકાર છે. હું ભગવાન આત્મા નિરંતર મારો જ અનુભવ કરું છું. પોતાની અનુભૂતિમાં પરનો પ્રવેશ છે જ નહીં. પર તો પરમાં જ રહે છે. પોતાની અનુભૂતિ થતી હોવા છતાં પણ પરજ્ઞેયોમાં સુખબુદ્ધિ હોવાથી અજ્ઞાની પરના સંબંધમાં વિકલ્પ કરીને વ્યર્થમાં જ દુઃખી થાય છે.

વિશેષ જ્ઞાનના આકારના ભેદના કારણે અજ્ઞાની પોતાને ભેદરૂપ માને છે. જેવીરીતે જ્ઞેયાકાર જ્ઞાન પર દ્રષ્ટિ કરવાથી સ્વસંવેદન પ્રત્યક્ષ નિર્વિકલ્પ આત્માનુભૂતિ થતી નથી, તેવીરીતે જ્ઞાનાકાર જ્ઞાન પર પણ દ્રષ્ટિ કરવાથી સ્વસંવેદન પ્રત્યક્ષ નિર્વિકલ્પ આત્માનુભૂતિ થતી નથી. કારણ કે જ્ઞાનાકાર પણ જ્ઞેયાકાર જ્ઞાનની જેમ નિરંતર પરિણમિત થાય છે, તે બંનેય પર્યાય છે. તેથી યાદ રહે કે **એકમાત્ર જ્ઞાનસ્વભાવને જાણવાથી જ સ્વભાવનો અનુભવ થાય છે.**

જ્ઞાનીને જ્ઞેયોના આકારમાં તો રૂચિ નથી, સાથે-સાથે જ્ઞાનના આકારમાં પણ રૂચિ નથી. જ્ઞાનના આકારની રૂચિ પણ ઉપયોગને જ્ઞેયોના આકારને જાણવા તરફ લઈ જાય છે. **જ્ઞાનીની રૂચિ એકમાત્ર જ્ઞાયકભાવમાં જ હોય છે. તેઓ માને છે કે જ્ઞાયકની રૂચિ સુખનું કારણ નથી, પરંતુ જ્ઞાયકભાવ સ્વયં સુખસ્વરૂપ છે.**

જેમ - કોઈ વ્યક્તિએ તરસ્યાને પાણી આપ્યું, તે તરસ્યો માણસ જે પાત્રમાં પાણી મળ્યું તે પાત્રના આકારને તો દ્રષ્ટિમાં નથી લેતો, સાથે-સાથે પાણીના આકાર ઉપર પણ દ્રષ્ટિ કરતો નથી. ત્યાં પાત્રનો આકાર અને પાણીનો આકાર એક જેવો લાગે છે. તેમ છતાં પાત્રનો આકાર, પાત્રના કારણે છે અને



પાણીનો આકાર, પાણીના કારણે છે. જો પાત્રના કારણે પાણીનો આકાર હોય તો તે જ પાત્રમાં પત્થરના ટુકડા રાખતા પત્થરનો આકાર પણ પાત્ર જેવો થઈ જવો જોઈએ, પરંતુ પત્થરનો આકાર પાત્ર જેવો થતો નથી. તેથી સર્વપ્રથમ એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે પાણીનો આકાર પાણીના કારણે છે, પાત્રના કારણે નહીં. તે જ પ્રમાણે જ્ઞેયોના કારણે જ્ઞાનનો આકાર થતો નથી, જ્ઞાનનો આકાર જ્ઞાનના કારણે જ છે.

**જેવી રીતે તરસ્યાએ તો પાણીને જ પોતાનું લક્ષ્ય માન્યું છે, પાણીને જ ઈચ્છ્યું છે.** પાણી મળતા જ્યારે તે પાણીનો અનુભવ કરે છે, ત્યારે તો તે સમસ્ત વિકલ્પોને છોડીને પાણીનો જ અનુભવ કરે છે. જો તે તરસ્યો પાત્ર કે પાણીના આકારને દ્રષ્ટિમાં લેશે, તો પાણીનું લક્ષ્ય છૂટી જશે. એ જ પ્રમાણે જિજ્ઞાસુએ તો જ્ઞાન સ્વભાવને જ પોતાનું લક્ષ્ય માન્યું છે, જ્ઞાન સ્વભાવને જ ઈચ્છ્યો છે. જ્ઞાન સ્વભાવની અનુભૂતિ થતા સમસ્ત વિકલ્પોનો સમૂહ વિલય પામે છે. જો જિજ્ઞાસુ જ્ઞેયાકાર જ્ઞાન કે જ્ઞાનાકાર જ્ઞાન પર દ્રષ્ટિ કરશે, તો જ્ઞાન સ્વભાવ પરથી દ્રષ્ટિ જ છુટી જશે.

જે વ્યક્તિ પાત્રનો આગ્રહ રાખીને એમ કહે કે મને કાંચના પાત્રમાં જ પાણી જોઈએ, ચાંદીના પાત્રમાં જ પાણી જોઈએ કે સોનાના પાત્રમાં પાણી જોઈએ, તે વ્યક્તિને પાણીની તરસી નથી. તરસી વ્યક્તિ ક્યારેય પાત્રને દેખતી નથી. એ જ પ્રમાણે જ્ઞાનાકાર જ્ઞાનની રૂચિવાળો જીવ પણ જ્ઞાન સ્વભાવની રૂચિવાળો નથી, તે નિત્ય સ્વભાવની રૂચિવાળો નથી પરંતુ ક્ષણિકની રૂચિવાળો જ છે.

જ્ઞાનનો આકાર સુખ કે દુઃખનું કારણ થતો નથી. સ્વભાવની અનુભૂતિ થવી સુખનું અને સ્વભાવની અનુભૂતિ ન થવી દુઃખનું કારણ છે. આકાર ક્ષણિક છે, સ્વભાવ નિત્ય છે. ક્ષણિક પર્યાયનું ક્ષણિક આકારમાં સ્થિર થવું વિકલ્પ છે. ક્ષણિક પર્યાયનું નિત્ય સ્વભાવમાં સ્થિર થવું નિર્વિકલ્પ છે, કારણ કે નિત્ય સ્વભાવનો આશ્રય લઈને ક્ષણિક પર્યાય પણ દ્રવ્ય સાથે અભેદ થઈ જાય છે.

**એકવાર સ્વભાવમાં એકત્વ સ્થાપિત થયા બાદ વિભાવને જાણવાના કાળે પણ જ્ઞાની એક માત્ર જ્ઞાનસ્વભાવનો જ અનુભવ કરે છે, તેથી જ્ઞાની નિરંતર સુખનો જ અનુભવ કરે છે. દુઃખને જાણવાના કાળે પણ જ્ઞાન**

**સ્વભાવની અનુભૂતિ થતી હોવાથી જ્ઞાની દુઃખના કાળે પણ સુખી છે. દુઃખમાં એકત્વ નહીં હોવાથી જ્ઞાનીને દુઃખની અનુભૂતિ નહીં, પરંતુ જ્ઞાનસ્વભાવની અનુભૂતિ થાય છે.**

સાધક આત્માને જ્ઞાનસ્વભાવનો તરસ્યો કહેવામાં પણ આશ્ચર્ય થાય છે. લોકમાં કહેવાય છે કે પાણીમાં રહીને પણ માછલી તરસી રહી જાય છે, તો આશ્ચર્ય જ થાય છે. અહીં તો કહે છે કે આત્મા, જ્ઞાનમાં રહેતો નથી. જ્ઞાન, આત્મામાં રહે છે. જ્ઞાન જ આત્મા છે. તેમ છતાં આત્માને જ્ઞાનનો તરસ્યો કહેવો, તેમાં અટપટુ લાગે છે અને ખેદ પણ થાય છે. **છતાંય નિરાશ થવાની જરૂર નથી. જ્ઞાન સ્વભાવનો તરસ્યો પણ પોતાને હીન ન માને, કારણ કે સ્વભાવની રૂચિ થવી એ જ સ્વભાવની અનુભૂતિનું પહેલું પગથિયું છે.**

આત્મારૂપી અમૂલ્ય ચૈતન્ય રત્નની ઉપલબ્ધિ દુર્લભ અવશ્ય છે, પરંતુ અસંભવ નથી. જેમ - કોઈ વ્યક્તિ રસ્તામાં મળેલું રત્ન ઘેર લઈ જાય છે, પછી તેને એકાંતમાં દેખી-દેખીને ભોગવે છે. એ જ પ્રમાણે સાધક જીવ આત્મારૂપી રત્નના સ્વરૂપનું ગુરુના પ્રવચનથી સમુહમાં જ્ઞાન પ્રાપ્ત કરીને એકાંતમાં અનુભૂતિ કરે છે અને સુખ ભોગવે છે. જેવીરીતે રત્નની અનુભૂતિમાં બધા જ વિકલ્પો વિલીન થઈ જાય છે, તેવી જ રીતે આત્માની અનુભૂતિ થતા બધા વિકલ્પોનું પરિભ્રમણ રોકાઈ જાય છે.

શરીરાદિ પરપદાર્થો તો મારું સ્વરૂપ નથી, પરપદાર્થના લક્ષ્યે ઉત્પન્ન થવાવાળા મોહ-રાગ-દ્વેષના વિકારીભાવ પણ મારું સ્વરૂપ નથી. પરપદાર્થોને જાણવાવાળું ખંડ-ખંડરૂપ ક્ષયોપશમજ્ઞાન પણ મારું સ્વરૂપ નથી. ક્ષયોપશમજ્ઞાનનો આકાર તો જ્ઞેયનો જ આકાર છે કારણ કે ક્ષયોપશમજ્ઞાન ભાવેન્દ્રિય છે, અહીં સુધી કે ક્ષયોપશમજ્ઞાનને જાણવાવાળા જ્ઞાનનો પોતાની યોગ્યતાથી થવાવાળો જ્ઞાનનો આકાર પણ મારું સ્વરૂપ નથી કારણ કે તે આકાર પણ એક સમયની પર્યાય છે. **જ્ઞાન સ્વભાવ તથા જ્ઞાન સ્વભાવી એવા ભેદ પણ જેમાં હોતા નથી, તે જ્ઞાયક જ હું છું. એવી નિર્વિકલ્પ પ્રત્યક્ષ સ્વસંવેદરૂપ અનુભૂતિની વિધિ જ જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવાની વિધિ છે.**



# ૭. પર પ્રકાશક તથા સ્વ પ્રકાશકના વિકલ્પથી જુદો આત્મા

જ્યારે-જ્યારે આત્માના જ્ઞાનસ્વભાવ સંબંધી ચર્ચા થાય છે, ત્યારે-ત્યારે એ પ્રશ્ન અવશ્ય ઉપસ્થિત થાય છે કે પરને જાણવાનો, આત્માનો સ્વભાવ છે કે સ્વને જાણવાનો, આત્માનો સ્વભાવ છે કે સ્વ અને પર બન્નેને જાણવાનો આત્માનો સ્વભાવ છે?

જ્ઞાની અત્યંત કરૂણાપૂર્વક સમજાવે છે કે અરે ભાઈ! આત્માનો સ્વભાવ તો જાણવું માત્ર છે. આત્માના જાણપણાને સ્વ અને પરના ભેદમાં વિભાજિત કરવાથી શું આત્માનુભૂતિ થઈ જશે? ના, કદાપિ નહીં. જો જીવ સ્વ પ્રકાશક અને પર પ્રકાશકના ભેદમાં જ અટકી જાય તો તેને આત્માના શુદ્ધ સ્વભાવની અનુભૂતિ થવી સંભવ નથી.

દીપક પરને પ્રકાશિત કરે છે કે સ્વને પ્રકાશિત કરે છે? **દીપકનો સ્વભાવ તો પ્રકાશરૂપે પરિણમિત થઈને પ્રકાશરૂપે રહેવું એ જ છે. તે જ પ્રમાણે આત્માનો સ્વભાવ તો જ્ઞાનરૂપે પરિણમિત થઈને જ્ઞાનરૂપે રહેવું એ જ છે.** સ્વ અને પર જ્ઞેય છે, ભેદરૂપ જ્ઞેયોની રૂચિવાળા જીવોને જ્ઞાનની અનુભૂતિ કેવી રીતે થશે? પરને જાણવામાં તો પર સંબંધી વિકલ્પ છે જ, સાથે-સાથે સ્વને જાણે છે એમ કહેવામાં પણ પરનો વિકલ્પ ઉભો થાય છે. આત્માનો સ્વભાવ તો માત્ર જાણવું છે. **જ્ઞાન સ્વભાવી આત્મામાં એકત્વ થવાનું નામ જ સમ્યગ્દર્શન છે.** જૈન બાળપોથીનો પહેલો પાઠ ભણનારૂં નાનું બાળક પણ એ જાણે છે કે હું જીવ છું, જ્ઞાન મારો ગુણ છે, જાણવું તે મારી પર્યાય છે. ત્યાં જાણવા માત્રને મારું કાર્ય અથવા પર્યાય કહ્યું છે.

જીવ ક્યાં સુધી સ્વ પ્રકાશક અને પર પ્રકાશક સંબંધી ભેદના વિકલ્પમાં ઉલઝતો રહેશે? શું ભેદમાં ઉલઝીને તેમાં જ અટકી જવાથી અથવા વાદ-વિવાદથી આત્માનુભૂતિ થઈ જશે? હા, નિશ્ચયથી સ્વ પ્રકાશક તથા વ્યવહારથી

પર પ્રકાશક એવા ભેદ તો અભેદની જ્ઞાન સ્વભાવની અનુભૂતિ માટે સમજાવ્યા હતા, અનુભૂતિ તો નિશ્ચય અને વ્યવહાર બંનેથી નિરપેક્ષ હોય છે. પ્રાથમિક ભૂમિકામાં સ્વ પ્રકાશક અને પર પ્રકાશક એવા ભેદ બતાવીને એ સિદ્ધ કરવા ઈચ્છે છે કે સ્વને માત્ર જાણવાનું નથી, સ્વને જાણીને તેમાં એકત્વ કરીને તેમાં સ્થિર પણ થવાનું છે, જ્યારે પરને માત્ર જાણવાનું છે.

જો આત્માને સ્વ પ્રકાશક જ માનીએ અને પર પ્રકાશક ન માનીએ, તો કેવળજ્ઞાનની સિદ્ધિ ન થઈ શકે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ, આ પાંચ પ્રકારના જ્ઞાનમાંથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન આ ત્રણ જ્ઞાન જ સ્વને જાણે છે, જ્યારે પાંચેય જ્ઞાન પરને જાણે છે. આ રીતે સ્વ પ્રકાશક કરતાં પર પ્રકાશક જ્ઞાનની સંખ્યા વધુ છે, તેથી પર પ્રકાશક સ્વભાવનો નિષેધ ન કરવો જોઈએ. જો આત્માને પર પ્રકાશક જ માનીએ અને સ્વ પ્રકાશક ન માનીએ, તો આત્મજ્ઞાનની જ સિદ્ધિ નહીં થઈ શકે. આત્મજ્ઞાન થયા વિના કેવળજ્ઞાન થશે કેવી રીતે? અર્થાત્ સ્વ પ્રકાશક સ્વભાવની સિદ્ધિ થયા વિના પર પ્રકાશક સ્વભાવની સિદ્ધિ થશે કેવી રીતે? તેથી સ્વ પ્રકાશક સ્વભાવનો નિષેધ ન કરવો જોઈએ. સાર એ છે કે જાણવાવાળા જ્ઞાનમાં અનેક ભેદ હોઈ શકે છે, પરંતુ જે જ્ઞાન સ્વભાવને જાણવાથી આત્મજ્ઞાન અને કેવળજ્ઞાન સહેજે પ્રગટ થાય છે, તે જ્ઞાન સ્વભાવ અભેદ, અખંડ, ત્રિકાળ, એક જ છે.

જે જીવ સ્વને જાણવાવાળો આત્મા છે અને પરને જાણવાવાળો આત્મા છે, એવા વિકલ્પોમાં જ ઉલઝતો રહેશે અને આ વિષય ઉપર વાદ-વિવાદ પણ કરશે તો કદાચિત પંડિતાઈના કારણે સમાજમાં એક-બે પળ માટે પોતાની પ્રસંશાના મીઠા શબ્દો પણ સાંભળી લેશે, પરંતુ તેનાથે પણ મળશે શું? પોતાની વાહ-વાહ સાંભળીને ખુશ થશે અને માન કષાયની પુષ્ટી કરી કર્મનો બંધ તો કરશે જ કરશે, સાથે-સાથે અમૂલ્ય મનુષ્યભવને વ્યર્થમાં ગુમાવી દેશે.

**દરેક જીવે યાદ રાખવું જોઈએ કે જે ક્ષયોપશમજ્ઞાન જીવે મંદકષાયથી અકષાય સુધી પહોંચવા માટે પ્રાપ્ત કર્યું છે, તે ક્ષયોપશમજ્ઞાન તેના કષાયની તીવ્રતાનું કારણ ન બની જાય. તેથી હે જગતજનો! જગતથી નિરપેક્ષ થઈ સ્વભાવનો આશ્રય લઈ પોતાનામાં સ્થિર થઈ જાઓ, એમાં જ મનુષ્ય ભવની સાર્થકતા છે.**



# ૮. જ્ઞાન અને જ્ઞેયની સ્વતંત્રતાની અદ્ભૂત ચરમસીમા

જ્ઞાન અને જ્ઞેયની સ્વતંત્રતાની ચરમસીમાનો અનુભવ થતાં જીવ નિશ્ચિતરૂપે ઉર્ધ્વલોકની ચરમસીમા પર બિરાજમાન થાય છે. આત્માનુભવી જીવ નિયમથી મુક્ત થાય છે. **જ્ઞાન અને જ્ઞેયની સ્વતંત્રતા સમજવાથી જ જ્ઞાન અને જ્ઞેય સંબધી ભેદરૂપ વિકલ્પ સમાપ્ત થાય છે.** તેથી સાધકે જ્ઞાન અને જ્ઞેયનું સ્વતંત્ર સ્વરૂપ ખૂબ જ ઊંડાણમાં જઈને, ઉપયોગની સૂક્ષ્મતાથી સમજવું જોઈએ.

જ્ઞાન અને જ્ઞેયનું યથાર્થ સ્વરૂપ સમજવા માટે સાધકે સર્વપ્રથમ એ નિર્ણય કરી લેવો જોઈએ કે કેવળી ભગવાને પોતાના જ્ઞાનમાં જે જાણ્યું છે, આ જગતમાં તે થશે કે આ જગતમાં જે થશે તે કેવળી ભગવાને કેવળજ્ઞાનમાં જાણ્યું છે? જો કે કેવળજ્ઞાનમાં લોકાલોકના ત્રિકાળવર્તી જ્ઞેયો જણાય છે, એમ કહેવામાં આવે છે.

**જ્ઞાન અને જ્ઞેયની સ્વતંત્રતાની વસ્તુસ્થિતિ તો એ છે કે કેવળજ્ઞાનની પર્યાય પોતાની તત્સમયની સ્વતંત્ર યોગ્યતાનુસાર પરિણમિત થાય છે. કેવળજ્ઞાનની પર્યાયનું પરિણમન પોતાના કારણે થાય છે અને જગતના જ્ઞેયોનું પરિણમન પોતાના કારણે થાય છે. જ્ઞાનમાં જ્ઞેયોનો પ્રવેશ થતો નથી અને જ્ઞેયોમાં જ્ઞાનનો પ્રવેશ થતો નથી.** આમ હોવા છતાં પણ એમ જ કહેવાય છે કે કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે. એવું **માત્ર કહેવાય છે,** તેથી જ તો કેવળજ્ઞાનને લોકાલોકનું જાણવાવાળું **વ્યવહારથી** કહ્યું છે.

અજ્ઞાની એમ માને છે કે મીઠાને જીભ પર રાખવાથી તેના ખારાપણાનું જ્ઞાન થાય છે, પરંતુ મીઠાનું ખારાપણું તો જ્ઞેય છે, જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞાન અને જ્ઞેયની સ્વતંત્રતાને ન જાણવાથી અજ્ઞાનીને જ્ઞેયના કારણે જ જ્ઞાનનું પરિણમન લાગે છે.

જેમ કે – આત્માની જ્ઞાન પર્યાયના ધારાપ્રવાહરૂપ પરિણમનમાં આજે ચાર વાગ્યે ખારાપણાને જાણવારૂપ પરિણમન અનાદિકાળથી સુનિશ્ચિત હતું. ચાર વાગ્યે જ્ઞાનની પર્યાયનું સ્વતંત્રતાપૂર્વક, પોતાની ક્રમબદ્ધ પર્યાયની તત્સમયની યોગ્યતાનુસાર, ખારાપણાને જાણવારૂપ પરિણમન થાય છે, ત્યારે બહારમાં જીભ પર મીઠાનો સ્પર્શ પણ થાય છે. તેથી અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે જ્ઞેયના કારણે જ્ઞાન થયું છે. મીઠાનું ખારાપણું પરદ્રવ્યની પર્યાય છે, ખારાપણાને જાણવાવાળી પર્યાય આત્મદ્રવ્યની છે. **પરદ્રવ્યની પર્યાયના કારણે મારું પરિણમન ન થઈ શકે. જ્ઞાનનું પરિણમન જ્ઞાનના કારણે છે, જ્ઞેયનું પરિણમન જ્ઞેયના કારણે છે.**

જ્યારે જીવ એવું જાણે અને માને છે કે આ જે ખારાપણાને જાણવારૂપ જ્ઞાન છે તે મારું જ પરિણમન છે, આ જ્ઞાનના પરિણમનમાં મીઠાનું ખારાપણાનું પરિણમન છે જ નહીં. મીઠાનું ખારાપણું મીઠાને છોડીને આત્માના જ્ઞાનમાં કેવી રીતે આવી શકે છે? **જ્યારે જીવ નિરંતર પરિણમિત થઈને પણ જ્ઞાનરૂપે રહેનારા પોતાના જ્ઞાન સ્વભાવનો અનુભવ કરશે, ત્યારે રાગ-દ્વેષથી સહેજે જ મુક્ત થશે. કારણ કે સ્વભાવનો આશ્રય લીધા વિના રાગાદિભાવનો અભાવ ક્યારેય થઈ શકે નહીં.**

દીપકની જ્યોતિ પવનના નિમિતથી અસ્થિર થતી રહે છે, તેમ છતાં જ્યોતિ પોતાના જ્યોતિ સ્વરૂપમાં જ સ્થિર રહે છે. અસ્થિર હોવા છતાં પણ પોતાના જ્યોતિ સ્વરૂપમાં સ્થિર હોવું એ જ જ્યોતિનું જીવંતપણું છે. ત્યાં જ બીજી બાજુ વીજળીનો બલ્બ પ્રકાશિત હોય, તો પણ તે બલ્બ, દીપકની જ્યોતિની જેમ અસ્થિર થતો નથી. તેમાં દરેક સમયે નવાપણું નથી હોતું. તે વીજળીનો બલ્બ પ્રકાશિત થઈ રહ્યો છે, પણ જડ જ પ્રકાશિત થઈ રહ્યું છે, તેમાં જીવંતપણું ભાસતું નથી, જ્યારે દીપકનું પ્રગટવું જીવંત છે. એક પ્રકાશિત બલ્બના સંપર્કથી બીજા બલ્બની પ્રકાશિત ન કરી શકાય, પરંતુ એક પ્રકાશિત દીપક અનેક દીપકને પ્રકાશિત કરવામાં સમર્થ છે, કારણ કે તે દીપક જીવંત છે.

આત્માની જ્ઞાન જ્યોતિ પણ દીપકની જેમ પ્રતિસમય પરિણમિત થતી રહે છે, તેમ છતાં જ્ઞાન તો નિરંતર જ્ઞાનરૂપે જ રહે છે. જ્ઞાન ક્યારેય પણ રાગરૂપે થતું નથી, અજ્ઞાનરૂપે થતું નથી. અહીં સુધી જ્ઞાન ક્યારેય પણ જ્ઞેયરૂપે પણ થતું



નથી. જ્ઞાનરૂપે પરિણમિત થઈને પણ જ્ઞાનરૂપે રહેવું એ જ જ્ઞાનનું જીવંતપણું છે.

સાધકે નિરંતર અભ્યાસ કરવો જોઈએ કે જ્ઞેયોને જાણવાના કાળે જે જ્ઞાનનું જાણવારૂપ સામાન્ય પરિણમન થઈ રહ્યું છે, એવો ત્રિકાળ એકરૂપ જ્ઞાનસ્વભાવ જ મારું સ્વરૂપ છે. કારણ કે તે સામાન્ય જ્ઞાનની અનુભૂતિમાં જ અનંતગુણોનો પિંડ એક જ્ઞાયકનો અનુભવ ગર્ભિત છે.

જ્યાંસુધી જ્ઞેય અને જ્ઞાનની સ્વતંત્રતાને નહીં જાણીએ, ત્યાંસુધી પરજ્ઞેયોથી દ્રષ્ટિ હટશે જ નહીં. તેથી સ્વભાવની પ્રાપ્તિના જિજ્ઞાસુ જીવોએ આ અવશ્ય જાણવું જોઈએ કે જ્ઞાનનું સ્વરૂપ તેમજ પરિણમન પરજ્ઞેયોથી નિરપેક્ષ, સ્વતંત્ર તથા સ્વાધીન છે. જ્ઞાનની પ્રત્યેક પર્યાય પરિપૂર્ણ છે. અજ્ઞાની પોતાને અપૂર્ણ માને છે, તેથી તે પોતાને પરિપૂર્ણ કરવા માટે અનેક પ્રકારના જ્ઞેયોમાં પોતાના ઉપયોગને ભમાવે છે, તેના ફળસ્વરૂપે આકુળતા અને દુઃખ જ પામે છે. જ્ઞાનીનો ઉપયોગ સુખબુદ્ધિપૂર્વક જાત-જાતના જ્ઞેયોમાં ભ્રમિત થતો નથી. જ્ઞાની તો પોતાને પોતાથી પરિપૂર્ણ જ માને છે અને અનુભવ પણ એવો જ કરે છે.

અજ્ઞાની માને છે કે મને પરજ્ઞેયોનો અનુભવ થાય છે. તેથી તે ચિત્ર-વિચિત્ર વિકલ્પ કરે છે કે આ જ્ઞેય મારા જ્ઞાનમાં કેમ આવ્યું? આ જ્ઞેય મારા જ્ઞાનમાંથી ક્યારે જશે? આ જ્ઞેય મારા જ્ઞાનમાં ક્યાં સુધી રહેશે? આ જ્ઞેય મારા જ્ઞાન... વગેરે વિકલ્પોની જાળમાં ફંસીને અજ્ઞાની અત્યંત આકુળિત થાય છે. જ્યારે બીજી બાજુ જ્ઞાની માને છે કે આ જે અનુભવ થઈ રહ્યો છે તે મારા જ્ઞાનનો જ અનુભવ છે, મારા જ્ઞાનની વર્તમાન સમયની નિર્મળ અવસ્થાનો અનુભવ છે. જ્ઞાની ન તો પરપદાર્થોમાં સંકલ્પ કરે છે, ન તો વિકલ્પોની જાળમાં પોતાને ફંસાવે છે.

પરપદાર્થોમાં અહંકાર-મમકારનો ભાવ ઉત્પન્ન થવો તે સંકલ્પ છે. જ્ઞેયોના ભેદને લીધે જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તે જ વિકલ્પ છે. સંકલ્પ અને વિકલ્પથી મુક્ત થવું તે જ મુક્તિ છે. એક સમય માટે પણ સંકલ્પનો ભાવ ઉત્પન્ન થાય, તો આત્મજ્ઞાન અને વિકલ્પ ઉત્પન્ન થાય તો કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. આત્મસાધનાના સાધક જીવે નિરંતર એ અભ્યાસ કરવો જોઈએ કે હું સંકલ્પ અને વિકલ્પથી ત્રિકાળ ભિન્ન નિર્વિકલ્પ ભગવાન આત્મા છું.

# ૯. જ્ઞાન અને રાગ વચ્ચે પ્રદેશભેદ

સ્થૂળ દ્રષ્ટિએ જોઈએ તો જ્ઞાન અને રાગનું ઉત્પત્તિ સ્થાન આત્મા છે, તો પણ સૂક્ષ્મ દ્રષ્ટિએ જ્ઞાન અને રાગ સર્વથા ભિન્ન છે અને બન્નેની ઉત્પત્તિનું કારણ પણ પૃથક છે. **જ્ઞાન આત્માનો સ્વભાવ છે જ્યારે રાગ આત્મામાં ઉત્પન્ન થવાવાળો આત્માનો મેલ છે.**

જ્ઞાનને સ્વભાવ અને રાગને પરભાવ કહેવાનો આશય એ છે કે પરદ્રવ્યથી દ્રષ્ટિ હટાવીને પોતાના નિજસ્વભાવ ઉપર દ્રષ્ટિ સ્થિર કરવા છતાં પણ જ્ઞાનનું પરિણમન યથાવત થતું રહે છે, તેથી જ્ઞાનના પરિણમનને પરદ્રવ્યની અપેક્ષા નહીં હોવાથી જ્ઞાન સ્વભાવ છે, ત્યાં બીજી તરફ પરદ્રવ્યથી દ્રષ્ટિ હટાવીને પોતાના નિજસ્વભાવ ઉપર દ્રષ્ટિ કરવાથી રાગનું પરિણમન સ્વતઃ રોકાઈ જાય છે. રાગની ઉત્પત્તિ જ થતી નથી, તેથી રાગના પરિણમનને પરદ્રવ્યની અપેક્ષા હોવાથી રાગ પરભાવ છે.

**રાગ આત્માનો સ્વભાવ નથી, તેથી વીતરાગી પરમાત્મા રાગ રહિત પણ વિદ્યમાન છે, પરંતુ એવો કોઈ જીવ નથી જે જ્ઞાન રહિત હોય, કારણ કે જ્ઞાન આત્માનો સ્વભાવ છે. સ્વભાવવાનથી સ્વભાવ કદાપિ અલગ ન થઈ શકે.**

અજ્ઞાની એમ માને છે કે આકાશના જે પ્રદેશ પર શરીર છે તે જ પ્રદેશ પર આત્મા છે અને જે પ્રદેશ પર જ્ઞાન છે તે જ પ્રદેશ પર રાગ છે. સ્થૂળ દ્રષ્ટિએ દેખતા પરદ્રવ્યનું જ્ઞાન જે આત્મામાં ઉત્પન્ન થાય છે, પરદ્રવ્યનો રાગ પણ તે આત્મામાં ઉત્પન્ન થાય છે, તેથી જ્ઞાન અને રાગ એક જ પ્રદેશ પર સ્થિત છે. અજ્ઞાનીની દ્રષ્ટિ એ વાત ઉપર જતી જ નથી કે જ્ઞાન અને રાગમાં એટલી ભિન્નતા છે કે બન્નેના પ્રદેશ પણ ભિન્ન-ભિન્ન છે.

**જો જ્ઞાન અને રાગના પ્રદેશમાં ભેદ ન હોત તો જ્ઞાનીને નિર્મળ શુદ્ધ જ્ઞાનની અનુભૂતિની સાથે તે જ પ્રદેશ પર થવાવાળા રાગની પણ અનુભૂતિ થવી જોઈએ, પરંતુ એમ તો થતું નથી.** તેથી રાગનો પ્રદેશ ભિન્ન છે અને



જ્ઞાનનો પ્રદેશ ભિન્ન છે. **શુદ્ધ જ્ઞાનની અનુભૂતિના કાળે ખંડ-ખંડરૂપ ક્ષયોપશમજ્ઞાન પણ અનુભવમાં આવતું નથી. તો રાગની અનુભૂતિ થવી તો અત્યંત દૂરની વાત છે.** ક્ષયોપશમજ્ઞાનને જ્ઞાન નથી કહ્યું, પરંતુ પરજ્ઞેય કહ્યું છે. જેમ લોકાલોક આત્માના જ્ઞાનનું પરજ્ઞેય છે, તેની સાથે આત્માનો કોઈ સંબંધ નથી, તે જ પ્રમાણે ખંડ-ખંડ જ્ઞાનરૂપ ક્ષયોપશમજ્ઞાન પરજ્ઞેય હોવાથી તેની સાથે પણ આત્માનો કોઈ સંબંધ નથી. લોકાલોકની જેમ ક્ષયોપશમજ્ઞાન પણ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માની સત્તામાં નથી. જ્યારે ભાવેન્દ્રિયરૂપ ક્ષયોપશમજ્ઞાન પણ ત્રિકાળી ધ્રુવ આત્માથી ભિન્ન પ્રદેશ પર છે, તો પછી રાગરૂપ વિકારની તો વાત જ શું કરવી?

આકાશના એક જ પ્રદેશ ઉપર સ્થિત હોવા છતાં પણ જ્ઞાન અને રાગના પ્રદેશ ભિન્ન-ભિન્ન છે અને જ્ઞાનના પ્રદેશ આકાશના અસંખ્યાત ભિન્ન-ભિન્ન પ્રદેશ પર હોવા છતાં એ પ્રદેશોમાં વ્યાપ્ત જ્ઞાનને અભેદ કહ્યું છે. કારણ કે સ્વભાવ અસંખ્યાત પ્રદેશો પર વ્યાપ્ત હોય તો પણ અભેદ છે, અભિન્ન છે અને વિભાવ એક જ પ્રદેશ પર હોય તો પણ ભેદરૂપ છે, ભિન્ન છે.

નિજ આત્મા દ્રવ્યરૂપે એક છે અર્થાત્ સંખ્યાત છે, આત્માના પ્રદેશો અસંખ્યાત છે અને આત્માના ગુણો અનંત છે. એક આત્મામાં સંખ્યાત, અસંખ્યાત અને અનંત એવા ભિન્ન-ભિન્ન રૂપ હોવા છતાં પણ આત્મા તો એક અભેદરૂપે જ હોય છે.

જો કે આત્મા અનંત ગુણોનું ઘનપિંડ દ્રવ્ય છે. તેમ છતાં અભેદ આત્મામાં ગુણભેદ ઉભા કરીને આત્માના સ્વરૂપને સમજાવ્યું છે. આ અપેક્ષા એ આત્મામાં મુખ્ય ત્રણ ગુણ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર. દેહાધીન દ્રષ્ટિ અને અજ્ઞાનરૂપી ભ્રમના કારણે અજ્ઞાની એમ માને છે કે શરીરના ઉપરના ભાગ પર મગજમાં જ્ઞાન હોય છે, મધ્યભાગ પર હૃદયમાં શ્રદ્ધા હોય છે અને નીચેના ભાગ પર પગમાં ચારિત્ર હોય છે, કારણ કે ચાલવાનું નામ ચારિત્ર છે અને પગના કારણે ચાલવાનું થાય છે. અજ્ઞાનીને શરીરમાં જ એકત્વબુદ્ધિ હોવાથી આત્માના જ ગુણોની શરીરમાં કલ્પના કરે છે અને તેમાં પણ પ્રદેશભેદની કલ્પના કરે છે. આત્માનું સત્ય સ્વરૂપ તો એવું છે કે આત્માના સમસ્ત ગુણો

આત્માના વિભિન્ન પ્રદેશો પર નથી હોતા. આત્માના પ્રત્યેક પ્રદેશ પર અનંત ગુણો વ્યાપ્ત છે. જો આત્માના પ્રત્યેક પ્રદેશ પર આત્માના અનંત ગુણ ન હોત તો આત્માનું લક્ષણ જ્ઞાન છે, એવું કહેવામાં અવ્યાપ્તિ દોષ ઉત્પન્ન થાત.

આત્માનું જ્ઞાન આકાશના અસંખ્યાત પ્રદેશોમાં વ્યાપ્ત હોવા છતાં પોતાના એક જાણપણામાં અભેદ છે. એ જ કારણ છે કે અનુભૂતિના કાળે જ્ઞાનના અસંખ્યાત પ્રદેશના ભેદ છે એવો વિકલ્પ પણ ઉઠતો નથી. જ્ઞાનના પ્રદેશોમાં ભેદરૂપ વિકલ્પ પણ છૂટ્યા વિના નિર્મળ શુદ્ધ જ્ઞાનની અનુભૂતિ થતી નથી.

જ્યારે સ્વદેશની ચર્ચા થાય છે, ત્યારે ભારત દેશને છોડીને બધાંય દેશો પરદેશની શ્રેણીમાં જતા રહે છે. જો કોઈ વ્યક્તિ એમ કહે કે મારા ઘરમાં કામ કરવાવાળા બધા નોકર પરદેશી છે, કારણ કે બધા નોકર નેપાળી છે. ત્યારે તે વ્યક્તિની વાતને હંસીને ખોટી ન કહી શકાય. સત્ય તો એ છે કે ભારતને છોડીને અન્ય પરદેશમાં ભેદ કરવામાં જ અભેદ ભારતનો અસ્વીકાર છે. એ જ પ્રમાણે સ્વભાવના પ્રદેશોની ચર્ચા વખતે પરદ્રવ્યના પ્રદેશભેદનો વિકલ્પ પણ હોતો નથી. ત્યારે ભારત દેશના પ્રદેશ, શરીરના પ્રદેશ તથા રાગના પણ પ્રદેશ આત્માના જ્ઞાન પ્રદેશોની અપેક્ષાએ પરપ્રદેશ જ છે.

આત્માની અનુભૂતિના કાળે આત્માના જ ગુણોના ભેદનો વિકલ્પ અનુભવમાં આવતો નથી, તો પછી રાગાદિ ભાવરૂપ વિકલ્પ આત્માનુભૂતિના કાળે કેવીરીતે અનુભવમાં આવી શકે? અનુભૂતિના કાળે જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે ગુણો કે જે આત્માનો સ્વભાવ છે, તે ગુણો સંબંધી વિકલ્પ પણ છૂટી જાય છે, તો પછી વિભાવ સંબંધી વિકલ્પ તો અત્યંત પરની શ્રેણીમાં વિદ્યમાન છે.

જે પ્રદેશ પર જ્ઞાન છે, તે જ પ્રદેશ પર આત્માના અનંત ગુણોનો ઘનપિંડ ભગવાન આત્મા છે. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો ઘનપિંડ છે, તેમાં રાગાદિભાવ તો શું? ક્ષયોપશમજ્ઞાનનો પણ પ્રવેશ થઈ શકતો નથી. એ જ કારણ છે કે જ્ઞાયકભાવને ઘનપિંડ કહ્યો છે. જ્ઞાયકને ઘનપિંડ જાણવાથી પરની અપેક્ષા અને સ્વની ઉપેક્ષા સહેજે છુટી જાય છે. નિર્મળ જ્ઞાન હંમેશા માટે નિર્મળ જ્ઞાનમાં સ્થિર થઈ જાય છે.



# ૧૦. જ્ઞાન સદાય નિર્મળ છે

આ જીવ અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષના મલિન પરિણામોના કારણે સંસારચક્રમાં ભટકી રહ્યો છે. સંસાર પરિભ્રમણના કાળે આત્મામાં મલિનતા હોવા છતાં શુદ્ધ નિર્મળ જ્ઞાનસ્વભાવ તો આ ભગવાન આત્મામાં ત્રિકાળ વિદ્યમાન છે. તેથી પ્રત્યેક જીવ તે શુદ્ધ નિર્મલ જ્ઞાન સ્વભાવનો આશ્રય લઈને પર્યાયમાં પણ નિર્મળ થઈ શકે છે.

ગુણસ્થાનની પરિભાષામાં પણ શ્રદ્ધા અને ચારિત્ર ગુણની તારતમ્યરૂપ અવસ્થાને ગુણસ્થાન કહ્યા છે. શ્રદ્ધા ગુણની અશુદ્ધ પર્યાયનું નામ મોહ છે અને ચારિત્ર ગુણની અશુદ્ધ પર્યાયનું નામ રાગ-દ્વેષ છે. જ્ઞાન ગુણનું અશુદ્ધ પરિણમન થતું નથી. જ્ઞાન જેને જાણે છે, તે પદાર્થોમાં શ્રદ્ધા ગુણની પર્યાય મોહ કરે છે અને ચારિત્ર ગુણની પર્યાય રાગ-દ્વેષ કરે છે. તેથી **શ્રદ્ધા અને ચારિત્ર ગુણની પર્યાય તો અશુદ્ધરૂપે પરિણમિત થાય છે. પરંતુ જ્ઞાનગુણની પર્યાય તો નિરંતર જાણે જ છે, તેથી જ્ઞાન સદાય નિર્મળ છે.**

**અહીં સુધી કે શ્રદ્ધા અને ચારિત્રગુણના અશુદ્ધ પરિણમનને પણ જ્ઞાન જાણે જ છે. જાણવા સિવાય બીજું કંઈ પણ કરતું નથી. એટલા માટે જ્ઞાન સ્વભાવના માધ્યમથી જ્ઞાયકનો આશ્રય લેવાનો ઉપદેશ આપ્યો છે.**

એવું નથી કે રંગીન વસ્ત્રની સરખામણીમાં સફેદ વસ્ત્ર વધારે મેલું થાય છે. બંને વસ્ત્રો પર મેલ તો એક સરખો જ લાગે છે. બંને વસ્ત્રો વચ્ચે અંતર માત્ર એટલું છે કે સફેદ વસ્ત્ર ઉપર મેલ સ્પષ્ટ જણાય છે. **અશુદ્ધતાનું જ્ઞાન પણ શુદ્ધતામાં જ થાય છે. સફેદ વસ્ત્ર ઉપર જ રંગીન ડાઘ દેખાય છે, એવી જ રીતે આત્મામાં કષાયભાવોની અશુદ્ધિનું જ્ઞાન થવું તે જ જ્ઞાનની શુદ્ધિનું સૂચક છે.**

ફિલ્મના પડદા પર રંગીન દ્રશ્ય દેખાય છે, પરંતુ પડદો રંગીન દ્રશ્યના કારણે રંગીન થઈ જતો નથી. કોઈ પણ દ્રશ્ય પડદાને પ્રભાવિત કરતું નથી. આગના દ્રશ્યના કારણે પડદો બળી જતો નથી. પાણીના દ્રશ્યના કારણે પડદો

પલળી જતો નથી. તલવાર વગેરે હથિયારોના દ્રશ્યના કારણે પડદો કપાઈ જતો નથી. હવાના દ્રશ્યના કારણે પડદો ઊડી જતો નથી. પડદો તો બધા જ દ્રશ્યોથી અપ્રભાવિત થઈ નિરંતર નિત્ય એકરૂપ જ રહે છે. સિનેમાઘરના માલિકને એ દ્રઢ શ્રદ્ધા હોય છે કે મારા પડદાને કોઈપણ દ્રશ્યના કારણે કંઈ પણ અસર થવાની નથી, તેથી તે નિશ્ચિંત થઈને દ્રશ્યોને દેખે છે, જ્યારે સિનેમા જોવા ગયેલા લોકો દ્રશ્યમાં તન્મય થઈને દ્રશ્યોને દેખે છે. તેથી દ્રશ્યો બદલતા જ તેમના આત્મામાં દરેક પળે વિકલ્પોના તરંગો ઉઠતા રહે છે.

**આત્માના જ્ઞાનમાં રાગાદિ ભાવરૂપ ચિત્ર-વિચિત્ર વિકલ્પો જણાય છે. પરંતુ જ્ઞાન વિકલ્પમય થઈ જતું નથી.** ક્રોધરૂપી આગના કારણે જ્ઞાન ક્રોધમય થઈને નાશ પામતું નથી. માનરૂપી શીતળતા આત્માને શાંતિ પહોંચાડી શકતી નથી. માયારૂપી તલવાર આત્માનો ઘાત કરી દેતી નથી. લોભરૂપી હવા આત્માને વિલીન કરી શકતી નથી. **જ્ઞાન તો સમસ્ત વિકારોથી અપ્રભાવિત હોવાથી નિરંતર નિત્ય એકરૂપ જ રહે છે.**

જ્ઞાનના સ્વામી જ્ઞાનીને એ દ્રઢ શ્રદ્ધાન હોય છે કે મારા જ્ઞાનને કોઈપણ વિકારના કારણે કંઈ પણ અસર થવાની નથી, તેથી તે જ્ઞાની નિશ્ચિંત થઈને વિકારને જાણે માત્ર છે, જ્યારે અજ્ઞાનીજન ક્રોધાદિ કષાયભાવ તથા વિકલ્પની તરંગોમાં જ તન્મય થઈને આકુળિત તથા દુઃખી થાય છે.

જેવી રીતે એક કાચના ગ્લાસમાં લાલ રંગનું શરબત છે. લાલ રંગનું શરબત હોવાના કારણે તે ગ્લાસ લાલ દેખાય છે, પરંતુ સત્ય એ છે કે તે ગ્લાસ લાલ થયો જ નથી. તેવી રીતે આત્મામાં રાગ-દ્વેષના વિકારી ભાવો છે. રાગ-દ્વેષના વિકારીભાવ હોવાથી આત્મા રાગી-દ્વેષી અનુભવમાં આવે છે, પરંતુ વિશેષ વાત તો એ છે કે રાગ-દ્વેષના વિભાવના કારણે આત્મા રાગી-દ્વેષી થઈ જતો નથી.

જો તે ગ્લાસ લાલ રંગના શરબતના કારણે લાલ થઈ જાય, તો લાલ રંગના શરબતને બહાર કાઢ્યા પછી તેમાં લીલા રંગનું શરબત ભરવાથી, લીલા રંગનું શરબત લીલું ન દેખાત. તેવી રીતે જો આત્માનું નિર્મળ જ્ઞાન ક્રોધ ભાવના કારણે ક્રોધી થઈ જાય તો ક્રોધ સમાપ્ત થયા પછી જ્યારે માન થાય



ત્યારે તે માન આત્માના જ્ઞાનમાં જણાત જ નહીં. બીજા સમયે માનનું જ્ઞાન થાય છે, તે જ્ઞાન આ વાતને સાબિત કરે છે કે ક્રોધે જ્ઞાનને ક્રોધી નથી કર્યું. **કોઈ પણ વિકારના કારણે જ્ઞાનની નિર્મળતા ક્યારેય પણ પ્રભાવિત થતી નથી.**

જ્યારે મહેમાનને શરબત આપીએ, ત્યારે એ વિશ્વાસ છે કે મહેમાન શરબત પીશે અને મારો ગ્લાસ મારી પાસે જ રહેશે. તેવી રીતે રાગાદિભાવનો વ્યય થવા છતાં જ્ઞાન તો મારા આત્મામાં નિત્ય રહેવાનું છે. અહીંયા તો રાગાદિભાવ કોઈ મહેમાનમાં ચાલ્યા જતા નથી, કારણ કે રાગાદિ વિકારી ભાવ સ્વયં મહેમાન છે, આવે છે અને જાય છે. જો તે રાગાદિભાવ રૂપ મહેમાનનો આદર-સત્કાર કર્યો અને તેને મહત્વ આપ્યું તો તે વારંવાર આવશે. જો રાગાદિભાવની ઉત્પત્તિના કાળે પણ તેમના તરફ દ્રષ્ટિ ન કરીને પોતાના જ્ઞાનકાર્યમાં જ લીન રહેશું તો તે રાગાદિ મહેમાન આપણા ઘેર બીજીવાર આવશે જ નહીં.

જેમ-પાણીના ગ્લાસની નીચે કચરો છે, પાણી મલિન છે, એ જાણવું એ વાતનું સૂચક છે કે, પાણી નિર્મળ છે. પાણીની નિર્મળતાના કારણે જ ગ્લાસના તળિયામાં અત્યંત નીચે મલિનતા છે, તેનું જ્ઞાન થાય છે. જો પાણી મલિન હોત તો પાણીની નીચે કચરો દેખાત પણ નહીં. મંદબુદ્ધિ વ્યક્તિ પાણીને મલિન જાણી સંપૂર્ણ પાણીને છોડી દે છે, જ્યારે સમજદાર વ્યક્તિ ભેદજ્ઞાનના બળ વડે પાણીને પી લે છે અને કચરાને નીચે જ છોડી દે છે. તે જ પ્રમાણે આત્મામાં રાગાદિભાવોની મલિનતાનું જ્ઞાન થવું એ જ આત્માની શુદ્ધિનું સૂચક છે.

**અજ્ઞાની જીવ આત્માને સર્વથા મલિન જાણી આત્મા પર દ્રષ્ટિ પણ કરતો નથી. જ્યારે જ્ઞાની આત્માના શુદ્ધ સ્વરૂપનું આસ્વાદન કરે છે અને રાગાદિ મલિનતા તરફ દ્રષ્ટિ પણ કરતા નથી.**

શુદ્ધ સ્વભાવના આશ્રય વડે જ જ્ઞાયકની અનુભૂતિ થાય છે. એટલે સાધકે નિરંતર એ જ ચિંતન-મનન કરવું જોઈએ કે હું નિત્ય નિર્મળ જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા જ છું. **નિર્મળ જ્ઞાનમાં નિર્મળ જ્ઞાનની અનુભૂતિ જ જ્ઞાનાનુભૂતિ છે, જ્ઞાનાનુભૂતિ જ આત્માનુભૂતિ છે.**

# ૧૧. જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે

જ્ઞાની હોય કે અજ્ઞાની, બધા જીવો પોતાના જ્ઞાનની નિર્મળતાને જાણે છે. પરંતુ જ્ઞેયવિશેષની આસક્તિના કારણે અજ્ઞાની સામાન્ય જ્ઞાનની અનુભૂતિ ન કરીને પોતાને વિશેષજ્ઞાનમય માનીને ખંડ-ખંડરૂપે અનુભવે છે. જ્ઞાની જાણે છે કે જે જણાઈ રહ્યો છે તે હું જ છું, આમ જાણવાથી દ્રષ્ટિ પરદ્રવ્યથી હટીને પોતાનામાં સહેજે સ્થિત થાય છે. **જ્ઞાનસ્વભાવી નિજ ભગવાન આત્મા પર દ્રષ્ટિ કર્યા વિના વિકલ્પાતીત થવું અસંભવ છે.**

**પર્યાય જ દ્રવ્યનું એક સમયનું પ્રગટ સ્વરૂપ છે.** સમુદ્રની લહેર જ સમુદ્રનું એક સમયનું પ્રગટ સ્વરૂપ છે, તેવી રીતે પ્રતિસમય પરિણમિત થવાવાળું જાણપણું જ આત્મદ્રવ્યનું એક સમયનું પ્રગટ સ્વરૂપ છે. એ સત્ય છે કે કિરણ જ સૂર્ય નથી, પરંતુ કિરણમાં સૂર્યનું જ તેજ પ્રગટ થઈ રહ્યું છે. તે તેજ સૂર્યથી ભિન્ન નથી. **તેવી રીતે જ્ઞાનરૂપી કિરણ જ ભગવાન આત્મા નથી પરંતુ જ્ઞાનરૂપી કિરણમાં પણ આત્માનું સ્વરૂપ પ્રગટ થઈ રહ્યું છે, તે જાણવારૂપ પરિણમિત થવાવાળી જ્ઞાનકિરણ આત્માથી ભિન્ન નથી.**

જ્ઞેય, જ્ઞેયમાં છે. જ્ઞાની ક્યારેય પણ જ્ઞેયોથી પ્રભાવિત થતા નથી. જ્ઞાનીને એ વાતની યથાર્થ પ્રતીતિ હોય છે કે જેવીરીતે દ્વેષ કરવાવાળા જીવો પ્રત્યે દ્વેષ ન કરવો, તેવીરીતે રાગ કરવાવાળા જીવો પ્રત્યે રાગ પણ ન કરવો. મારો તો મારા ત્રિકાળી જ્ઞાન સ્વભાવને આશ્રય લેવો છે, પરજ્ઞેયોનો આશ્રય લઈ પોતાના સ્વભાવથી હટવું નથી. જ્યારે હું પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવનો અનુભવ કરું છું, ત્યારે રાગ-દ્વેષના વિકારીભાવોથી છુટીને વીતરાગપદને પ્રાપ્ત થાઉ છું.

જો કે જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે. તેમ છતાં અજ્ઞાની જ્ઞાનની અનુભૂતિમાં પણ જ્ઞેયોની કલ્પના કરીને વ્યર્થમાં રાગ-દ્વેષ કરે છે. જ્ઞેયોના



ભેદના કારણે પોતાના અભેદ સ્વરૂપમાં પણ અજ્ઞાની ભેદની વ્યર્થ કલ્પના કરે છે. નરકમાં એકબીજા સાથે લડતા નારકી એકબીજાના શરીરના તલ-તલ જેટલા ટુકડા કરી નાખે છે, ત્યાં તો માત્ર શરીર જ ખંડિત થાય છે. જ્ઞેયોના ભેદને કારણે પોતાને ભેદરૂપ માનવાવાળા અજ્ઞાની પોતાને અનંત ટુકડામાં ખંડિત માને છે અને અનંત દુઃખ ભોગવે છે.

**જે જણાય છે તે જ્ઞાન જ છે, તો કોના ઉપર રાગ અને કોના ઉપર દ્વેષ? આ તત્ત્વવિચારના બળે જ્ઞેયોની રૂચિ છુટે છે અને જ્ઞાનની મહિમા વધે છે.**

ઓરડામાં અંધારૂ હોય અને ઓરડામાં અનેક પદાર્થો રાખેલા હોય તો પણ તે પદાર્થો દેખાતા નથી. જેવો જ પ્રકાશ થાય કે તે પદાર્થો દેખાય છે. સૂક્ષ્મ દ્રષ્ટિથી વિચાર કરતા સમજાય છે કે તે સમયે પદાર્થો નહીં, પરંતુ પ્રકાશ દેખાય છે. તે પદાર્થો પહેલાં પણ હતા, પણ દેખાતા ન હતા. પ્રકાશના જ્ઞાનના કાળે પણ પદાર્થોને વશીભૂત હોવાથી તે વ્યક્તિને પદાર્થનું જ જ્ઞાન થાય છે, પ્રકાશનું નહીં. તેવી જ રીતે દરેક જીવને નિત્ય જ્ઞાનની અનુભૂતિ થાય છે, જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે, તો પણ પાંચ ઈન્દ્રિયોના વિષયોની વાસનાના કારણે પાંચ ઈન્દ્રિયોના વિષયો જ જણાય છે. તે જીવ જ્ઞાન જાણપણામાં વિષયોના જાણપણાનો જ અનુભવ કરે છે. **જ્ઞાની જ્ઞેયોને જાણતી વખતે પણ જ્ઞાનનો અનુભવ કરે છે. જ્ઞાનીની આવી અનુભૂતિમાં સહજતા હોય છે.**

કોઈ વ્યક્તિ એમ કહે કે હવે મને કોઈ પણ વ્યક્તિના કોઈ પણ શબ્દ સારા કે ખરાબ નથી લાગતા. જ્ઞાની તેને કહે છે કે જ્યાં સુધી તને શબ્દનો અનુભવ થાય છે, ત્યાં સુધી તને પરજ્ઞેયોનો જ અનુભવ થાય છે. જ્યારે પરજ્ઞેયોને દ્રષ્ટિમાં નહીં લે, ત્યારે તને માત્ર જ્ઞાનનો અનુભવ થશે.

અજ્ઞાનીને ક્રોધાદિ ભાવોમાં એકત્વ હોવાથી ક્રોધાદિ ભાવોની અનુભૂતિ થાય છે, જ્યારે જ્ઞાનીને ઉપયોગમાં ઉપયોગ અર્થાત જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે. ક્રોધાદિ ભાવોમાં એકત્વ કરનાર અજ્ઞાની આકુળિત તથા દુઃખી થાય છે અને જ્ઞાનમાં એકત્વ કરનાર જ્ઞાની નિરાકુળ તથા સુખી થાય છે.

જ્ઞાનીને કોઈ ક્રોધી કે માની કહે અથવા રાગી કે દ્વેષી કહે, તો પણ જ્ઞાની જાણે અને માને છે કે આ મને કહેવામાં આવ્યું નથી. ક્રોધી અને માની જેવા ઉપનામો થકી બોલાવવા છતાંય તે શબ્દોની અસર જ્ઞાનીને થતી નથી.

જ્યારે કોઈ વ્યક્તિ કોઈ બીજી વ્યક્તિને અપશબ્દ કહે છે, ત્યારે તેનો ઉદ્દેશ્ય એ જ હોય છે કે તેના શબ્દ અસર તમને થાય, જો તમે તે શબ્દોનો પ્રતિભાવ વ્યક્ત નહીં કરો, તો તેનો કષાય તીવ્ર થઈ જશે. કારણ કે જે શબ્દોને તમે સ્વીકાર ન કર્યા, તે શબ્દો ફરી તે વ્યક્તિની પાસે પાછા જાય છે અને તીરની જેમ તેની છાતીમાં ચુભે છે. વચન વડે પ્રહાર કરનારના કષાય એટલા તીવ્ર થઈ જાય છે કે વચનના પ્રહારો કાયામાં રૂપાંતરિત થઈ જાય છે. ભેદજ્ઞાનના બળથી જ્ઞાનીને વચનના પ્રહાર પ્રભાવિત કરતા નથી, તેવી રીતે ભેદજ્ઞાનના બળથી કાયા વડે થનારા પ્રહાર પણ જ્ઞાનીને વિચલિત કરતા નથી. **ત્રિકાળી જ્ઞાયકમાં સ્થિરતાના બળ પર જ્ઞાની ઉપસર્ગ વિજયી થઈ જાય છે.**

હું કઠોર પણ નથી અને હું કરૂણાવાન પણ નથી. હું લોભી પણ નથી અને ઉદાર પણ નથી. આ બધા ભાવો ઉદયગત છે. જે જીવને રાગ-દ્વેષના વિભાવોમાં એકત્વ નથી તે જીવને રાગ-દ્વેષના વિભાવને જાણવાવાળા ક્ષયોપશમજ્ઞાનમાં પણ એકત્વ થતું નથી. રાગને જાણવાવાળું જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી, આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાની માને છે કે હું ભગવાન આત્મા બધા પ્રકારના ઉદયથી નિરપેક્ષ માત્ર જાણવા-દેખવાવાળો છું.

જેવીરીતે કેવળી ભગવાનને જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે પરંતુ ભગવાનને પોતાના સ્વભાવની જ અનુભૂતિ થાય છે. લોકાલોકરૂપ જ્ઞેયોની નહીં. તેવીરીતે જ્ઞાનીને પણ જ્ઞાનની પ્રત્યેક પર્યાયમાં જ્ઞાનની અનુભૂતિ થાય છે. અજ્ઞાની પરનો સ્વીકાર કરવાના ભાવને ધર્મ માને છે, જ્ઞાની કહે છે કે સ્વભાવનો સ્વીકાર કર્યા વિના પરનો સ્વીકાર થઈ જ ન શકે. **માત્ર પરનો સ્વીકાર કરવાવાળો જીવ પણ પરનો જ અનુભવ કરે છે. જ્યારે માત્ર જ્ઞાનની અનુભૂતિ થાય છે ત્યારે જ સુખની અનુભૂતિ થાય છે.** જેવીરીતે ન્યાયાલયમાં ગીતા ઉપર હાથ રાખી આરોપી સોગંધ લે છે કે હું જે કહીશ, તે સાચું કહીશ;



સાચા સિવાય બીજું કંઈ નહીં કહું. ત્યાં પણ અસ્તિ અને નાસ્તિ બન્ને પક્ષને ખ્યાલમાં રાખી સોગંધ લેવામાં આવે છે. એ જ પ્રમાણે અધ્યાત્મમાં પણ અસ્તિની મુખ્યતાથી એમ કહેવાય છે કે જાણનારો જણાય છે અને નાસ્તિની મુખ્યતાથી એમ કહેવાય છે કે પર જણાતું નથી. અસ્તિ અને નાસ્તિ બંને પક્ષની યથાર્થ શ્રદ્ધા જ સ્વ-પરની યથાર્થ શ્રદ્ધા છે, એનું જ નામ સમ્યગ્દર્શન છે.

જ્યારે પરજ્ઞેય જ્ઞાનમાં જણાતું નથી, જ્ઞાન જ જ્ઞાનમાં જણાય છે, ત્યારે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયના ભેદ રહેતા નથી. અહીં કોઈ પૂછે કે જો એમ છે તો શું બધાને જીવોને આત્માનુભૂતિ થઈ ગઈ? અરે ભાઈ! આત્માનુભૂતિ થઈ ગઈ નથી, પરંતુ આત્માનુભૂતિ નિરંતર થઈ રહી છે. **મને નિરંતર આત્માનુભૂતિ જ થઈ રહી છે, પરજ્ઞેયોની અનુભૂતિ નહીં. એમ માનવું જ આત્માની ઉપલબ્ધિ છે. એમાં જ અનંત પુરુષાર્થ છે.**

આત્માનુભૂતિ થતી હોવા છતાં આત્માનુભૂતિ ન માનવી અને પરજ્ઞેયોની અનુભૂતિ માનવી તે જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વના કારણે જ આત્માને આત્માનુભૂતિ થતી હોવા છતાં આત્માનુભૂતિનો આનંદ નથી આવતો. અજ્ઞાની માને છે કે મને પરજ્ઞેયોનો અનુભવ થઈ રહ્યો છે, જ્ઞેયો અનંત છે. જ્ઞેયોને જાણવાની રૂચિ તે વિકલ્પ છે.

જ્ઞાનીને નિર્વિકલ્પ દશા કહેવાનું કારણ પણ એ છે કે જ્ઞાની નિરંતર એક જ્ઞાનને જ જ્ઞેય માને છે. તેથી જ્ઞાનીને વિકલ્પના કાળે નિર્વિકલ્પ અનુભૂતિ ન હોવા છતાં નિર્વિકલ્પ દશા કહી છે. અનેક જ્ઞેયોને જાણવા તે વિકલ્પાત્મક દશા છે અને એક જ્ઞેયને જાણવું તે નિર્વિકલ્પ દશા છે. કારણ કે નિર્વિકલ્પદશામાં પણ જ્ઞાની જ્ઞેયોને જાણવા અથવા ન જાણવાની રૂચિ કરતા નથી. સહજરૂપે જે પણ જ્ઞેય જ્ઞાનમાં જણાય છે, તેને જાણે તો છે, તે સમયે પણ પોતાના જ્ઞાનસ્વભાવની જ અનુભૂતિ કરે છે. આત્મા પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મર્યાદાને છોડી પરજ્ઞેયમાં જતો જ નથી. તે નિરંતર પોતાના સ્વરૂપમાં જ સ્થિત છે. પર અને પરના વિકલ્પથી ભિન્ન પોતાના જ્ઞાનની અનુભૂતિ થઈ રહી છે, તેનો સ્વીકાર કરવો તે જ પ્રાપ્તની પ્રાપ્તિ છે.

# ૧૨. જ્ઞાન જ ત્યાગ છે

જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે અર્થાત્ જ્ઞાન જ ત્યાગ છે. ત્યાગનો સંબંધ દેહ સાથે માનનાર જીવ મિથ્યાદ્રષ્ટી છે. આ મિથ્યા માન્યતાના કારણે જ જીવ જ્ઞાન સ્વભાવની અનુભૂતિ સુધી પહોંચી શકતો નથી.

રાત્રિમાં ભોજનનો ત્યાગ કરવો અને દિવસમાં ગાળેલા પાણીને ગ્રહણ કરવું એ ધર્મ નથી. ઉક્ત ક્રિયાનો સંબંધ દેહ સાથે છે, આત્માનો ત્યાગ ધર્મ દેહની અપેક્ષા રાખતો નથી. આત્મા ત્રિકાળ જ્ઞાન સ્વભાવી છે, તેથી આત્મા ત્રિકાળ પ્રત્યાખ્યાન અર્થાત્ ત્યાગ સ્વભાવી છે.

ખરેખર ગ્રહણ અને ત્યાગના વિકલ્પ જ અત્યાગ છે. ગ્રહણ અને ત્યાગના વિકલ્પ રહિત આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ જ ત્યાગ ધર્મ છે. વિકલ્પને છોડવાના વિકલ્પ પણ વિકલ્પને ગ્રહણ કરવાની સિદ્ધિ કરે છે. ભગવાન આત્મા ત્રિકાળ વિકલ્પથી ભિન્ન જ્ઞાયક જ છે, તેમ છતાં તે પોતાને ગ્રહણ અને ત્યાગના વિકલ્પરૂપે માને છે. આ જ અપરાધના ફળમાં અનાદિકાળથી સંસાર પરિભ્રમણ કરી રહ્યો છે.

અજ્ઞાની જીવ એ જ પરપદાર્થોના ત્યાગનો ત્યાગ માનીને મિથ્યાત્વ પુષ્ટ કરે છે, જે પરપદાર્થોને આત્માએ ક્યારેય ગ્રહણ જ કર્યા ન હતા. એક જ્ઞાન સ્વભાવને ગ્રહણ કરતા સમસ્ત વિકલ્પ સહેજે વિલીન થઈ જાય છે.

જ્ઞાની પરિગ્રહને છોડતા નથી, પરંતુ પરિગ્રહથી ભિન્ન જ્ઞાયકનો અનુભવ કરે છે. જ્ઞાયકભાવની અનુભૂતિના કાળે, હું પરથી ભિન્ન જ્ઞાયક છું, એવો પણ અનુભવ થતો નથી. ત્યાં તો માત્ર અને માત્ર સ્વભાવનો જ નિર્વિકલ્પ અનુભવ થાય છે.

સ્વભાવનો ત્યાગ કરી ન શકાય અને પરભાવને ગ્રહણ કરી ન શકાય, આવું જાણનારા જ્ઞાનીને જ સ્વભાવનું ગ્રહણ અને પરભાવનો ત્યાગ છે.



# ૧૩. ઉપયોગ ક્યારેય ભટકતો નથી

આત્માનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ લક્ષણ આત્માને છોડીને ક્યાંય જતો નથી અને જઈ શકતો પણ નથી. જેવી રીતે આંખ સમુદ્રને જુએ તો છે પરંતુ તે શરીરને છોડી સમુદ્રમાં જતી રહેતી નથી, તેવી જ રીતે ઉપયોગ જગતના જ્ઞેયોને જાણે તો છે, પરંતુ ઉપયોગ આત્માને છોડી જગતના જ્ઞેયોમાં મળી જતો નથી.

જગતના જ્ઞેયોની રૂચિવાળા જીવોને એમ લાગે છે કે ઉપયોગ જ્ઞેયોમાં ભટકે છે, પરંતુ જ્ઞાન સ્વભાવની રૂચિવાળા જીવોને તો ઉપયોગમાં ઉપયોગ જ અનુભવમાં આવે છે. જેમ - ગોળ દુકાનમાં છે, ગોળ ઘરમાં છે, ગોળ રસોડામાં છે, ગોળ ડબ્બામાં છે, પરંતુ પરમ સત્ય તો એ છે કે જ્યાં જ્યાં મીઠાશ છે, ત્યાં જ ગોળ છે. એવી રીતે **જ્ઞાયક લોકમાં છે, જ્ઞાયક મધ્યલોકમાં છે, જ્ઞાયક જમ્બુદ્વીપમાં છે, જ્ઞાયક દેહમાં છે, પરંતુ પરમ સત્ય તો એ છે કે જ્યાં જ્યાં જ્ઞાન છે, ત્યાં જ જ્ઞાયક છે.**

કોઈ વ્યક્તિ પોતાનું દર્પણને લઈને કોઈના ઘરની સામે જાય અને કોઈનું ઘર તે વ્યક્તિના દર્પણમાં પ્રતિબિંબિત થાય, તો તે વ્યક્તિ કોઈના ઘરનો માલિક થઈ જતો નથી. તેવી જ રીતે **આત્માના જ્ઞાનરૂપી દર્પણમાં જગતના જ્ઞેયો પ્રતિબિંબિત થવાથી આત્મા તે જ્ઞેયોનો સ્વામી થઈ જતો નથી. આત્મા તો પોતાના જ્ઞાન સ્વભાવનો સ્વામી છે. પોતાના સ્વભાવનો સ્વામી કહેવામાં શું દમ છે? આત્મા જ જ્ઞાન છે અને જ્ઞાન જ આત્મા છે.**

જેવી રીતે ઘીનો સ્વભાવ ઢળવાનો છે, પરંતુ જો ઘી ખીચડીમાં ઢળી જાય, તો તેના પછી ઘી ક્યાંય પણ ઢળતું નથી. તેવી જ રીતે જે જ્ઞાન પર્યાય ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકમાં ઢળે છે, તેના પછી જ્ઞાન પર્યાય બીજે ક્યાંય પણ ઢળતી નથી. આશય એ છે કે સ્થિર દ્રવ્યમાં સ્થિર થવાવાળી અસ્થિર પર્યાય પણ દ્રવ્યની જેમ સ્થિર થઈ જાય છે. **ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગ ક્રોધાદિ ભાવોમાં નથી. ઉપયોગ સ્વભાવમાં જ એકત્વપૂર્વક થવાવાળી શ્રદ્ધા જ કાળાંતરે યોગ રહિત સિદ્ધદશા પ્રગટ થવાનું કારણ બને છે.**

# ૧૪. દ્રષ્ટિ તથા જ્ઞાન

સાધક જીવ પર્યાયની શુદ્ધિના લક્ષ્યે પુરૂષાર્થ પ્રારંભ કરે છે. જ્યારે તેને દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ થશે, ત્યારે તેની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જ હશે, શુદ્ધ પર્યાય ઉપર પણ નહીં. સુખની પર્યાય પ્રગટ થાય, એ લક્ષ્યે આત્મા ઉપર દ્રષ્ટિ કરનાર સાધકની દ્રષ્ટિ સુખ પર્યાય ઉપર જાય, તો પણ સુખની પર્યાય ટકતી નથી. સુખની પર્યાય તો ત્રિકાળી આત્મ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવાથી જ ટકે છે. આ વાતને સ્પષ્ટ કરવા માટે દ્રષ્ટિ તથા જ્ઞાન સંબંધી યથાર્થ જ્ઞાન હોવું સાધક માટે જરૂરી જ નહીં, પરંતુ અનિવાર્ય પણ છે.

**આત્મસાધનાના સાધક જીવે એ વાત હંમેશા યાદ રાખવી જોઈએ કે દ્રષ્ટિનો વિષય એકમાત્ર ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્ય છે અને જ્ઞાનનો વિષય પર્યાય સહિત દ્રવ્ય છે. જ્યારે પર્યાયથી દ્રષ્ટિ છૂટી જાય છે અને એકમાત્ર દ્રવ્ય ઉપર દ્રષ્ટિ થાય છે, ત્યારે પર્યાયમાં વ્યક્ત થવાવાળી શુદ્ધતા દ્રષ્ટિમાં ન હોવા છતાં પણ શુદ્ધ પર્યાય સહિત પ્રમાણનું વિષયભૂત આત્મદ્રવ્ય જ્ઞાનમાં જણાય છે.**

જો એકમાત્ર શુદ્ધ દ્રવ્યને જ દ્રવ્ય માની લેવામાં આવે, તો સાધકને શુદ્ધ દ્રવ્ય ક્યારેય પણ મળશે નહીં. જ્યારે પણ શુદ્ધ દ્રવ્યની પ્રાપ્તિ થશે, ત્યારે અશુદ્ધ પર્યાયની સાથે જ થશે. જ્ઞાની તો અશુદ્ધ પર્યાય સહિત દ્રવ્યને જાણીને પણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ કરે છે.

જેવી રીતે કોઈ વ્યક્તિ શુદ્ધ સોનાને જ સોનું જાણે, માને અને સોનાની ખાણમાં સોનું શોધવા જાય તો તેને શુદ્ધ સોનું ક્યાંય મળશે નહીં. તે વ્યક્તિએ શુદ્ધ સોનાને દ્રષ્ટિમાં રાખવું જોઈએ કે જે સોનુ સ્વભાવથી પીળું, ચમકતું હોય છે, સાથે સાથે પીળા ન હોય એવા માટી વગેરે અશુદ્ધતા મિશ્રિત સોનાને પણ જ્ઞાનમાં જાણે. ખાણમાં જતી વખતે તેની દ્રષ્ટિમાં શુદ્ધ સોનું જ હોવું જોઈએ, પરંતુ તેના જ્ઞાનમાં અશુદ્ધતા મિશ્રિત શુદ્ધ સોનું હોવું જોઈએ. તેવી



જ રીતે **રાગાદિભાવથી ભિન્ન આત્મા શુદ્ધ છે, આવું દ્રષ્ટિમાં માનવું અને રાગાદિભાવ સહિત આત્મા છે, આવું જ્ઞાનમાં જાણવું.**

ત્યાં એ વાત ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ કે **જ્ઞાનનો વિષય તો દરેક સમયે બદલાતો રહે છે. કારણ કે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવાથી પર્યાય નિરંતર અશુદ્ધથી શુદ્ધરૂપે પલટાય છે, પરંતુ દ્રષ્ટિનો વિષય તો નિત્ય એકરૂપ જ રહે છે. જે જીવ દ્રષ્ટિના વિષયને જ માને છે, તે પણ એકાંતદ્રષ્ટી છે, સાથે સાથે જે જીવ જ્ઞાનના વિષયને જ માને છે, તે પણ એકાંતદ્રષ્ટી છે. દ્રષ્ટિ તેમજ જ્ઞાન આ બન્ને વિષયોનો સ્વીકાર કરવો તે જ અનેકાંતમાં અનેકાંત છે.**

જેવી રીતે ક્રિકેટરનું લક્ષ્ય ખ્યાતિ તેમજ ધનલાભ પ્રાપ્ત કરવાનું હોય છે, પરંતુ રમતી વખતે તેની દ્રષ્ટિમાં દડો જ છે. એ વાત સત્ય છે કે તે પોતાના લક્ષ્યને ક્રિકેટ રમતી વખતે પણ ભૂલ્યો નથી. પરંતુ પોતાના લક્ષ્ય ઉપર પણ દ્રષ્ટિ જાય, તો લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી. જો તે ક્રિકેટરને રમતી વખતે દ્રષ્ટિ દડા ઉપરથી હટીને ધન ઉપર જાય એટલે કે લક્ષ્ય જ દ્રષ્ટિમાં આવી જાય તો તે સારી રીતે રમી નહીં શકે અને આઉટ થઈ જશે. એ જ પ્રમાણે સાધકને મોક્ષના લક્ષ્યે આત્મા ઉપર દ્રષ્ટિ હોય છે. પરંતુ સાધનાકાળે જો મોક્ષરૂપી લક્ષ્ય ઉપર પણ દ્રષ્ટિ જાય, તો મોક્ષરૂપી લક્ષ્યની પ્રાપ્તિ નહીં થાય, કારણ કે મોક્ષ ઉપર દ્રષ્ટિ કરવી, એ પણ વિકલ્પ જ છે. આત્મા ઉપર દ્રષ્ટિ કરવાથી મોક્ષ લક્ષ્ય મળે છે. **દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવાથી પર્યાય નિર્મળ થાય છે, શુદ્ધપર્યાય ઉપર દ્રષ્ટિ કરવાથી પણ પર્યાય મલિન જ થાય છે.**

આશય એ છે કે **કર્મ કર, ફળની ઈચ્છા ન કર. આત્મદ્રવ્ય ઉપર દ્રષ્ટિ કર, મોક્ષના વિકલ્પ પણ ન કર.** પણ હા, આત્મતત્વ ઉપર દ્રષ્ટિ કર્યા પહેલા મોક્ષનો નિર્ણય જરૂર કર. મોક્ષફળનો નિર્ણય આત્મસાધનામાં સાધ્યની પ્રાપ્તિનું મહત્વપૂર્ણ સાધન છે.

કોઈ નાયકનું લક્ષ્ય ધન કમાવાનું છે, તેણે રડવાનો ભાગ ભજવવાનો છે. જ્યારે તે નાયક રડે છે, ત્યારે પણ તેની દ્રષ્ટિમાં તો ધન જ છે. જો તે રડતી વખતે ધન ઉપર દ્રષ્ટિ કરે, તો રડવાનું બંધ થઈ જશે અને હંસવાનું શરૂ થઈ

જશે. તેણે પોતાના લક્ષ્યને મેળવવા માટે તે સમયે તો અલક્ષ્યની જેમ લક્ષ્યને પણ દ્રષ્ટિમાં લેવાનું નથી. એ જ પ્રમાણે **સુખનું લક્ષ્ય, દ્રષ્ટિમાં આવી જાય તો પણ દ્રષ્ટિ આત્માથી હટી જાય છે. સુખ પર દ્રષ્ટિ કરવાથી સુખ પ્રગટ થતું નથી, પણ આત્મા ઉપર દ્રષ્ટિ કરવાથી સુખ પ્રગટ થાય છે.**

સાધકે એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે જ્યારે પણ દ્રવ્ય જણાશે, ત્યારે પર્યાય સહિત જ જણાશે. પરંતુ પર્યાયથી ભિન્ન દ્રષ્ટિમાં આવશે. ત્યારે જ અભેદ નિર્વિકલ્પ આત્માનુભૂતિ થશે.

દ્રવ્યને પર્યાયથી ભિન્ન કરવાનો ભાવ તે મિથ્યાત્વ અને કષાય છે અને દ્રવ્યને પર્યાયથી ભિન્ન દ્રષ્ટિમાં લેવું તે સમ્યગ્દર્શન છે. મિથ્યાત્વ અને કષાય જ સંસારનું મૂળ છે અને સમ્યગ્દર્શન જ ધર્મનું મૂળ છે.

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર આ ત્રણેયની એકતા જ મોક્ષમાર્ગ છે. આ જ અપૂર્વ ધર્મ છે. આવો અલૌકિક ધર્મ તેને પ્રગટ થાય છે, જે આત્માએ નિજ શુદ્ધાત્માને દેહાદિક સંયોગોથી ભિન્ન જાણ્યો હોય, માન્યો હોય અને નિજ શુદ્ધાત્માને અનુભવ્યો હોય. સ્વયંને શુદ્ધાત્મા માનતા જગતના પ્રત્યેક જીવ શુદ્ધાત્મારૂપે જ દ્રષ્ટિમાં આવે છે. સમ્યગ્દ્રષ્ટીની દ્રષ્ટિ સંયોગ અને સંયોગીભાવોથી ભિન્ન ત્રિકાળી શુદ્ધ સ્વભાવ પર જ હોય છે.

**જે જીવની દ્રષ્ટિમાં દ્રવ્ય અને જ્ઞાનમાં પર્યાય સહિત દ્રવ્ય હોય છે તે જીવની પરિણતિ નિર્મળ થાય છે. અહીં દ્રષ્ટિ એટલે દર્શન, જ્ઞાન એટલે જ્ઞાન અને પરિણતિ એટલે ચારિત્ર. આ રત્નત્રયની એકતા જ મોક્ષમાર્ગ છે. આ જ સાધક જીવની સાધના છે.**

સાધકનું લક્ષ આત્મા નથી, પરંતુ મોક્ષ છે. આત્મા દ્રષ્ટિનો વિષય છે, મોક્ષ દ્રષ્ટિનો વિષય નથી, પરંતુ જ્ઞાનનો વિષય છે, મોક્ષ એ જીવનું લક્ષ્ય છે. તેથી તત્ત્વોના સ્વરૂપ નિરૂપણમાં જીવતત્ત્વને જ્ઞેય અને મોક્ષતત્ત્વને સર્વથા ઉપાદેય કહ્યું છે. તેથી **જે જીવ સમસ્ત અજીવથી ભિન્ન પોતાના એકપણાનો અનુભવ કરે છે, તે જીવને આશ્રવ તથા બંધથી સહેજે નિવૃત્તિ થાય છે. સંવર તથા નિર્જરા પ્રારંભ થાય છે અને તે સાધક પોતાના સાધ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.**



# ૧૫. હોવું તે સુખ કે દુઃખનું કારણ નથી

જેવી રીતે કોઈ વ્યક્તિ સમુદ્રની લહેરો પર સ્થિત થઈ સમુદ્રના અસ્થિરપણાનો જ અનુભવ કરે છે, જો કે ઊંડે-ઊંડે જવાથી તેને શાંત સમુદ્રનો અનુભવ થઈ શકે છે, પરંતુ તે તરંગોની આસક્તિને વશીભૂત થઈને શાંત સમુદ્રનો અનુભવ કરી શકતો નથી. ત્યાં જ કોઈ બીજી વ્યક્તિ સમુદ્રના ઊંડાણમાં જઈને સમુદ્રના શાંત સ્વભાવનો જ અનુભવ કરે છે. જો કે તે વ્યક્તિ જ્યાં સ્થિત છે, તેના ઉપરના ભાગ પર સમુદ્રની તરંગો હોવા છતાં તે તરંગો આ વ્યક્તિના શાંત અનુભવમાં બાધક થતી નથી.

મિથ્યાદ્રષ્ટી અને સમ્યગ્દ્રષ્ટી બંને પ્રકારના જીવોનો દ્રવ્યસ્વભાવ તો શુદ્ધ છે અને પર્યાયમાં રાગ પણ છે. આટલી સામ્યતા હોવા છતાં પણ મિથ્યાદ્રષ્ટી દુઃખી છે અને સમ્યગ્દ્રષ્ટી સુખી છે. મિથ્યાદ્રષ્ટી રાગાદિ ભાવરૂપ મલિન પર્યાયની તરંગોમાં એકત્વ કરતો હોવાથી તેનો જ અનુભવ કરે છે અને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવના ઊંડાણ સુધી પહોંચતો નથી, તેના ફળસ્વરૂપે તે દુઃખનો જ અનુભવ કરે છે. સમ્યગ્દ્રષ્ટી જીવ પોતાના સ્વભાવના ઊંડાણમાં જઈને એકમાત્ર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકનો અનુભવ કરે છે અને રાગાદિ ભાવરૂપ મલિન પર્યાય પર દ્રષ્ટિ કરતા નથી, તેથી તે જ્ઞાયકના સુખનો જ અનુભવ કરે છે. રાગાદિ ભાવરૂપ મલિન પર્યાય જ્ઞાનીને સુખની અનુભૂતિમાં બાધક થતી નથી.

સર્વત્ર દ્રષ્ટિની જ પ્રધાનતા છે. કોઈ વ્યક્તિ તમને પાપી માને છે તો તમે કહેશો કે તે વ્યક્તિની દ્રષ્ટિ મારી પર્યાય પર જ છે, તે વ્યક્તિ મારા દ્રવ્યની શુદ્ધતાને તો દેખતો જ નથી. જો તે મારા શુદ્ધ દ્રવ્યને દેખત, તો સમજી શકત કે વર્તમાનમાં પણ હું શુદ્ધ છું. ભાઈ! તમારે એ વાત અવશ્ય યાદ રાખવી જોઈએ કે તમે તેને ક્યા રૂપે દેખ્યા? તેણે તમને પાપી માન્યા, તમને પાપી માનવા, એ પણ તે વ્યક્તિની પર્યાય જ તો છે. **જેમની દ્રષ્ટિ પર્યાય ઉપર છે એવા પર્યાય દ્રષ્ટિવાળા જીવને પણ પર્યાયથી ભિન્ન શુદ્ધ દ્રવ્યના રૂપમાં જાણવા તેમજ**

**માનવા તે જ દ્રવ્યદ્રષ્ટિ છે. તમને પાપી માનવાવાળા જીવોને પણ પરમાત્મા માનવા તે જ દ્રવ્યદ્રષ્ટિ છે.** પર્યાયથી એકત્વ છુટતા પ્રત્યેક આત્માને પરમાત્મા માનવારૂપ અપૂર્વ પર્યાય પ્રગટે છે.

જેણે એક સમય માટે પણ પોતાને પરમાત્મા માન્યો, તે અનંતકાળ સુધી પોતાને પરમાત્મા માનશે, કારણ કે જીવની પાસે ક્યારેય પણ વર્તમાનકાળનો એક સમય જ હોય છે, ભૂતકાળ તથા ભવિષ્યકાળ તો તેના હાથમાં હોતા જ નથી. **ભૂતકાળ તો સપના છે તથા ભવિષ્યકાળ તો કલ્પના છે, એકમાત્ર વર્તમાનકાળ જ અપના (પોતાનો) છે. આ અમૂલ્ય વર્તમાનકાળના એક સમયની પર્યાયમાં ત્રિકાળી ભગવાનની અનુભૂતિ કરવી તે જ વર્તમાનકાળની સાર્થકતા છે.**

મનુષ્યભવનો આદિ છે અને મનુષ્યભવનો અંત છે, એવા આ મનુષ્યભવમાં જેનો આદિ અને અંત નથી, એવા ભગવાન આત્મામાં એકત્વ સ્થાપિત કરવું એમાં જ મનુષ્યભવની સાર્થકતા છે. **આત્માનુભૂતિ માટે પ્રાપ્ત સંયોગ ભવિષ્યમાં રહેશે કે નહીં? કદાચ સંયોગો રહી પણ જાય, પરંતુ હું તે સંયોગોની સાથે રહીશ કે નહીં? કદાચ સંયોગ પણ રહી જાય અને હું પણ અહીં સંયોગોની સાથે રહું, પણ આત્માનુભૂતિ કરવાના ભાવ રહેશે કે નહીં? તેથી પરિણામોનો લાભ ઉઠાવી શીઘ્રાતિશીઘ્ર આત્મહિત કરી લેવું જોઈએ.**

જે જીવ સ્વંયને પર્યાયથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ભગવાન આત્મા માને છે, તે જીવ જગતના સમસ્ત જીવોને પણ પર્યાયથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ભગવાન આત્મા માને છે. જગત તો દર્પણ છે, તમે જેવા હશો, એવો જ અનુભવ તમને જગતરૂપી દર્પણમાં થશે. મોહી વ્યક્તિ જ્યાં પણ જશે, તે મોહ-રાગ-દ્વેષના વિષયોને સહેજે શોધી લેશે. તેને નિર્જન વનમાં જઈને પણ શહેરનો અવાજ સંભળાશે.

જગતના પ્રત્યેક જીવને શુદ્ધાત્મારૂપે માનવાનો અભ્યાસ કરવાનો નથી પરંતુ જે પોતાને પર્યાયથી પાર ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા માને છે, તેને બધા જીવ સહેજે શુદ્ધ જાણવામાં આવે છે, માનવામાં આવે છે.



# ૧૬. જ્ઞાનથી સુખ

આત્માના અનંત ગુણોમાંથી એક સુખ ગુણ જ એવો છે, જેની પ્રાપ્તિ સંસારના બધા જીવો ઈચ્છે છે. એ જરૂરી નથી કે પ્રત્યેક જીવ જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય કે ચારિત્ર પ્રગટ કરવા ઈચ્છતો હોય, પરંતુ ત્રણેય લોકમાં રહેવાવાળા બધા જ જીવ સુખની પ્રાપ્તિ કરવા તો જરૂર ઈચ્છે છે.

સુખની ઈચ્છા કરવા છતાં અજ્ઞાની જીવને આજ સુધી સુખની પ્રાપ્તિ ન થઈ. કોઈ લોકો તો એમ પણ કહે છે કે અનાદિકાળથી આ જીવે સુખની ઈચ્છા કરી અને દુઃખ જ પામ્યો. જો સુખની ઈચ્છા કરવાથી દુઃખ પામે છે, તો દુઃખની ઈચ્છા કરો, જેટલું થઈ શકે, એટલું શરીરને કષ્ટ આપો, તો જરૂર સુખની પ્રાપ્તિ થશે. તેથી તેઓ વ્રત, તપ, ઉપવાસ વગેરે કરીને શરીરને ક્ષીણ કરી દે છે.

જેવી રીતે કોઈ બાળક કલમ વડે લખે છે. લખતા-લખતા જ્યારે કલમ ખરાબ થઈ ગઈ અને એના વડે જ્યારે લખી ન શકાયું, ત્યારે તે બાળક ગુસ્સે થઈને જોરથી કલમને જમીન પર ફેંકી દે છે, તોડી નાખે છે. પહેલા તેને કલમમાં રાગ હતો, હવે કલમમાં દ્વેષ થઈ ગયો. એ જ રીતે શરીરમાં સુખની અપેક્ષા રાખનાર અજ્ઞાની શરીરમાંથી સુખ ન મળતા શરીરને ક્ષીણ કરવા લાગે છે. તે અજ્ઞાની શરીરમાં રાગ છોડીને દ્વેષ કરવા લાગે છે, પરિણામે દુઃખી જ થાય છે. તે માને છે કે સુખની ઈચ્છા કરવાથી દુઃખ અને દુઃખની ઈચ્છા કરવાથી સુખ મળે છે. જ્ઞાની તેને કહે છે કે સુખની ઈચ્છા કરવાથી તો દુઃખ મળે છે, સાથે સાથે દુઃખની ઈચ્છા કરવાથી પણ દુઃખ જ મળે છે. ઈચ્છા જ દુઃખનું મૂળ કારણ છે, ઈચ્છા જ દુઃખ છે.

નિરાકુળતા જ સુખનું લક્ષણ છે અને જ્ઞાન જ નિરાકુળ સુખની પ્રાપ્તિનું એક માત્ર સાધન છે. અહીં જિજ્ઞાસુ જીવને આ પ્રશ્ન ઉપસ્થિત થવો સ્વાભાવિક છે કે જ્ઞાન જો સુખનું કારણ છે તો જ્ઞાનમાં એવું શું છે કે જાણવા માત્રથી જ જીવને સુખની અનુભૂતિ થાય છે?

જ્ઞાનીને ચારિત્ર મોહનીય કર્મના ઉદયના નિમિત્તથી રાગાદિ વિકલ્પ ઉત્પન્ન પણ થાય છે અને વિકલ્પના કારણે દુઃખ પણ થાય છે, તો પણ જ્ઞાની સુખી છે. હા, વિકલ્પ તેમજ દુઃખના કાળે પણ જ્ઞાની સુખી છે. કારણ કે જ્ઞાની વિકલ્પ તેમજ વિકલ્પથી થવાવાળા દુઃખને પોતાનું સ્વરૂપ માનતા નથી. જ્ઞાની પોતાને જ્ઞાયક જ જાણે છે, માને છે અને જ્ઞાયકમાં જ સ્થિર થાય છે. **કર્મોદયના નિમિત્તથી જે સંયોગ મળે છે, એ સંયોગોને ઉદયગત જાણીને તેમાં કર્તૃત્વભાવ ન કરવો, એ જ જાગૃતિ છે.** લોકમાં કહેવાય છે કે જેના ઉપર આપણો અધિકાર નથી તેને પોતાના માનવા તે અનીતિ છે. અધ્યાત્મમાં તો ત્યાં સુધી કહ્યું છે કે જે વસ્તુ મળવાનો કર્મોદય વર્તમાનમાં નથી, તો પણ તે વસ્તુને વર્તમાનમાં મેળવવાની આકાંક્ષા જ અનીતિ છે અને કદાચિત કર્મોદયથી કોઈ પરપદાર્થનો સંયોગ થઈ જાય તો પણ તેને પોતાનો માનવો એ મિથ્યાત્વ નામની મહાપાપરૂપ અનીતિ છે. **જ્ઞાની તો સંયોગના કાળમાં પણ સંયોગ અને સંયોગીભાવોથી ભિન્ન સહજ જ્ઞાન સ્વભાવનો અનુભવ કરે છે.**

જ્યારે કોઈ જ્ઞેયને જાણીને દુઃખનું વેદન થાય, ત્યારે તે જાગૃતિ અવશ્ય રાખવી જોઈએ કે મને દુઃખનું વેદન થયું જ નથી, પરંતુ પોતાના જ્ઞાનનું જ વેદન થયું છે. જ્ઞાનનું વેદન જ મારું વેદન છે. જેમ - શરીરમાં પીડા થવાના કારણે દુઃખ થાય છે, ત્યારે શરીરની પીડા તે જ્ઞાનનું જ્ઞેય છે અને દુઃખ પણ જ્ઞાનનું જ્ઞેય જ છે, તે બન્ને પરજ્ઞેય જ છે. તે બન્નેનો મારા જ્ઞાન સ્વભાવમાં સમાવેશ નથી. દુઃખ જ્ઞાનમાં જણાવાથી જો જ્ઞાન સ્વયં દુઃખમય પરિણમિત થઈ જાય તો એમ જાણવું કે હું દુઃખી થયો. પરંતુ જ્ઞાન તો નિત્ય જ્ઞાનરૂપ જ રહે છે, તેથી હું ક્યારેય પણ દુઃખી થતો નથી.

જેવી રીતે દુઃખ જ્ઞેય છે, તેવી રીતે, ઇન્દ્રિય સુખ પણ પરજ્ઞેય જ છે. ઇન્દ્રિય સુખને જાણવા માત્રથી હું ક્ષણભરના માટે પણ સુખી થતો નથી. હું સ્વભાવથી ત્રિકાળ સુખી જ છું, કારણ કે જે પ્રદેશ પર જ્ઞાન છે તે પ્રદેશ પર સુખ છે. જેવી રીતે જ્ઞાન પ્રદેશ પર આકુળતા નથી, એવી રીતે સુખ પ્રદેશ પર આકુળતા નથી. આત્માના કોઈ પણ પ્રદેશ પર આકુળતા નથી. આત્મા આકુળતા રહિત નિરાકુળ શુદ્ધ તત્ત્વ છે.



જ્ઞાનીને પરજ્ઞેયોથી ભિન્ન જ્ઞાન સ્વભાવની અનુભૂતિથી સુખની અનુભૂતિ પણ થાય છે. અતીન્દ્રિય જ્ઞાન તેમજ અતીન્દ્રિય સુખની અનુભૂતિ નહીં, પરંતુ જ્ઞાન તથા સુખની અનુભૂતિ થાય છે. કારણ કે અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખમાં પણ ઈન્દ્રિય જ્ઞાન તેમજ ઈન્દ્રિય સુખના વિકલ્પ ઉત્પન્ન થાય છે. તેથી જ્ઞાન તેમજ સુખને ઈન્દ્રિય તથા અતીન્દ્રિય વગેરે ભેદોમાં વિભાજિત ન કરીને માત્ર જ્ઞાન તથા સુખ સ્વરૂપે જ જાણવા જોઈએ.

જ્યારે આપ વિચારો છો કે મને આજે પ્રમાદના કારણે કોઈપણ કામ કરવામાં મન નથી લાગતું. પ્રમાદ જ્ઞાન પર્યાયમાં જણાવાના કારણે આપ પ્રમાદી થઈ નથી ગયા. પ્રમાદ પણ જ્ઞાનનું જ્ઞેય છે. કેવળજ્ઞાનમાં સંપૂર્ણ વિશ્વ જણાય છે, તેથી કેવળજ્ઞાની વિશ્વના સ્વામી થઈ જતા નથી. તેવી રીતે પ્રમાદનો ભાવ જ્ઞાનમાં જણાવાના લીધે આપ પ્રમાદી થઈ જતા નથી. સમુદ્ર આપના જ્ઞાનમાં જણાય છે, તેથી આપ સમુદ્ર થઈ જતા નથી. બસ એ જ રીતે પ્રમાદરૂપ જ્ઞેયને જાણવા માત્રથી આપ પ્રમાદી થઈ જતા નથી. એ જ કારણ છે કે **જ્ઞાની પોતાને પ્રમાદ તથા અપ્રમાદ બંને ભાવોથી જુદો જ્ઞાયક જાણે છે, માને છે અને અનુભવ કરે છે.**

જેવી રીતે પવનના નિમિત્તથી સમુદ્રની લહેર ઉછળે છે, સમુદ્રની લહેરના નિમિત્તથી જહાજ પણ ડોલાયમાન થાય છે, જહાજના નિમિત્તથી જહાજમાં બેસવાવાળા મુસાફરો પણ ચલાયમાન થાય છે. પરંતુ હું ભગવાન આત્મા પવન, સમુદ્ર, જહાજ અને મુસાફરો વગેરે બધા જ જ્ઞેયોથી ભિન્ન છું, તેમને જાણવા માત્રથી હું તેનો સ્વામી થઈ જતો નથી. તેવી રીતે કર્મોદયરૂપી પવનના નિમિત્તથી રાગાદિ વિકારી ભાવરૂપી તરંગો ઉછળે છે, રાગાદિ ભાવરૂપ તરંગના નિમિત્તથી શરીરરૂપી જહાજની ક્રિયા પણ થાય છે, શરીરની ક્રિયાના નિમિત્તથી પરિવારજનરૂપી મુસાફરોનું કાર્ય પણ થાય છે, પરંતુ ખાસ યાદ રહે કે હું ભગવાન આત્મા આ બધા જ્ઞેયોથી ભિન્ન જ્ઞાયક છું.

અજ્ઞાનીને જ્ઞેયમાં એકત્વ હોવાથી તે દુઃખરૂપ જ્ઞેયમાં એકત્વ કરીને દુઃખી થાય છે અને જ્ઞાનીને જ્ઞાનમાં જ એકત્વ હોવાથી તેઓ જ્ઞાનનો એકત્વપૂર્વક અનુભવ કરી સુખી થાય છે. **જ્ઞાનીનું એકત્વ જ્ઞાનમાં હોવાથી કોઈપણ અવસ્થાના કાળે જ્ઞાની તો માત્ર જ્ઞાની છે.**

# ૧૭. પર્યાયની સરખામણી દ્રવ્યની સાથે

માન કષાયના કારણે મોહાંધ વ્યક્તિ સદાય પોતાને મહાન દેખાડવા માટે પોતાની સરખામણી એવા લોકો સાથે કરવા માંગે છે, જેને તે પોતાનાથી હીન માનતો હોય. અહીં સુધી કે તે પોતાની રેખાને મોટી દેખાડવા માટે બીજાની રેખાને નાની કરવાનો પ્રયાસ કરે છે. **અહંકારથી વશીભૂત તે અજ્ઞાની બીજાની રેખાને નાની કરવાના પ્રયાસમાં એ ભૂલી જાય છે કે તેના જીવનની રેખા પણ થોડા સમયમાં સમાપ્ત થવાવાળી છે.**

સાધક અવસ્થામાં એ વાત અવશ્ય યાદ રાખવી જોઈએ કે સાધકે પોતાની વર્તમાન પર્યાયની સરખામણી બીજા કોઈ આત્માની પર્યાય સાથે ન કરવી. અહીં સુધી કે પોતાની વર્તમાન પર્યાયની સરખામણી પોતાની ભૂતકાળની પર્યાય સાથે પણ ન કરવી. પોતાની વર્તમાન પર્યાયને પોતાની ભૂતકાળની પર્યાયની સાથે સરખામણી કરવાથી જીવનો પુરૂષાર્થ અટકી જાય છે.

જ્ઞાની ક્યારેય એવો વિચાર કરતા નથી કે પહેલા તો હું અનંતાનુબંધી કષાય સહિત હતો પરંતુ હવે અનંતાનુબંધી કષાયનો અભાવ થઈ ગયો છે. એમ વિચાર કરવાથી જીવ આંશિક શુદ્ધ પર્યાયમાં જ સંતુષ્ટ થઈ જાય છે. દ્રવ્ય સ્વભાવમાં શેષ ત્રણ કષાય ચોકડીનો પણ સદ્ભાવ નથી, તો પર્યાયમાં ત્રણ કષાય ચોકડીનો સદ્ભાવ પણ કેમ? એ જ કારણ છે કે જ્ઞાની વિશુદ્ધિની નહીં, પરંતુ પરમ વિશુદ્ધિની પ્રાપ્તિની કામના કરે છે. **શુદ્ધદ્રવ્ય સમાન પર્યાયનું પરિપૂર્ણ શુદ્ધ પ્રગટ થવાનું નામ જ આત્મસાધના છે.**

જ્યારે દ્રવ્યની સાથે પણ પર્યાયની સરખામણી છૂટી જાય છે, ત્યારે દ્રવ્ય તેમજ પર્યાયનું અભેદ મિલન થાય છે. દ્રવ્ય તેમજ પર્યાયનું અભેદ થઈ જવું તે જ નિર્વિકલ્પ આત્માનુભૂતિ છે.



# ૧૮. દ્રવ્ય શુદ્ધ છે તો પર્યાય અશુદ્ધ કેમ?

દ્રવ્ય અનાદિ-અનંત શુદ્ધ જ છે. શુદ્ધ દ્રવ્યમાંથી અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થતી નથી અને અશુદ્ધ પર્યાય શુદ્ધ દ્રવ્યમાં મળતી જ નથી. શુદ્ધ દ્રવ્યમાંથી શુદ્ધ પર્યાય જ ઉત્પન્ન થાય છે અને વ્યય પામીને શુદ્ધ દ્રવ્યમાં જ મળે છે. દ્રવ્ય ત્રિકાળ સત છે, પર્યાય ક્ષણિક સત છે. શુદ્ધ દ્રવ્યમાંથી ઉત્પન્ન થયા બાદ એક સમય માટે પરદ્રવ્યનો આશ્રય લે છે, તેથી એક સમય માટે જ અશુદ્ધ થાય છે. જ્યારે તે અશુદ્ધ પર્યાય ફરી દ્રવ્યમાં મળે છે, ત્યારે પરદ્રવ્યનું લક્ષ્ય તો બહાર જ છોડી દે છે, તેથી દ્રવ્યમાં મળતી વખતે પર્યાયના અશુદ્ધ થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

જેમ પાણીનો સ્વભાવ શીતળતા છે, છતાં પણ તે આગના સંયોગના નિમિત્તથી ઉષ્ણ થાય છે, એવી જ રીતે જીવ દ્રવ્ય સ્વભાવથી શુદ્ધ હોવા છતાં પરદ્રવ્યના નિમિત્તથી પર્યાયમાં અશુદ્ધ થાય છે. છ દ્રવ્યોમાંથી જીવ અને પુદગલ આ બે દ્રવ્યોમાં વૈભાવિક ગુણ હોવાથી તેઓ પરના નિમિત્તમાં જઈને અશુદ્ધરૂપે પરિણમિત થાય છે. સિદ્ધ ભગવાન તથા પુદગલ પરમાણુ પરના નિમિત્ત જતા નથી, તેથી સિદ્ધ ભગવાન તથા પુદગલ પરમાણુને વૈભાવિક ગુણનું શુદ્ધ પરિણમન થાય છે. સિદ્ધ ભગવાન શુદ્ધ થયા બાદ ફરી અશુદ્ધ થતા નથી, જ્યારે પુદગલ પરમાણુનો અન્ય પરમાણુ સાથે બંધ થઈને અશુદ્ધ પરિણમન થઈ શકે છે. સિદ્ધ ભગવાનનું શુદ્ધ પરિણમન સાદિ-અનંત અને પુદગલ પરમાણુનું શુદ્ધ પરિણમન સાદિ-સાંત હોય છે.

જેવી રીતે પાણીને જેવું આગના સંયોગથી અલગ કરી દેવામાં આવે, તો તે પોતાના સ્વભાવરૂપે સહેજે શીતળ થઈ જશે, એવી રીતે પરપદાર્થોથી દ્રષ્ટિ હટાવીને આત્મા સ્વભાવમાં સ્થિર કરવાથી આત્માની પર્યાયમાં પણ દ્રવ્ય સ્વભાવ જેવી જ શુદ્ધતા પ્રગટ થશે.

જેમ - પાણી ગરમ હોવા છતાં પણ પોતાના શીતળ સ્વભાવને છોડતું

નથી. ગરમ પાણીને પણ આગ પર નાખીશું, તો તે ગરમ પાણી પણ આગને ઓલાવવાનું કામ જ કરશે અર્થાત્ ગરમ પાણી પણ પોતાના શીતળ સ્વભાવને છોડતું નથી. એવી જ રીતે રાગાદિ વિભાવની ઉત્પત્તિના કાળે પણ આત્મા પોતાના જ્ઞાન સ્વભાવને છોડતો નથી. રાગાદિ ભાવરૂપે અશુદ્ધ પર્યાયનું જ્ઞાન પણ શુદ્ધ પર્યાયમાં જ થાય છે.

અજ્ઞાનભાવ આત્માની અશુદ્ધતા છે, તેમ છતાં એ વાત જરૂર યાદ રાખવી જોઈએ કે અજ્ઞાનમાં પણ જ્ઞાન છે અર્થાત્ અશુદ્ધતામાં શુદ્ધતા જ સમાયેલી છે. જેવી રીતે જ્ઞાની અજ્ઞાનમાં પણ શુદ્ધ જ્ઞાનનો અનુભવ કરે છે, એવી રીતે દુઃખમાં પણ સુખનો અનુભવ કરે છે. જેમ જ્ઞાન ગુણનું જ પરિણમન અજ્ઞાન છે, તેમ સુખ ગુણનું જ પરિણમન દુઃખ છે. **અજ્ઞાનતાને પણ વિશેષ ભેદરૂપે ન દેખતા એક સામાન્ય જ્ઞાનનો જ અનુભવ થાય છે. કારણ કે અજ્ઞાનતા પણ જ્ઞાન ગુણની જ પર્યાય છે. એવી જ રીતે દુઃખને પણ વિશેષ ભેદરૂપે ન દેખતા એક સામાન્ય સુખનો જ અનુભવ થાય છે. કારણ કે દુઃખ પણ સુખ ગુણની જ પર્યાય છે.**

અજ્ઞાન તથા દુઃખ આત્માના સ્વભાવનું જ પરિણમન છે, એવી જ રીતે રાગ-દ્વેષના ભાવ પણ આત્માના ચારિત્ર ગુણનું પરિણમન છે. ત્યાં પણ રાગ-દ્વેષના ભાવવિશેષને દ્રષ્ટિમાં ન લેતાં માત્ર ચારિત્ર જ દ્રષ્ટિમાં આવે છે. ચારિત્ર ગુણનું સામાન્ય પરિણમન જ દ્રષ્ટિમાં આવે છે.

જેની દ્રષ્ટિ મીઠાશ ઉપર છે, તેને પર્યાયનો જ અનુભવ થાય છે. જેની દ્રષ્ટિ સામાન્ય રસ માત્ર ઉપર છે, તે કડવા રસને ચાખતી વખતે પણ એવો જ અનુભવ કરે છે કે મેં રસનો અનુભવ કર્યો. રસની કોઈ પણ પર્યાયમાં રસ માત્રનો અનુભવ કરનાર રસ વિશેષમાં રસ ધરાવતો નથી, તેથી રસ વિશેષના પલટાવથી દુઃખી થતો નથી. એવી જ રીતે જ્ઞેયાકાર જ્ઞાન વિશેષનો અનુભવ કરનાર જીવને પર્યાયનો જ અનુભવ થાય છે. જેની દ્રષ્ટિ સામાન્ય જ્ઞાન માત્ર ઉપર છે, તે જીવ જ્ઞેયોને જાણતો હોવા છતાં સામાન્ય જ્ઞાન સ્વભાવનો જ અનુભવ કરે છે. જ્ઞાનની કોઈ પણ પર્યાયમાં જ્ઞાન માત્રનો અનુભવ કરનાર સાધક જ્ઞેયવિશેષમાં રૂચિ ધરાવતો નથી, તેથી જ્ઞાનની પર્યાય પલટાવા છતાં પણ દુઃખી થતો નથી.



જેવી રીતે જ્ઞાનની પર્યાય ગમે તેવી હોય, જ્ઞાની પોતાનું સ્વરૂપ જ્ઞાનસ્વભાવવાન હોવાથી પોતાને જ્ઞાની જ માને છે, તેવી રીતે સુખની પર્યાય દુઃખરૂપે હોવા છતાં જ્ઞાની પોતાનું સ્વરૂપ સુખસ્વભાવવાન હોવાથી પોતાને સુખી જ માને છે. **વિશેષના વિકલ્પોમાં ન જઈને એક માત્ર સામાન્યનો અનુભવ કરવાથી વિકલ્પનું અસ્તિત્વ જ રહેતું નથી. જ્ઞાનીની દ્રષ્ટિ એવી નિર્મળ હોય છે કે તેઓ વિભાવમાં પણ સ્વભાવનો અનુભવ કરી લે છે.**

ઉક્ત કથનનો આશય એ છે કે જ્ઞેયોના વિશેષોમાં ન જઈને એક માત્ર સામાન્યજ્ઞાનનો અનુભવ કરો કે જેથી જ્ઞેયવિશેષમાં જવાથી થનારા રાગાદિભાવોથી પણ બચી શકાય. જ્ઞેયવિશેષની રૂચિ જ જ્ઞાનની અરૂચિ છે. કારણ કે સામાન્યજ્ઞાનની સત્તા હોવા છતાં પણ વિષયલોલુપી જીવોને સામાન્યજ્ઞાન પણ શુષ્ક લાગે છે, તેથી તેઓ જ્ઞેયોના વિશેષોમાં જઈને વિકલ્પોના પ્રવાહમાં વહેતા જાય છે. તેમના અંતરંગ જીવનમાં વિકલ્પોને લગામ જ હોતી નથી.

દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, પરંતુ પર્યાય અશુદ્ધ છે. દ્રવ્ય અને ગુણ તો પરિણમિત થતા નથી, તેથી તેમાં પુરૂષાર્થ પણ કેવીરીતે કરવો? પુરૂષાર્થ તો પર્યાયમાં ઘટિત થાય છે. **જ્યારે જીવ એમ જાણે અને માને છે કે દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, ત્યારે પર્યાય પણ અશુદ્ધથી શુદ્ધરૂપે પરિણમિત થઈ જાય છે. કારણ કે દ્રવ્ય અને ગુણના શુદ્ધપણાનું જ્ઞાન અને શ્રદ્ધાન જ પર્યાયની શુદ્ધિનો એક માત્ર ઉપાય છે.**

જેવી રીતે અશુદ્ધ પર્યાયના આશ્રયે પર્યાયમાં શુદ્ધિ પ્રગટ થતી નથી, શુદ્ધ પર્યાયના આશ્રયે પણ પર્યાયમાં શુદ્ધિ પ્રગટ થતી નથી. એક માત્ર શુદ્ધ દ્રવ્યના આશ્રયે અશુદ્ધ પર્યાય સહેજે શુદ્ધરૂપે પરિણમિત થાય છે.

આશ્રય શબ્દનો અર્થ સહાયતા નથી. જેમ - કોઈ નબળી વ્યક્તિ સહાયતા માટે અન્ય કોઈ વ્યક્તિ સમક્ષ હાથ લાંબો કરે છે, એવો આશ્રય શબ્દનો અર્થ ન સમજવો જોઈએ. આશ્રય શબ્દનું તાત્પર્ય એ છે કે જ્યારે પર્યાય એકત્વપૂર્વક દ્રવ્યમાં સ્થિર થાય છે અને દ્રવ્યમાં તન્મય થઈને દ્રવ્યનો અભેદ અનુભવ કરે છે, ત્યારે પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો, એમ કહેવાય છે.

# ૧૯. એક સમયની પર્યાયનું સામર્થ્ય

કેવળજ્ઞાનની પ્રત્યેક સમયની પર્યાયમાં ત્રિકાળવર્તી લોકાલોકના સમસ્ત જ્ઞેયો જણાય છે. જેમ કે, ભગવાન મહાવીરની કેવળજ્ઞાનની પહેલા સમયની પર્યાયમાં આદિનાથ ભગવાન સહિત અનંત કેવળજ્ઞાનીના કેવળજ્ઞાનની અનંતાનંત પર્યાય પણ જણાય છે. બીજા, ત્રીજા, ચોથા વગેરે અનંતાનંત સમયોમાં પણ આદિનાથ ભગવાન સહિત અનંત કેવળજ્ઞાનીના કેવળજ્ઞાનની અનંતાનંત પર્યાયો પણ જણાય છે. પ્રત્યેક પર્યાયમાં પ્રતિસમય ત્રિકાળવર્તી લોકાલોક જણાય છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય પણ એટલી સામર્થ્યવાન છે કે અનંત કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનના અનંતાનંત જ્ઞેયોને એક સમયમાં એક સાથે સ્પષ્ટ જાણે. પરંતુ એવી સામર્થ્યવાન પર્યાય પણ પ્રતિસમય ઉત્પન્ન થાય છે, વ્યય પામે છે. તેમાં પણ ઉત્પાદ-વ્યય નિરંતર થતો રહે છે. ઉત્પાદ તથા વ્યય તો પર્યાયનો સ્વભાવ છે. પછી તે કેવળજ્ઞાનની પર્યાય પણ કેમ ન હોય! **કેવળજ્ઞાનની અનંત પર્યાયનો ઉત્પાદ થાય છે અને અનંત પર્યાયનો વ્યય થાય છે. જે દ્રવ્યના આશ્રયે તે પર્યાય કેવળજ્ઞાનરૂપે પરિણમે છે. તે ત્રિકાળી, ધ્રુવ, અચલિત, અનુપમ, દ્રષ્ટિનો વિષય જ્ઞાયક જ હું છું.**

ભગવાન મહાવીરને આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં કેવળજ્ઞાન પ્રગટ થયું, ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થવાની શક્તિ આત્મામાં નવી ઉત્પન્ન થઈ ન હતી. આત્મામાં તો સર્વજ્ઞત્વ શક્તિ અનાદિકાળથી વિદ્યમાન હતી તે જ પર્યાયમાં પ્રગટ થઈ. જો દ્રવ્યમાં અનાદિથી સર્વજ્ઞત્વ શક્તિ ન હોત તો પર્યાયમાં વ્યક્ત થાત કેવી રીતે? આશય એ છે કે **પ્રત્યેક આત્મા શક્તિ અપેક્ષાએ ત્રિકાળ સર્વજ્ઞ જ છે.**

જે પોતાને વર્તમાનમાં શક્તિ અપેક્ષાએ સર્વજ્ઞ માને છે, તેની શક્તિ પર્યાયમાં પણ વ્યક્ત થાય છે. માટે એમ ન માનવું જોઈએ કે જ્યારે પર્યાયમાં કેવળજ્ઞાન થશે ત્યારે હું પોતાને કેવળજ્ઞાની માનીશ. અરે ભાઈ! પોતાને સર્વજ્ઞ સ્વભાવી પરમાત્મા માન્યા વિના પરમાત્મ પદ ક્યારેય પણ પ્રગટ થશે નહીં.



# ૨૦. પર્યાય અપેક્ષાએ પણ સર્વજ્ઞ અને નિગોદમાં સમાનતા

સર્વ જીવ સિદ્ધ સમાન છે. આ કથનનો મૂળ અર્થ તો એ થાય છે કે સર્વ જીવોના દ્રવ્ય સ્વભાવમાં એવું અનંત સામર્થ્ય છે કે બધા જીવ સિદ્ધ પર્યાયને પ્રગટ કરી શકે. ત્યાં બધા જીવોના દ્રવ્ય સ્વભાવની સમાનતા સિદ્ધ ભગવાનના દ્રવ્ય સ્વભાવ સાથે બતાવી નથી. જો દ્રવ્ય સ્વભાવની જ સમાનતા બતાવવી હોત તો સિદ્ધ ભગવાનના સ્થાને નિગોદના જીવોના દ્રવ્ય સ્વભાવને બતાવી શકતા હતા. એમ કહી શકતા હતા કે સર્વ જીવ નિગોદ સમાન છે. પરંતુ ત્યાં તો સર્વ જીવ સિદ્ધ સમાન છે, એમ કહ્યું છે. કારણ કે સિદ્ધ ભગવાનની પર્યાય અને સર્વ જીવોના દ્રવ્ય સ્વભાવનું તે સિદ્ધ પર્યાય પ્રગટ કરવાનું સામર્થ્ય બતાવવા માટે સર્વ જીવોને સિદ્ધ સમાન કહ્યા છે.

સૂક્ષ્મદ્રષ્ટિએ વિચાર કરતા સર્વ જીવોની પર્યાય પણ સિદ્ધ ભગવાનની પર્યાય સમાન શુદ્ધ છે. આ કથનનો આશય એ છે કે જેવી રીતે સિદ્ધ ભગવાનની કેવળજ્ઞાનની પર્યાયમાં જણાતા લોકાલોકના જ્ઞેય કેવળજ્ઞાનની પર્યાયમાં મળી જતાં નથી. તેવી રીતે નિગોદની જ્ઞાન પર્યાયમાં જણાતા કોઈપણ જ્ઞેય તેની જ્ઞાન પર્યાયમાં મળી જતાં નથી. **જાણવારૂપ પરિણમિત થવા માટે જ્ઞાનને કોઈપણ પરજ્ઞેયની અપેક્ષા હોતી નથી. કેવળજ્ઞાન હોય કે નિગોદનું જ્ઞાન હોય, જ્ઞાન તો માત્ર જાણવા-જાણવારૂપે જ પરિણમિત થાય છે. જાણવારૂપ પરિણમન તો બધાં જ જીવોનું એક સમાન જ થાય છે.**

જ્ઞેયોને ગૌણ કરીને જ્ઞાનાદિ ગુણોનું સામાન્ય પરિણમન તો જેવું કેવળી ભગવાનને થાય છે, તેવું જ સામાન્ય જાણવું-જાણવું એવું પરિણમન નિગોદમાં પણ થાય છે. સર્વજ્ઞ અને અલ્પજ્ઞ એવા ભેદ પણ જ્ઞેયો તરફ દ્રષ્ટિ કરવાથી ઉત્પન્ન થાય છે. લોકાલોક પણ જ્ઞેય જ છે અને અક્ષરનો અનંતમો ભાગ પણ જ્ઞેય જ છે. બન્ને જ્ઞેયોને જાણવાવાળું જ્ઞાન સામાન્ય અભેદ છે. તે

જાણવા-જાણવા માત્ર પરિણમિત થઈ રહ્યું છે.

જ્યાં સુધી જીવને જ્ઞેયોના ભેદને લીધે જ્ઞાનનો ભેદરૂપે અનુભવ થાય છે, ત્યાં સુધી તેને વિકલ્પો પણ ઉત્પન્ન થતા રહે છે અને તે વિકલ્પોમાં પોતાપણું સ્થાપિત કરવાના કારણે જ વિકલ્પોની પરંપરા ચાલતી રહે છે.

**જ્યારે જીવ, જ્ઞેયોના ભેદથી પણ જેનું ભેદન થતું નથી, એવા એક માત્ર સામાન્ય જ્ઞાન સ્વભાવની નજીક જઈને પોતાને જ્ઞાનસ્વરૂપે અનુભવ કરે છે, ત્યારે તે સહજપણે અલ્પજ્ઞથી સર્વજ્ઞ પદ તરફ ગતિમાન થાય છે.**

સર્વજ્ઞના જ્ઞાન પરિણમનનો આધાર ઈન્દ્રિય નથી, તેવી રીતે નિગોદના જ્ઞાન પરિણમનનો આધાર ઈન્દ્રિય નથી. કોઈપણ આત્મા ઈન્દ્રિયો દ્વારા જાણવામાં આવતો નથી અને ઈન્દ્રિયો દ્વારા આત્મા જાણતો નથી. **સર્વજ્ઞ હોય કે નિગોદિયો હોય, બધા જ જીવ પોતાના જ્ઞાન સ્વભાવથી જ જાણે છે.**

જે જીવોને પુદગલને જાણવાની જ રૂચિ છે, તે જ જીવોને એવો અનુભવ થાય છે કે ઈન્દ્રિયોના કારણે થાય છે, જો ઈન્દ્રિય જ નહીં હોય, તો જ્ઞાન પણ નહીં થાય. જેમ કે - કોઈ જીવને રંગ દેખવામાં સુખબુદ્ધિ હોવાથી તેને ચક્ષુ ઈન્દ્રિયની મહિમા આવે છે અને તે માને છે કે ચક્ષુ ઈન્દ્રિય નહીં હોય, તો જ્ઞાન પણ નહીં થાય. કારણ કે તે જીવે રંગના જ્ઞાનને જ જ્ઞાન માન્યું છે. ઈન્દ્રિય અને મન તો માત્ર પુદગલને જાણવામાં નિમિત્ત બને છે. જ્ઞાનીને પરદ્રવ્યમાં સુખબુદ્ધિ ન હોવાથી જ્ઞાની ઈન્દ્રિયાતીત સામાન્ય જ્ઞાનસ્વભાવનો અનુભવ કરે છે.

જ્યારે જીવ જ્ઞેયોથી નિરપેક્ષ એક માત્ર સામાન્ય જ્ઞાનની અનુભૂતિ કરે છે. ત્યારે જ્ઞાનમાં ઝળકવાવાળા જ્ઞેયોના પરિવર્તનના કારણે તેને આકુળતા થતી નથી. અજ્ઞાની જ્ઞાનમાં પણ જ્ઞેયોની અનુભૂતિ કરે છે, એટલે જ્ઞેયોના પરિવર્તનથી આકુળિત થાય છે, જ્ઞાની માત્ર જ્ઞાનની અનુભૂતિ કરે છે, તેઓ માને છે કે જે સામાન્ય જાણવા-જાણવારૂપ પરિણમિત થઈ રહ્યું છે, તે દ્રવ્યનું જ પ્રગટ સ્વરૂપ છે. જ્ઞાનીને નિરંતર નિજ સ્વભાવની અનુભૂતિ હોવાથી તેઓ પરસંયોગોમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરતા નથી.



# ૨૧. દ્રવ્યને પર્યાયની સ્પર્શના

કોઈપણ પરજ્ઞેય ને મહત્તા ન આપીને જ્ઞાન સ્વભાવની મહિમા જાગૃત થવાથી જ જ્ઞાન પર્યાયને દ્રવ્યની સ્પર્શના થાય છે. **જ્ઞાન સ્વભાવના માધ્યમથી જ્ઞાયક સુધી પહોંચીને માત્ર જ્ઞાતા-દ્રષ્ટા રહેવામાં આત્માનો અનંત પુરૂષાર્થ ગર્ભિત છે.**

જગતમાં જે પણ કાર્ય થાય છે, તેનામાં જ્ઞાનની જ તો પ્રધાનતા છે. તે જ મહિમાવાન જ્ઞાનનું જાણવા-જાણવારૂપી કાર્ય જ મારું કાર્ય છે. જ્ઞાન થયા પછી રાગ-દ્વેષના ભાવ પાછળથી દોડતા-દોડતા આવે છે, તો પણ જ્ઞાન પોતાનું જાણવારૂપ કાર્ય છોડતું નથી. રાગ અને દ્વેષની તારતમ્યતા જ્ઞેયોની અસ્થિરતાની સિદ્ધિ કરે છે. દરેક સમયે ભિન્ન-ભિન્ન જ્ઞેયોને જાણવારૂપ પરિણમન આત્માના જ્ઞાનના સક્રિયાપણાને સિદ્ધ કરે છે.

દરેક જીવમાં રાગાદિભાવરૂપ પરિણમનની સાથે-સાથે જ્ઞાનરૂપ પરિણમન પણ નિરંતર થાય છે. પરંતુ અજ્ઞાનીને દરેક જીવ રાગાદિભાવરૂપ પરિણમિત જ દેખાય છે અને જ્ઞાનીને દરેક જીવ જ્ઞાન સ્વભાવરૂપ પરિણમિત જ દેખાય છે. અશુદ્ધતા દેખાવાનું કારણ અશુદ્ધતા નથી, પરંતુ અશુદ્ધતાની રૂચિ છે. **અજ્ઞાનીને અનાદિ-અનંત ધારાપ્રવાહથી થવાવાળું જ્ઞાનના પરિણામનરૂપ જાણવાનું કાર્ય દેખાતું નથી, પરંતુ એક સમયનો ક્રોધ ભાવ દેખાય છે. તેના જ કારણે અજ્ઞાનીને રાગ-દ્વેષ અને જ્ઞાનીને વીતરાગતા પ્રગટ થાય છે.**

સાધકે આ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે કોઈ જીવમાં રાગાદિ કષાયભાવ ઉત્પન્ન થાય છે, તે તો તેની ચારિત્ર સંબંધની નબળાઈ છે. પરંતુ તે જીવને રાગી માનવો, તે મારી પોતાની શ્રદ્ધા સંબંધી નબળાઈ છે, એવું જાણીને પોતાના દોષને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ તો સર્વવિદિત છે કે **ચારિત્રની નબળાઈ પહેલા, શ્રદ્ધાની નબળાઈ દૂર થાય છે. પગની બિમારી દૂર કર્યા પહેલા આંખની બિમારી દૂર કરી લેવી જોઈએ.**

મનોવૈજ્ઞાનિક કહે છે કે જ્યારે કોઈ વ્યક્તિ, કોઈ બીજી વ્યક્તિની પ્રશંસા કરતી હોય, તો એમ જાણવું જોઈએ કે તે વ્યક્તિ, બીજી વ્યક્તિની પ્રશંસા કરવાના પોતાના સ્વભાવને વ્યક્ત કરી રહી છે અને જ્યારે કોઈ વ્યક્તિ, કોઈ બીજી વ્યક્તિની નિંદા કરતી હોય, તો એમ જાણવું જોઈએ કે તે વ્યક્તિ, બીજી વ્યક્તિની નિંદા કરવાના પોતાના સ્વભાવને વ્યક્ત કરી રહી છે. પહેલી વ્યક્તિ, બીજી વ્યક્તિ વિષે નહીં, પણ પોતાના વિષે જ બતાવી રહી છે કે હું કેવી છું?

જ્ઞાની પહેલી અને બીજી તે બંને વ્યક્તિઓના દોષોને ન દેખીને એમ માને છે કે દોષ તો પર્યાયમાં છે અને પર્યાય ક્ષણિક છે. તેથી કોઈ પણ જીવને પર્યાય દ્રષ્ટિએ ન દેખીને દ્રવ્ય સ્વભાવની દ્રષ્ટિએ દેખવો જોઈએ. અને શું તેમને દ્રવ્યદ્રષ્ટિએ દેખવાથી પણ મારૂં મુક્તિરૂપી સાધ્ય સિદ્ધ થશે? નહીં, ક્યારેય નહીં. દરેક જીવે પરદ્રવ્યથી દ્રષ્ટિ હટાવીને પોતાને પર્યાયથી ભિન્ન ત્રિકાળી, શુદ્ધ, જ્ઞાયકભાવ જાણવો, માનવો અને અનુભવવો, ત્યારે જ જીવનું આત્મહિત થઈ શકે છે.

જ્ઞાની દેહ સાથે રહે છે, છતાં પણ જ્ઞાનીની અંતરંગ દશા દેહાતીત હોય છે. **દેહથી છૂટવાનું નામ મુક્તિ નથી, પરંતુ દેહથી ભિન્ન આત્મા હું સ્વયં છું, એવી નિર્વિકલ્પ અનુભૂતિ થવાનું નામ મુક્તિ છે.** દરેક જીવને દેહથી ભિન્ન, દેહ રહિત દેખવાથી દરેક જીવ સિદ્ધ પરમાત્મા દેખાય છે અને દરેક દેહને આત્માથી ભિન્ન, આત્મા રહિત દેખવાથી દરેક દેહ મડદું દેખાય છે. જ્ઞાનીની શ્રદ્ધામાં જીવિતદેહ અને મૃતદેહની વચ્ચે કોઈ ભેદ હોતો નથી.

જ્યારે ક્ષણિક પર્યાય ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યમાં એકત્વ સ્થાપિત કરે છે, ત્યારે ક્ષણિક પર્યાય પણ પોતાને ત્રિકાળી માને છે, કારણ કે તે માને છે કે હું જ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા છું. આનું નામ જ દ્રવ્યને પર્યાયની સ્પર્શના છે. પર્યાયનું દ્રવ્યમાં અહંપણું સ્થાપિત થવાની અપેક્ષાએ ક્ષણિક પર્યાય પણ નિત્ય થઈ જાય છે. તે ક્ષણે તો નિત્ય અને ક્ષણિક વચ્ચે ભેદ પણ સમાપ્ત થઈ જાય છે. જ્યારે દ્રવ્ય અને પર્યાય અભેદ થઈ જાય છે, ત્યારે તે સાધક આત્મા અભૂતપૂર્વ નિર્વિકલ્પ આત્માનુભૂતિને ઉપલબ્ધ થાય છે.



# ૨૨. જીવ કર્મના ફળને વર્તમાનમાં જ ભોગવે છે

અજ્ઞાની જીવ વર્તમાનમાં રાગાદિભાવ કરીને દ્રવ્યકર્મોનો બંધ કરે છે. તેમાં અઘાતિકર્મોના ફળ સ્વરૂપે તેને ભવિષ્યમાં નોકર્મનો સંયોગ-વિયોગ થાય છે. અજ્ઞાની જીવ દ્રવ્યકર્મોના ફળમાં પ્રાપ્ત થવાવાળા નોકર્મને કર્મનું વાસ્તવિક ફળ માને છે, જ્યારે જ્ઞાની તો માને છે કે નિશ્ચયથી વર્તમાનમાં કરેલા ભાવોનું ફળ જીવ વર્તમાનમાં જ ભોગવે છે, કર્મોના ફળને ભોગવવા માટે એક સમયની પણ રાહ દેખતી પડતી નથી.

આત્મામાં બંધાયેલા અનેક પ્રકારના દ્રવ્યકર્મ એવા હોય છે, જે ઉદયમાં આવે છે અને આત્માને સુખ કે દુઃખ થતું જ નથી. કારણ કે આત્માનો ઉપયોગ તે સમયે તે નોકર્મ સિવાય કોઈ બીજા પદાર્થમાં જોડાયેલો હોય છે.

જેમકે – કોઈ જીવને ભગવાનની ભક્તિ કરવાનો શુભરાગરૂપ ભાવ થયો. શુભભાવના ફળમાં તે જીવને અનેક પ્રકારની અનુકૂળતા પ્રાપ્ત થઈ, પરંતુ તે સમયે તે જીવનો ઉપયોગ તે અનુકૂળતાઓ તરફ ગયો જ નહીં અને કર્મો તેનું ફળ આપી દીધું.

તેવી જ રીતે અશુભભાવના ફળમાં પગમાં કાંટો વાગી જાય, તે વખતે વ્યક્તિનો ઉપયોગ તે ઘટનાની તરફ ગયો જ નહીં. કર્મએ તે જીવને ફળ તો આપી દીધું, પરંતુ જીવ સુખી કે દુઃખી ન થયો. કહેવાનો આશય એ છે કે ભાવોની ઉત્પત્તિના કાળે જ આકુળતા તેમજ દુઃખનો અનુભવ થવો તે જ ભાવોનું ફળ છે. જ્યારે જીવને નોકર્મનો સંયોગ-વિયોગ થાય છે, ત્યારે પણ જીવને પોતાના વર્તમાન ભાવ અનુસાર જ સુખ અથવા દુઃખ થાય છે.

**જો પોતાના સ્વભાવનો આશ્રય લીધો હોય, તો નિધત્તિ કર્મ હોય કે નિકાચિત કર્મ હોય, જીવને કોઈપણ કર્મ ભોગવવા પડતા નથી. તીર્થંકર ભગવાનને અતિશય પુણ્યનો ઉદય હોવા છતાં પણ ઉપયોગ સ્વભાવમાં લીન**

**હોવાથી કોઈપણ કર્મ ભોગવવા પડતા નથી. ભગવાન તો આત્માના અનંત સુખને જ ભોગવે છે. પુણ્ય અને પાપના ઉદયને નહીં.**

સાર એ છે કે જીવ પોતાના વર્તમાન પરિણામોના કારણે જ સુખી અને વર્તમાન પરિણામોને કારણે જ દુઃખી થાય છે. પૂર્વ કર્મનો ઉદય જીવને સુખી કે દુઃખી કરતો નથી. નરકગતિમાં નારકી જીવ અતિશય ઠંડી-ગરમી તથા ભૂખ-તરસના દુઃખને ભોગવતા નથી, કારણ કે ઠંડી-ગરમી તથા ભૂખ-તરસ તો સંયોગ માત્ર છે. નારકી જીવ પોતાના મોહ-રાગ-દ્વેષના પરિણામોના કારણે દુઃખી થાય છે.

સંયોગો જીવનું કંઈ પણ સુધારી કે બગાડી કરી શકતા નથી. જે જીવને આકુળતારૂપ ક્ષણિક સુખ ભોગવવાનું હોય છે, તે જીવની દ્રષ્ટિ અનુકૂળતા પર જ જાય છે અને જે જીવને આકુળતારૂપ દુઃખ ભોગવવાનું હોય છે તે જીવની દ્રષ્ટિ પ્રતિકૂળતા ઉપર જ જાય છે. જેમ કે - થાળીમાં ચોવીશ વસ્તુઓ અનુકૂળ હોવા છતાં પણ જે જીવને વર્તમાન પર્યાયમાં દુઃખી થવાનું છે, તેની દ્રષ્ટિ જે દાળમાં મીઠુ નથી એવી પચ્ચીસમી વસ્તુ પર જ જાય છે. એ સિદ્ધાંત છે કે **દુઃખી થવાવાળાને કોઈ સુખી કરી શકતું નથી અને સુખી થવાવાળાને કોઈ દુઃખી કરી શકતું નથી.** તેથી જીવ પોતે જ નિત્ય પ્રત્યક્ષ આત્માનો આશ્રય લઈને અનંત સુખી થઈ શકે છે.

જેવી રીતે કર્મોના ફળને જીવ વર્તમાન જ ભોગવે છે, તેવી રીતે આત્માના આશ્રયે પ્રગટ થવાવાળા પુરૂષાર્થનું ફળ પણ જીવ વર્તમાનમાં જ ભોગવે છે. લોકમાં ભલે એમ કહેવાતું હોય કે જે જીવ એક અંતર્મુહૂર્ત માટે આત્માનું ધ્યાન કરે છે, તે અનંતકાળ સુધી અનંત સુખને ભોગવે છે. સત્ય તો એ છે કે વર્તમાન પુરૂષાર્થનું ફળ વર્તમાનમાં જ મળે છે. ભગવાન મહાવીરે લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા આત્માનું ધ્યાન ધર્યું હતુ, તેથી આજે અનંત સુખી નથી, કારણ કે તે ધ્યાનનું ફળ તો તેઓ તે સમયે જ ભોગવી ચુક્યા હતા. ભગવાન વર્તમાનમાં અનંત સુખી છે, કારણ કે વર્તમાનમાં નિજ આત્માના ધ્યાનમાં લીન છે. એ સિદ્ધાંતના કારણે જ વીતરાગી અને સર્વજ્ઞ ભગવાનનો પુરૂષાર્થ અનંતકાળ માટે હોય છે, ભગવાન અનંતવીર્યના ધની છે, આ વાત સિદ્ધ થાય છે.



# ૨૩. નિત્ય પ્રત્યક્ષ આત્મા

ભગવાન આત્માનું જ્ઞાન અને ભગવાન આત્મા નિત્ય પ્રત્યક્ષ છે, તેથી ભગવાન આત્માને જાણવાનું કાર્ય ક્યારેય પણ થઈ શકે છે. જ્ઞાન નિરંતર જાણવારૂપે પરિણમિત થતું હોવાથી પ્રત્યક્ષ જ છે. પરંતુ બધા જ પરજ્ઞેયોથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માનો નિર્વિકલ્પ અનુભવ ન થયો હોવાથી આત્માને અવ્યક્ત કહ્યો છે.

અજ્ઞાની જીવ પુદ્ગલ પદાર્થોમાં વ્યક્ત અંશને દેખીને અવ્યક્તને પણ દેખવાની ઈચ્છા કરે છે. કોઈ વ્યક્તિના વસ્ત્રરહિત શરીરના વ્યક્ત અંશને દેખીને વસ્ત્ર સહિત અવ્યક્ત અંશને દેખવાની ઈચ્છા જ વ્યક્તથી અવ્યક્તને જાણવાની વાસના છે.

જ્ઞાની કહે છે કે તને અવ્યક્તને જાણવાની ઈચ્છા છે, તો ઠીક છે. ભગવાન આત્મા પણ તારા માટે અવ્યક્ત છે, તેથી શીઘ્રાતિશીઘ્ર સર્વપ્રથમ તૂ આત્માને જાણી લે. તને નિરંતર અનુભવમાં આવી રહ્યું છે, તે જ્ઞાન વ્યક્ત છે. આત્માનો જ્ઞાનસ્વભાવ વ્યક્ત છે, પરંતુ અન્ય અનંતગુણો જ્ઞાનની જેમ વ્યક્ત ન હોવાથી અવ્યક્ત છે. વ્યક્ત જ્ઞાનના માધ્યમથી તું અવ્યક્ત જ્ઞાયકને જાણી શકે છે. તું જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચી શકે છે. જ્ઞાયકને જાણવાથી આખું જગત તારા જ્ઞાનમાં વ્યક્ત થઈ જશે. વસ્તુ સ્વરૂપ એવું અદ્ભૂત છે કે **જ્યારે જગતને જાણવાની ઈચ્છા થાય છે, ત્યારે જગત જણાતું નથી અને જ્યારે જગતને જાણવાની ઈચ્છા થતી નથી, ત્યારે આખું જગત જણાય છે.**

જીવમાં ઉત્પન્ન થવાવાળા વિકલ્પ વિભિન્ન પ્રકારના હોય છે. તો પણ દરેક જીવ માત્ર જાણવારૂપે પરિણમિત થઈ રહ્યો છે. એવું માનવાથી નિજાત્મામાં પર જીવો પ્રત્યે થવાવાળી જુદા-જુદા પ્રકારની કલ્પના ટળી જાય છે. જ્ઞાની દરેક આત્માને સમાન માને છે, તેનું મૂળ કારણ એ છે કે જ્ઞેયોથી ભિન્ન જ્ઞાન પરિણમન દ્રષ્ટિમાં લેવાથી દરેક જીવનું જ્ઞાન પરિણમન સમાન

જણાય છે. જ્ઞાનનો નિત્ય વ્યક્ત અનુભવ થાય છે. જ્ઞાની જ્ઞેયોને ગૌણ કરીને જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનને જ દ્રષ્ટિમાં લે છે. જ્ઞેયોના ભેદ જરૂર હોય છે, પરંતુ જ્ઞેયોના ભેદના કારણે જ્ઞાનમાં ભેદ હોતા નથી. જ્ઞેયોંના ભેદના કારણે જ્ઞાનમાં ભેદ જાણવો તે વિકલ્પ છે અને તે વિકલ્પોમાં એકત્વ કરીને પોતાને વિકલ્પોનો કર્તા માનવો તે સંકલ્પ છે. ત્રિકાળી ધ્રુવ નિત્ય પ્રત્યક્ષ ભગવાન આત્મા સંકલ્પ અને વિકલ્પથી પાર છે.

જ્ઞેયોની પ્રધાનતાને કારણે જ્ઞાન દ્રષ્ટિમાં આવતું નથી, તેવી રીતે જ્ઞાનની પ્રધાનતાને કારણે જ્ઞેયો પણ દ્રષ્ટિમાં આવતા નથી. જ્ઞાનીની દ્રષ્ટિ જ્ઞેય ઉપર નથી, સાથે-સાથે જ્ઞેયોને જાણવાવાળા જ્ઞાન ઉપર પણ નથી. શરીરરૂપ જ્ઞેય અને શરીરને જાણવાવાળા જ્ઞાન, બંનેથી ભિન્ન ભગવાન આત્મા છે. શરીર તો સંયોગ માત્ર છે અને શરીરને જાણવાવાળું જ્ઞાન એક સમયની પર્યાય માત્ર છે, વિકલ્પ છે. તેનાથી જુદો જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા ત્રિકાળી નિત્ય ધ્રુવ તત્ત્વ જ હું છું. એવું જાણવાથી તે શુદ્ધ જ્ઞાયક જ જ્ઞાનનું જ્ઞેય થાય છે. **જ્ઞાનનું જ્ઞેય જ્ઞાયક જ રહે, તેનું નામ જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવું છે.**

જ્ઞાન સ્વભાવની અનુભૂતિ થતાં જ જ્ઞેયાકાર જ્ઞાન અને જ્ઞાનાકાર જ્ઞાન એવો ભેદ સમાપ્ત થઈ જાય છે, કારણ કે આકાર અનુભૂતિનો વિષય નથી. જેવી રીતે મીઠાની ટુકડી ખારાપણાથી ભરપૂર છે, તેવી જ રીતે ભગવાન આત્મા જ્ઞાનરસથી પરિપૂર્ણ છે. જ્ઞાનરસનું આસ્વાદન ત્યારે જ થાય છે, જ્યારે જ્ઞેયોના વિશેષોમાં પ્રવર્તવાની વૃત્તિ છૂટી જાય છે.

ક્રોધાદિ વિકાર ઉત્પન્ન થતાં, ક્રોધાદિ ભાવનો અભાવ કરવાના પુરૂષાર્થ કરવાથી ક્રોધાદિ વિકાર દૂર થતાં નથી. સર્વપ્રથમ વિકારનો સ્વીકાર કરી વિકારથી ભિન્ન મારું શુદ્ધ સ્વરૂપ છે, એવો નિર્ણય કરવો જોઈએ. અજ્ઞાની ચારિત્રને જ પ્રધાનતા આપી પુરૂષાર્થ કરવા ઈચ્છે છે, જે ક્યારેય પણ સંભવ નથી. સૌથી પહેલાં દ્રષ્ટિ સંબંધી ભૂલ દૂર થાય છે. જ્યારે જીવ પોતાને ક્રોધાદિ ભાવોથી ભિન્ન શુદ્ધ જ્ઞાયક માને છે, ત્યારે ચારિત્ર સંબંધી નબળાઈ પણ સહજ દૂર થાય છે, ક્રોધાદિભાવ સહજ દૂર થાય છે.

**શરીરની ક્રિયા તો આત્માનું ચારિત્ર નથી, આત્મામાં ઉત્પન્ન થવાવાળા આત્માના શુભભાવ પણ આત્માનું ચારિત્ર નથી. શરીરની ક્રિયા સંયોગ છે અને શુભભાવરૂપ રાગાદિ કષાય સંયોગીભાવ છે. આત્મા તો સંયોગ અને સંયોગીભાવથી ભિન્ન નિર્મળ તત્ત્વ છે.**

ક્રોધ થયો, તેને જાણો. માન થયું, તેને જાણો. માયા થઈ, તેને જાણો. લોભ થયો, તેને જાણો. અમેરિકાને પણ જાણો, ન્યુઝીલેન્ડને પણ જાણો, આખા જગતને જાણો. **હે ભાઈ! જગતને જાણ્યા પહેલા જાણનારા એવા ભગવાન આત્માને જાણો.** એવો જ જીવ જગતનો જ્ઞાતા-દ્રષ્ટા રહી શકે છે. જેણે જ્ઞાતા-દ્રષ્ટા એવા ભગવાન આત્માને જાણી લીધો છે. જેણે ભગવાન આત્માને અનુભવપૂર્વક જાણ્યો હોય, તે જ જીવ જગતના કોઈપણ જ્ઞેયથી પ્રભાવિત થતો નથી. **આત્માને જાણ્યા વિના પોતાને જગતનો જ્ઞાતા-દ્રષ્ટા માનવો અને જ્ઞાતા-દ્રષ્ટા રહેવું સંભવ નથી.**

ક્રોધથી મુક્ત થવા માટે ક્રોધને જાણનાર જીવની દ્રષ્ટિ હજી પણ પરભાવ ઉપર જ ટકેલી છે. પહેલા તો તે ક્રોધ કરવા માટે ક્રોધને જાણવા ઈચ્છતો હતો, હવે ક્રોધને છોડવા માટે ક્રોધને જાણવા ઈચ્છે છે. અજ્ઞાનીને ક્રોધની જ પ્રધાનતા હોવાથી જ્ઞાનસ્વભાવની મહિમા આવતી નથી. ક્રોધરૂપ વિભાવને જાણવાથી ક્રોધ છૂટતો નથી. જ્ઞાનસ્વભાવને જાણવાથી ક્રોધાદિ વિભાવોથી સહેજે નિવૃત્તિ થાય છે.

ક્રોધાદિ ભાવોથી એકત્વ છોડાવવાનો ઉપદેશ અજ્ઞાનીને આત્મઘાતથી ઓછો નથી લાગતો. તે પોતાને રાગાદિભાવ સ્વરૂપે માને છે અને તે મરવા ઈચ્છતો નથી. જેણે પોતાને રાગી માન્યો હોય, તે રાગનો નાશ કરવા કેમ ઈચ્છે? જેને પોતાને દ્વેષી માન્યો હોય, તે દ્વેષનો નાશ કરવા કેમ ઈચ્છે? **રાગ-દ્વેષને છોડ્યા પહેલા, તેમને પરભાવ જાણવા તેમજ માનવા અનિવાર્ય છે.**

કોઈ પણ વસ્તુ ચારિત્રમાંથી છૂટે, તે પહેલાં શ્રદ્ધાનમાંથી છૂટે છે. પેનને છોડવા માટે, એ માનવું જરૂરી છે કે આ પેન મારી નથી. આત્મામાં ઉત્પન્ન થવાવાળા કોઈપણ વિકારીભાવ આત્મા કરતાં મહાન નથી. કારણ કે વિભાવનો ઉત્પાદ્ અને વ્યય છે, જ્યારે ભગવાન આત્મા ઉત્પાદ્-વ્યયથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ છે. **ભગવાન અને ભગવાનની ભક્તિનો ભાવ, નિજ**

**ભગવાન આત્મા કરતાં મહાન નથી. ભગવાન પરદ્રવ્ય છે, ભગવાનની ભક્તિનો ભાવ પરભાવ છે. નિજ ભગવાન આત્મા સ્વદ્રવ્ય છે.** એક કરોડ રૂપિયા દાનમાં આપવાનો ભાવ આત્માથી મહાન નથી. કારણ કે દાન આપવાના ભાવ વ્યતીત થઈ જાય છે, મરી જાય છે. જો તમે પોતાને દાન આપવાવાળા માનશો તો તમારે મરવું પડશે, કારણ કે દાન આપવાનો ભાવ તો મરી જાય છે અને હું ભગવાન આત્મા અમર છું. પરંતુ જેને દાન આપવારૂપ રાગભાવમાં સુખ માન્યું હોય, તે એ રાગભાવને પારકો કેવીરીતે માની શકે?

**રાગનો ભાવ એક સમય માટે વ્યક્ત છે, જ્યારે જ્ઞાન સ્વભાવ ત્રિકાળ વ્યક્ત છે. જ્ઞાન સ્વભાવ ત્રિકાળ વ્યક્ત છે, તેથી જ્ઞાનસ્વભાવી આત્મા પણ ત્રિકાળ વ્યક્ત છે.**

શુભરાગના ક્ષણિક વિકલ્પમાં એકત્વ કરીને ત્રિકાળી ભગવાન આત્માનો અનાદર ન કરવો જોઈએ. જેનું અસ્તિત્વ એક ક્ષણથી વધારે નથી, જે પરના લક્ષ્યે ઉત્પન્ન થયો છે, જે સ્વયં આકુળતા સ્વરૂપ છે, જે સ્વયં દુઃખ સ્વરૂપ છે, જે હું નથી. અજ્ઞાની જીવ તે જ વિકલ્પોમાં તન્મય થઈને વ્યર્થ જ દુઃખી થાય છે, જ્ઞાની તો નિરંતર ધ્રુવની ધ્રુવતાને જ લક્ષ્યમાં રાખે છે.

પરના વિકલ્પોથી બચવા માટે કોઈ વ્યક્તિના વિષે પોતાની ધારણા દ્રઢ કરવી ન જોઈએ. કારણ કે ઈષ્ટ અથવા અનિષ્ટ ધારણા કરવાથી આત્મામાં રાગ-દ્વેષના એવા સંસ્કાર દ્રઢ થાય છે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ થઈ જાય છે. તેથી કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે ઘટનાના સંબંધમાં ઠીક-અઠીકની કલ્પના કરવી યોગ્ય નથી. આ વ્યક્તિ સારી છે અને આ વ્યક્તિ ખરાબ છે એવા ભેદ કરીને વ્યર્થમાં કષાય ન કરવા. કારણ કે **વસ્તુ સ્વરૂપની દ્રષ્ટિથી જોવાથી જગતનું એકપણ દ્રવ્ય સારું કે ખરાબ નથી. પરસંબંધી વિકલ્પોને વિરામ મળવાથી જ આત્મતત્ત્વનો વિચાર શરૂ થાય છે.**

ત્રણ લોકમાં સર્વોત્કૃષ્ટ ભગવાન હું જ છું, એમ વિચાર કરવાથી આત્મા સિવાય અન્ય કોઈપણ પરપદાર્થોના વિકલ્પોમાં થવાવાળું પ્રવર્તન સહજ જ રોકાઈ જાય છે. જગતમાં મારાથી મહાન બીજું કોઈ નથી, એવું ચિંતન કરીને પોતાને ભગવાન આત્માની મહિમા આવવી જોઈએ. કારણ કે મહાન થવા માટે



સ્વયંને મહાન માનવો જરૂરી છે. જ્યાં સુધી જીવ પોતાને પાપી માને છે, ત્યાં સુધી પાપીને યોગ્ય પાપરૂપ હીન આચરણ જ કરે છે. પરંતુ જ્યારે જીવ પોતાને ભગવાન માને છે, ત્યારે તેનું આચરણ પણ ભગવાનની જેમ મહાન થઈ જાય છે. પોતાને દ્રવ્ય સ્વભાવથી ભગવાન માનનાર વ્યક્તિ કદાચિત બહારના વ્યવહારમાં કોઈ આદરણીય પરિવારજનને હાથ જોડી નમસ્કાર પણ કરે છે તો પણ તેને પોતાના હીનપણાનો અહેસાસ થતો નથી. જ્ઞાની સંયોગોથી સર્વથા ભિન્ન પોતાના દ્રવ્ય સ્વભાવની મહિમા જાણે છે. **સ્વભાવમાં પરભાવનો પ્રવેશ થઈ જ શકતો નથી, એવી પ્રતીતિ હોવાથી જ્ઞાનીને કોઈપણ પ્રકારના વિભાવભાવથી પોતાનું સ્વરૂપ હીન લાગતું નથી.**

કોઈ વ્યક્તિની પ્રશંસા અથવા નિંદાના ભાવ જીવને સુખરૂપ લાગે છે પરંતુ અજ્ઞાની તેના ફળમાં મળવાવાળા દુઃખને જાણતો નથી, માનતો નથી. તેથી વિષયોની ચર્ચા-વાર્તામાં જ પોતાના અમૂલ્ય ભવને વ્યર્થમાં ગુમાવે છે. ભગવાન આત્મામાં એકત્વપણાના નિત્ય સુખને છોડી જ્ઞાની કષાયભાવોના ક્ષણિક સુખમાં અટકતા નથી. જે જીવ ક્ષણિક કષાયની પૂર્તિથી મળતા કાલ્પનિક સુખમાં અટકશે, તે નિશ્ચિતરૂપે સંસારરૂપી અટવીમાં ભટકશે.

અજ્ઞાનીને કોઈ વ્યક્તિની ક્ષમા માગવામાં પોતાનું હીનપણું લાગે છે. કારણ કે માન કષાયથી પુષ્ટ થવાવાળી મહાનતાથી જુદી સ્વભાવની મહાનતાનો તેને અનુભવ જ થયો નથી. તેને પોતાનું મહાનપણું છૂટી જતું જણાય છે. **જ્યારે જીવ વિચાર કરે છે કે ક્ષણભરના સુખની વાસનાના ફળમાં મારે અનંતકાળ સુધી દુઃખી થવું નથી, ત્યારે વાસના મુક્ત થઈ નિત્ય સુખી થવાનો ઉપાય પણ શોધે છે.**

પોતાના દોષને દૂર કરવાના હેતુથી સાધકને જ્ઞાનીનો કઠણ ઉપદેશ પણ દુઃખરૂપ લાગતો નથી, કારણ કે તેને પૂરો ભરોસો હોય છે કે જ્ઞાનીનો ઉપદેશ મારા આત્મહિત માટે જ છે. એ શ્રદ્ધાનના બળે સાધક પોતાના દોષનો નમ્ર અને વિનય ભાવથી સ્વીકાર કરે છે અને તેને દૂર કરવાનો ઉદ્યમ પણ કરે છે. સાધ્યની પ્રાપ્તિ માટે સાધનનું અવલંબન લેવામાં સાધક સંકોચ કરતો નથી.

ક્રોધાદિ કષાય ભાવકર્મ છે અને તે કષાયભાવોને જાણવાવાળું ક્ષયોપશમજ્ઞાન ભાવેન્દ્રિય છે. ભાવકર્મ અને ભાવેન્દ્રિયથી ભિન્ન જ્ઞાન સ્વભાવ આત્માનું લક્ષણ છે. જેમ - શ્રીખંડમાં મળેલા દહીં અને ખાંડને જુદા કરી શકાતા નથી, પરંતુ જ્ઞાનમાં એવું જાણી શકાય છે કે તેમાં જે ખાટો સ્વાદ છે, તે દહીં છે અને જે મીઠો સ્વાદ છે, તે સાકર છે. તેવી જ રીતે આત્મામાંથી ઉત્પન્ન થવાવાળા રાગ અને જ્ઞાનને અલગ કરી શકાતા નથી, પરંતુ જુદા-જુદા જાણી શકાય છે કે આકુળતા જેનું લક્ષણ છે તે રાગ છે અને નિરાકુળતા જેનું લક્ષણ છે તે જ્ઞાન છે.

સ્થૂળ દ્રષ્ટિથી દેખીએ તો દ્રવ્ય તેમજ પર્યાયને જુદા કરી શકાતા નથી, પરંતુ જુદા જાણી શકાય છે. **દ્રવ્યને પર્યાયથી જુદા કરવાના ભાવથી મોટું કોઈ પાપ નથી અને દ્રવ્યને પર્યાયથી જુદું જાણવાથી મોટો કોઈ ધર્મ નથી.** કોઈ મનુષ્ય શરીરમાં સ્થિત આત્માને તેની મનુષ્યપર્યાયથી જુદા કરી નાખવાનો ભાવ પંચેન્દ્રિયની હિંસાનો ભાવ છે. પાંચ પ્રકારના પાપમાં હિંસા સર્વપ્રથમ ક્રમ પર છે. જ્યારે બીજી બાજુ મનુષ્ય શરીરમાં રહેવાવાળા તે આત્માને મનુષ્ય ન જાણી આત્માને મનુષ્ય પર્યાયથી ભિન્ન જાણવો તેનું નામ ભેદવિજ્ઞાન છે. **ભેદવિજ્ઞાન જ અપૂર્વ ધર્મ છે.**

ભગવાન આત્મા નિત્ય પ્રત્યક્ષ છે અર્થાત્ ત્રિકાળ પ્રત્યક્ષ છે. જ્ઞાયકભાવ ત્રિકાળ સત્તા સ્વરૂપ હોવા છતાં પણ ત્રિકાળ એકરૂપ છે. કોઈ વ્યક્તિના બે ભિન્ન-ભિન્ન સ્વરૂપને એક સમયમાં એક સાથે જાણવું સંભવ નથી. જ્યારે કોઈ વ્યક્તિનું સવારનું સ્વરૂપ જ્ઞાનમાં જણાય છે, ત્યારે સાંજનું સ્વરૂપ જ્ઞાનમાં જણાતું નથી અને સાંજનું સ્વરૂપ જાણતી વખતે સવારનું સ્વરૂપ જણાતું નથી. જ્ઞાયકભાવનું સ્વરૂપ ત્રણેય કાળમાં રહેવાવાળું છે અને તે સ્વરૂપ એક સમયની જ્ઞાન પર્યાયમાં જણાઈ શકે છે, કારણ કે ત્રણેય કાળમાં જ્ઞાયકભાવનું સ્વરૂપ એકરૂપ છે. સાધક જીવનું સાધ્ય નિત્ય પ્રત્યક્ષ આત્મા જ હોય છે. આત્માના આશ્રયે પ્રગટ થવાવાળું સુખ પણ નિત્ય ટકશે કે નહીં, એવા વિકલ્પોમાં પણ સાધક અટકતા નથી. સાધક નિત્ય પ્રત્યક્ષ આત્માને વર્તમાનમાં જ ભોગવે છે, કારણ કે કોઈ પણ જીવ વર્તમાનમાં જ સુખ ભોગવી શકે છે, ભવિષ્યમાં જઈને નહીં.



# ૨૪. જ્ઞાયકની અનુભૂતિ માટે શું કરવું?

અજ્ઞાનીજનોને એ શંકા થવી સ્વાભાવિક છે કે જો જ્ઞાયકની અનુભૂતિથી જ અતીન્દ્રિય આહ્લાદ સ્વરૂપ સુખની ઉપલબ્ધિ થાય છે તો જ્ઞાયકની અનુભૂતિ માટે શું કરવું? જ્ઞાની કહે છે કે જ્યાંસુધી આત્મામાં કંઈક કરવાના વિકલ્પ ઉત્પન્ન થાય છે, ત્યાંસુધી જ્ઞાયકની અનુભૂતિ થતી નથી. અહીં સુધી કે જ્ઞાયકની અનુભૂતિના વિકલ્પ પણ જ્ઞાયકની અનુભૂતિમાં બાધક બને છે. કાર્ય તો પર્યાયમાં જ થાય છે, પર્યાયનું બીજું નામ જ કાર્ય છે. **દ્રવ્ય તો અકાર્યકારણત્વશક્તિ સંપન્ન છે. તેથી જ્ઞાયકમાં તો કંઈ પણ કરવા કે થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.**

જે જીવ પોતાને પર્યાય સ્વરૂપે માને છે, તેને જ કંઈક કરવાનો વિકલ્પ આવે છે. જ્ઞાની તે છે, કે જે વિકલ્પો કરતા તો નથી, પરંતુ વિકલ્પોને જાણતા પણ નથી. વિકલ્પો પણ જ્ઞાનમાં સહેજે જણાય છે. જ્ઞાની તો બસ જ્ઞાનને જ જાણે છે, એ જ કારણ છે કે જ્ઞાની નિરંતર સુખને અનુભવ કરે છે.

જ્યારે દર્પણમાં મોર પ્રતિબિંબિત થાય છે, ત્યારે તમે કોને જાણો છો? મોરને કે દર્પણની નિર્મળતાને? જો કે દર્પણની નિર્મળતાને જાણવાવાળા તો દર્પણની નિર્મળતાને જાણે છે, તેવી રીતે દર્પણમાં મોરને જાણવાવાળા પણ દર્પણની નિર્મળતાને જ જાણે છે. પરંતુ મોરની કળામાં આસક્ત પુરુષની દૃષ્ટિ દર્પણની નિર્મળતા તરફ જતી નથી. તે દર્પણમાં પણ મોરને દેખે છે, અનુભવે છે. અધ્યાત્મમાર્ગમાં જ્ઞાનની નિર્મળતાને જાણવાવાળા જ્ઞાની, જ્ઞાનની નિર્મળતાને જ જાણે છે, તેવી રીતે જ્ઞાનની નિર્મળતામાં પરજ્ઞેયોને જાણવાવાળા અજ્ઞાની પણ જ્ઞાનની નિર્મળતાને જ જાણે છે, પરંતુ પરજ્ઞેયોની આસક્તિને આધીન અજ્ઞાની નિર્મળ જ્ઞાનમાં પણ પરજ્ઞેયોનો અનુભવ કરે છે. તેના ફળસ્વરૂપે અનંત દુ:ખી થાય છે.

વાસ્તવમાં મોર બે નથી, મોર તો એક જ છે કારણ કે દર્પણમાં તો મોર

છે જ નહીં, દર્પણમાં તો નિર્મળતા જ છે. જો બે દર્પણમાં એક મોર પ્રતિબિંબિત થાય તો મોરની સંખ્યા ત્રણ થઈ જતી નથી. **મોર કેટલાય પણ દર્પણમાં પ્રતિબિંબિત થાય તો પણ મોર એક જ રહે છે. કારણ કે કોઈપણ દર્પણમાં મોર છે જ નહીં. દર્પણમાં તો દર્પણ જ છે. દર્પણમાં દર્પણ પણ કેમ? દર્પણ તો દર્પણ જ છે.** તેવી જ રીતે જ્ઞાનપર્યાયમાં જણાવાના કારણે જ્ઞેયોની સંખ્યા વધી જતી નથી. માત્ર જ્ઞાનમાં જણાવાના કારણે જો જ્ઞેયોની સંખ્યા વધી જાય તો વિશ્વની સંખ્યા પણ અનંત હોત, કારણ કે અનંત કેવળજ્ઞાનીઓની જ્ઞાન પર્યાયમાં વિશ્વ પ્રતિબિંબિત થાય છે. નિશ્ચયથી વિશ્વ પોતાના સ્થાને સ્થિત છે અને કેવળજ્ઞાન પોતાના સ્થાને સ્થિત છે.

આત્માનું સ્વરૂપ પણ પર્યાયની અપેક્ષાએ અસ્થિર હોવાથી જે જીવ પોતાને પર્યાયરૂપે જાણે છે, માને છે અને તે રૂપે જ અનુભવે છે, તે જીવ આત્માની નિત્યતાનો અનુભવ કરી શકતો નથી. જો કે દ્રવ્ય સ્વભાવમાં નિત્યતા કાયમ હોવા છતાં પણ આત્માના ક્ષણિકપણાના અનુભવના કારણે સુખ પ્રગટ કરી શકતા નથી.

ભગવાન આત્માનું સ્વરૂપ રાગાદિભાવથી ભિન્ન હોવા છતાં પણ રાગાદિભાવ દૂર કરવાના વિકલ્પ ઉત્પન્ન થાય છે, તે વિકલ્પ પણ રાગાદિભાવની રૂચિના દ્યોતક છે. જ્ઞાયકભાવની રૂચિ થવાથી જ્ઞાયક સંબંધી જ વિચારધારા ચાલતી રહે છે. જ્ઞાયકભાવના ગુણગાન ગાવા ગમે છે. રાગાદિરૂપ મલિનતાના અભાવથી પરિણતિ નિર્મળ થાય છે, પરંતુ પરિણતિ નિર્મળ કરવાના વિકલ્પથી પણ પરિણતિ મલિન જ થાય છે. **એકમાત્ર જ્ઞાયકભાવના આશ્રયથી જ પરિણતિ નિર્મળ થાય છે.**

જ્ઞાયકભાવમાં અનંતગુણોની એકતા ગર્ભિત છે. જ્ઞાયકભાવ એક છે, પરંતુ તેમાં અનંતગુણોની અખંડિતતા સમાયેલી છે. જેવીરીતે ભારત દેશને એક કહેવાથી તેની મહિમા આવતી નથી પરંતુ જો એમ કહીએ કે એકસો પચ્ચીસ કરોડ લોકોની એકતારૂપ ભારત એક છે, તેમ કહેવાથી વિશેષ મહિમા આવે છે. તેવી જ રીતે જ્ઞાયકભાવ એક છે એ વાતથી જ્ઞાયકભાવની મહિમા આવતી નથી, પરંતુ અનંતગુણોનો ઘનપિંડ જ્ઞાયકભાવ એક છે, એમ કહેવાથી જ્ઞાયકભાવની વિશેષ મહિમા આવે છે.



# ૨૫. જ્ઞાનની અનુભૂતિ જ જ્ઞાયકની અનુભૂતિ

જ્ઞાનની અનુભૂતિ જ જ્ઞાયકની અનુભૂતિ છે. જ્યારે આત્મા ગુણભેદના વિકલ્પોથી જુદો પડીને ભેદરહિત એક માત્ર દ્રવ્યનો અનુભવ કરે છે, ત્યારે આત્માને જ્ઞાનની અનુભૂતિમાં જ જ્ઞાયકની અનુભૂતિ થાય છે.

જેમ – કોઈ વ્યક્તિને અમેરિકાથી ભારત આવવું હોય, તો તેણે મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, કોલકાતા વગેરે નગરમાં જ આવવું પડશે. જો તે વ્યક્તિ કોઈ પણ નગરનો સ્પર્શ કરે છે, તો તે ભારતનો સ્પર્શ કરી લે છે. એ જ પ્રમાણે ગુણના માધ્યમથી ગુણી સુધી પહોંચી શકાય છે. ત્યાં તો આપણે ઉક્ત અનેક નગરોમાંથી કોઈ પણ નગરના માધ્યમથી ભારત આવી શકીએ છીએ, પરંતુ જ્ઞાયક સુધી પહોંચવા માટે તો જ્ઞાન જ એક માત્ર સાધન છે.

જેવીરીતે હું મુંબઈમાં છું કે હું દિલ્હીમાં છું, એવો વિકલ્પ તે વ્યક્તિને એક અખંડ ભારતની અનુભૂતિમાં બાધક થાય છે, એ જ પ્રમાણે આ જે અનુભવ થઈ રહ્યો છે, તે જ્ઞાનનો અનુભવ થઈ રહ્યો છે, એવો વિકલ્પ જ્ઞાયકની અનુભૂતિમાં બાધક થાય છે.

જેવીરીતે અમેરિકાનો વિકલ્પ ભારતની અભેદ અનુભૂતિમાં બાધક છે, તેવીરીતે મુંબઈનો વિકલ્પ પણ ભારતની અભેદ અનુભૂતિમાં બાધક છે. મુંબઈ પહોંચ્યા બાદ તેને ભારતનો અનુભવ કરવા માટે ફક્ત આ જ વિકલ્પથી મુક્ત થવાનું છે કે આ મુંબઈ છે. મુંબઈના ભેદમાં ન જઈને માત્ર ભારતનો અનુભવ કરતા જ માતૃભૂમિના સ્પર્શનો આનંદ આવી શકે છે.

જેવીરીતે પરદ્રવ્યનો વિકલ્પ જ્ઞાયકની અભેદ અનુભૂતિમાં બાધક છે, તેવીરીતે જ્ઞાનગુણનો વિકલ્પ પણ જ્ઞાયકની અભેદ અનુભૂતિમાં બાધક છે. જ્ઞેયાકાર જ્ઞાન તથા જ્ઞાનાકાર જ્ઞાનના ભેદથી જુદા જ્ઞાન સ્વભાવનો અનુભવ થયા બાદ સાધકને જ્ઞાયકનો અનુભવ કરવા માટે ફક્ત આ જ વિકલ્પથી મુક્ત થવાનું છે કે આ જ્ઞાન છે. જ્ઞાનના ભેદમાં ન અટકીને એક માત્ર જ્ઞાયકનો અનુભવ કરતા જ પર્યાયને દ્રવ્યની સ્પર્શનાનું સુખ પ્રગટ થઈ શકે છે.

# ૨૬. જ્ઞાયકની અનુભૂતિ થતાં જ...

જ્ઞાયકની અનુભૂતિ થતાં જ સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની યથાર્થ પ્રતીતિ, સાત તત્ત્વની યથાર્થ પ્રતીતિ, ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા, ભેદજ્ઞાન, જ્ઞાનધારા અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે.

જ્ઞાયકની અનુભૂતિ થયા બાદ જ્ઞાનીને પોતાના સ્વરૂપનો વારંવાર વિચાર કરવો પડતો નથી. જેમ, અજ્ઞાનીને રોજ-રોજ પોતાના ઘર વિષે, દુકાન વિષે, કુટુંબીજનો વિષે, વિચાર કરવો પડતો નથી. તેના શ્રદ્ધાનમાં તે પદાર્થો પોતાપણામાં સ્થિત થઈ ગયા હોય છે. તેવી જ રીતે જ્ઞાનીની શ્રદ્ધામાં જ્ઞાયક ટંકોત્કીર્ણ થઈ ગયો હોય છે. જ્ઞાનીને જ્ઞાયક સંબંધી વારંવાર વિચાર કરવા પડતા નથી. જ્ઞાયકની અનુભૂતિ થવાથી જ્ઞાનીને કોઈવાર વિચાર કરતા એવો અહેસાસ થાય છે કે તેઓ દેહ સાથે છે. આ દેહની સત્તા સંબંધી વિસ્મૃતિ પણ જ્ઞાયકની સ્મૃતિ છે, જ્ઞાયકની શ્રદ્ધા છે.

જ્ઞાનીને નિરંતર જ્ઞાયકની અનુભૂતિ થાય છે. દેહમાં પ્રતિકૂળતા આવે તો પણ જ્ઞાનીને દેહની પ્રતિકૂળતાનો નહીં, પરંતુ પોતાના જ્ઞાન સ્વભાવનો અનુભવ થાય છે. કોઈને પ્રશ્ન થાય કે શરીરમાં બીમારી આવે તો શું જ્ઞાની દવા નથી લેતા? અજ્ઞાનીનો આ પ્રશ્ન પણ તેની દેહની રૂચિને બતાવે છે. અજ્ઞાનીને આ પ્રશ્ન કેમ નથી થતો કે જ્ઞાની, જ્ઞાનસ્વભાવનો અનુભવ કેવી રીતે કરે છે? દેહની રૂચિવાળા જીવોને દેહ અને જ્ઞાનસ્વભાવની રૂચિવાળાને જીવોના જ્ઞાનસ્વભાવ સંબંધી પ્રશ્ન ઉઠે છે.

જેમકે કોઈ વ્યક્તિને પ્રશ્ન થાય કે દેશમાં આટલું બધું કંદમૂળ ઉગે છે. જો અમે નહિ ખાઈએ તો કંદમૂળનું શું થશે? તેને કહે છે કે ભાઈ! તું આત્માર્થી નથી, પણ ભોજનાર્થી છે. તને એ પ્રશ્ન તો થયો કે કંદમૂળ નહીં ખાઉં તો કંદમૂળનું શું થશે પરંતુ તને એવો પ્રશ્ન ન થયો કે જો કંદમૂળ ખાઈશ તો ખાવાના ભાવથી આ આત્માનું શું થશે?



અજ્ઞાનીને એ પ્રશ્ન તો ઉપસ્થિત થાય છે કે ક્રમબદ્ધપર્યાયમાં રાગ થવાનો હશે તો થશે જ, તો હવે બતાવો કે પુરૂષાર્થ કેવી રીતે કરીએ? પરંતુ અજ્ઞાનીને ક્રમબદ્ધપર્યાયની ચર્ચા સાંભળીને ત્રિકાળી જ્ઞાયક સંબંધી વિચાર નથી આવતા.

આ ઘટના ક્યારે ઘટશે, એવો વિકલ્પ તો ઘટના સંબંધી રૂચિ છે જ, સાથે-સાથે ઘટના ક્રમબદ્ધમાં જ્યારે ઘટવાની હશે ત્યારે જ ઘટશે, એવા વિકલ્પ પણ ઘટનાની રૂચિને જ પ્રગટ કરે છે. **પર્યાયદ્રષ્ટિ છૂટે અને દ્રવ્યદ્રષ્ટિ સ્થાપિત થાય એ જ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતને સમજાવવાનો ઉદ્દેશ છે. વાસ્તવમાં અક્રમસ્વભાવી ભગવાન આત્મામાં ઉપયોગ સ્થિર થાય, એ જ ક્રમબદ્ધપર્યાયની યથાર્થ શ્રદ્ધાનું યથાર્થ ફળ છે.**

નબળી વ્યક્તિ નબળાઈ સંબંધી અને પુરૂષાર્થી પુરૂષ પુરૂષાર્થ સંબંધી પ્રશ્ન પૂછે છે. રાગાદિ ભાવરૂપ પર્યાયની નબળાઈ તો અનાદિકાળથી છે જ, અનાદિકાળથી આજ સુધી આત્મકલ્યાણ હેતુ પુરૂષાર્થ કર્યો નથી એટલે આત્માના હિતના હેતુ તત્ત્વચર્ચા કરવી જોઈએ. રાગાદિ ભાવનું અસ્તિત્વ તો એક સમયથી વધારે નથી એટલે તેમાં પુરૂષાર્થ અપેક્ષિત નથી. જ્ઞાયક સંબંધી તત્ત્વવિચાર કરવાનો અભ્યાસ આજસુધી કર્યો નથી અને આત્માનુભૂતિનું કાર્ય કર્મના ઉદયથી થવાનું નથી. તેથી ત્યાં પુરૂષાર્થની જ અનિવાર્યતા અને પ્રધાનતા છે.

જ્ઞાનીને નિરંતર સહજ પુરૂષાર્થ હોય છે, તેમને જ પ્રયોજનભૂત તત્ત્વોની યથાર્થ પ્રતીતિ હોય છે, જ્યારે મિથ્યાદ્રષ્ટીને એવી પ્રતીતિ જાગૃત કરવાનો અભ્યાસ હોય છે. અજ્ઞાનીને પુણ્ય તેમજ પાપ તત્ત્વની શ્રદ્ધા ન હોવાથી તે ધન-સંપત્તિ વગેરે એકઠા કરીને પોતાના ભવિષ્યને સુરક્ષિત કરવામાં પોતાના વર્તમાનને વ્યર્થમાં વેડફે છે. તે વિચારે છે કે મોંઘવારી દિવસે-દિવસે વધી રહી છે અને હોસ્પિટલોમાં ઈલાજ કરાવવો પણ મોંઘો થઈ રહ્યો છે. તેથી પૈસા તો બચાવીને રાખવા જ જોઈએ. પોતાની વૃદ્ધાવસ્થામાં દવા માટે કરોડો રૂપિયા ભેગા કરનારા જુવાન કરોડપતિ પણ રસ્તા ઉપર ગાડીમાં બેઠા-બેઠા, પાણી-પાણી માંગતા મરણ પામે છે અને પાણીનું એક ટીપું પણ મળતું

નથી. કરોડો રૂપિયા હોવા છતાં ઈલાજ કરાવી શકતો નથી. ત્યાં તેને એકઠું કરેલું ધન ઉપયોગી સિદ્ધ થતું નથી. જેની પાસે આટલું ધન હતું, છતાં પણ તે ધન ઉપયોગી ન થયું જ્યારે ત્યાં જ નિર્ધન વ્યક્તિ પણ પુણ્યના ઉદય ઈલાજ કરાવી લે છે.

અધિકાંશ તો એવું જ થાય છે કે ધન હોવા છતાં ધનના લોભમાં ધનવાન પોતાનો ઈલાજ કરાવતા નથી. એ વિચારે છે કે ચાલે છે તેમ ચાલવા દો. જ્યારે નિર્ધન વ્યક્તિ પુણ્યના ઉદયથી કોઈ સંસ્થાની સહાય લઈને પણ બિમારીનો ઈલાજ કરાવી લે છે. તેથી દેહ સંબંધી એક ક્ષણ માટે પણ વિચાર ન કરો અને ભગવાન આત્માનું અનંતકાળ સુધી અસ્તિત્વ છે, એવો વિચાર કરી ક્ષણિક પુદ્ગલની પાછળ દોડવાનું બંધ કરો. **જો પુણ્યનો ઉદય હશે તો ધનની પાછળ તમારે નહીં, પરંતુ ધન તમારી પાછળ દોડતું આવશે.**

જ્ઞાનીને પુણ્ય તેમજ પાપ તત્ત્વની શ્રદ્ધા હોય છે, એનો અર્થ એમ ન સમજવો જોઈએ કે જ્ઞાની માને છે કે પુણ્યના ઉદયથી અનુકૂળ અને પાપના ઉદયથી પ્રતિકૂળ સંયોગ મળે છે. **જ્ઞાની માને છે કે પુણ્ય તેમજ પાપના ઉદયથી મને શું લાભ અને શું નુકશાન? બંને પ્રકારના કર્મોદયના નિમિત્તથી મળનારા સમસ્ત સંયોગોથી હું ત્રિકાળ ભિન્ન છું.** જ્યારે પુણ્ય તથા પાપ કર્મ સાથે મારો કોઈ સંબંધ નથી, તો તેના ઉદયોથી મારે શું સંબંધ? **કર્મ તથા કર્મોદય તો ત્રિકાળ જડ છે અને હું તો ત્રિકાળ ચેતન તત્ત્વ છું.**

અજ્ઞાની કહે છે કે સંયોગનો વિયોગ તો થવાનો જ છે, જ્યારે જ્ઞાની તો એવું માને છે કે સંયોગના કાળે પણ બે દ્રવ્યો વચ્ચે અત્યંતાભાવ હોય છે. જ્યારે શરીરના અનંત પરમાણુઓ પણ મળતા નથી. સ્કંધરૂપ અવસ્થામાં પણ પરમાણુ સ્વતંત્ર છે. એક સમાન જાતિના પરમાણુ એ જ જાતિના પરમાણુ સાથે મળી શકતા નથી તો પરમાણુના બંધથી જ નિર્મિત આ દેહરૂપી અચેતન સ્કંધ ભગવાન આત્મા સાથે કેવીરીતે મળી શકે છે? અર્થાત્ ક્યારેય મળી શકતા નથી. આત્માનુભવી સાધકને પુણ્ય તથા પાપના ઉદય સંબંધી વિકલ્પ પણ ઉઠતા નથી. આત્માના આશ્રયે પ્રગટ થવાવાળો ધર્મ પણ દ્રષ્ટિના વિષયમાં હોતો નથી. તો પુણ્ય અને પાપરૂપ કર્મ સાધકની દષ્ટિમાં કેવીરીતે આવી શકે છે?



# ૨૭. સહજ ભેદજ્ઞાન

**બે દ્રવ્યો વચ્ચે ભેદ કરવાનું નામ ભેદજ્ઞાન નથી, પરંતુ બે ભિન્ન દ્રવ્યોને ભેદરૂપ જાણવા તે ભેદજ્ઞાન છે. ભેદજ્ઞાન વિના આત્માનુભૂતિરૂપ અપૂર્વ કાર્ય સિદ્ધ થતું નથી.** અજ્ઞાનીને બે પરપદાર્થોને ભેદરૂપે જાણવાનો અભ્યાસ તો અનાદિકાળથી છે. આ ઘર મારું છે અને આ ઘર મારું નથી. આ ધન મારું છે અને આ ધન મારું નથી. ખાસ વાત તો એ છે કે અજ્ઞાની જે બે પદાર્થોને ભેદરૂપે જાણે છે તે બન્ને પદાર્થો પરદ્રવ્યની શ્રેણીમાં આવે છે. તેથી અજ્ઞાનીનું ભેદજ્ઞાન અનંત દુ:ખનું કારણ બને છે. પરદ્રવ્યો વચ્ચે ભેદ જાણવાથી મિથ્યાત્વ તથા રાગદ્વેષ પુષ્ટ થાય છે અને આત્મદ્રવ્યમાં ભેદ જાણવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. **ખરેખર સ્વ અને પર વચ્ચે ભેદ જાણવો તે જ ભેદવિજ્ઞાન છે. હું સમસ્ત પરદ્રવ્યથી સર્વથા ભિન્ન તથા અનંત ગુણોનો અભેદ, અખંડ એક, જ્ઞાયક છું.**

**સ્વભાવ ઉપર દ્રષ્ટિ રાખીને સ્વ-પર વચ્ચે ભેદજ્ઞાન કરવું જોઈએ.** કારણ કે પરને માત્ર જાણવાનું છે અને સ્વને જાણવાની સાથે-સાથે તેમાં એકત્વ પણ કરવાનું છે અને લીન પણ થવાનું છે. ચોખા અને કાંકરાને જુદા કરતી વખતે દ્રષ્ટિ ચોખા ઉપર રાખીએ છીએ અને કંકણને ફેંકી દઈએ છીએ, ફેંક્યા પછી તેના પર દ્રષ્ટિ પણ કરતા નથી. કારણ કે આપણે માત્ર ચોખાનો અનુભવ કરવાનો છે, કંકણનો નહીં. એ જ પ્રમાણે ત્રિકાળી ભગવાન આત્મા અને ક્ષણિક રાગાદિભાવ વચ્ચે ભેદજ્ઞાન કરતી વખતે દ્રષ્ટિ ત્રિકાળી ભગવાન આત્મા ઉપર રાખવાની છે અને રાગાદિભાવોને પર જાણીને તેના પર દ્રષ્ટિ પણ કરવાની નથી. રાગાદિભાવના હોવાનો કે ન હોવાનો વિકલ્પ પણ કરવાનો નથી.

**પરનો અંશ સ્વમાં ન જાણવો અને સ્વનો અંશ પરમા ન જાણવો, તે જ યથાર્થ ભેદવિજ્ઞાન છે. એવું અપૂર્વ ભેદવિજ્ઞાન સ્વાધીન છે, કારણ કે ભેદજ્ઞાનનો આધાર જે જ્ઞાન છે, તે જ્ઞાન આત્માનો સ્વભાવ છે.**

પ્રાથમિક ભૂમિકામાં ટાઈપિસ્ટ ઉપયોગની એકાગ્રતાથી ટાઇપ કરવાનો અભ્યાસ કરે છે. જ્યારે તે અભ્યાસમાં નિપુણ થઈ જાય છે, ત્યારે તે કોઈની સાથે વાત કરતા-કરતા પણ ટાઇપ કરી શકે છે. અધ્યાત્મમાર્ગમાં પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી નિર્વિકલ્પ આત્માનુભૂતિ થાય છે. આત્માનુભૂતિ પછી ભેદજ્ઞાન સહજ થાય છે. વિષયભોગના કાળમાં પણ જ્ઞાનીને સ્વ-પરનું સહજ ભેદજ્ઞાન હોય છે. જ્ઞાનીને જ્યાંસુધી કેવળજ્ઞાન થતું નથી, ત્યાંસુધી ભેદજ્ઞાનની ધારા સહજરૂપે વહેતી રહે છે.

એ સત્ય છે કે સાગરમાં મોતી હોય છે, પરંતુ તે પણ સત્ય છે કે સાગરમાં ડૂબકી લગાવનારા બધા લોકોને હાથમાં મોતી નથી આવતા. જે વ્યક્તિ સાગરની ઊંડાણમાં જઈને મોતી નીકાળીને બહાર આવે છે, તેને જ મોતી મળે છે. જે સમુદ્રમાં ડૂબવાનું તો જાણે છે, પરંતુ પાછા બહાર આવવાની કળા નથી જાણતા તેને મોતી નહીં, પણ મોત મળે છે. તેવી રીતે જ્ઞાયકભાવની અનુભૂતિના લક્ષ્યે જે જીવો ક્ષયોપશમજ્ઞાન પ્રાપ્ત કરી ક્ષયોપશમજ્ઞાનના ક્ષણિકપણામાં અટકતા નથી, તેઓ નિશ્ચિતરૂપે ભવ-વનમાં કદીય ભટકતા નથી, તેમને જ મુક્તિ મળે છે. ભેદમાં ઉલઝવાવાળા અજ્ઞાનીજનોને એકવાર નહીં, પણ અનંતવાર જન્મ-મરણ થાય છે.

અનાદિકાળથી સંસાર અટવીમાં અટકી જવાનું કારણ મિથ્યાત્વ અને કષાય છે. ચોથા ગુણસ્થાનમાં અવિરત સમ્યગ્દ્રષ્ટીને મિથ્યાત્વના ઉદયનો અભાવ થયો છે. અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનો સદ્ભાવ છે, તો પણ અવિરત સમ્યગ્દ્રષ્ટિને પણ ભૂમિકાનુસાર અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ મર્યાદિત અવશ્ય થયા છે. તેથી મિથ્યાદ્રષ્ટીએ એમ જાણીને સ્વચ્છંદી ન થઈ જવું જોઈએ કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે મિથ્યાત્વનો જ અભાવ અનિવાર્ય છે. તેથી હું વર્તમાનમાં અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના સંબંધમાં ઈચ્છાનુરૂપ પ્રવર્તુ.

**જ્યાંસુધી નિમિત્તાધીન દ્રષ્ટિ છે, ત્યાંસુધી સદ્નિમિત્તમાં રહેવું તે જીવનું કર્તવ્ય છે.** જે જીવને નિમિત્તાધીન દ્રષ્ટિના કારણે અસદ્નિમિત્ત પ્રભાવિત કરે છે, તે જીવને નિમિત્તાધીન દ્રષ્ટિના કારણે સદ્નિમિત્ત પણ



પ્રભાવિત કરશે. જે વ્યક્તિ એમ કહે છે કે ભગવાન મહાવીરને મારીચિની પર્યાયમાં સમ્યગ્દર્શન થવાનું ન હતું, તો ભગવાન આદિનાથની દિવ્યધ્વનિ સાંભળીને પણ ન થયું. તે લોકોની દ્રષ્ટિ એકલી તે પ્રસંગ ઉપર છે જેમને સમ્યગ્દર્શન થવાનું નથી. જેની હોનહાર ભલા પ્રકારે હોય છે. તેના ધ્યાનમાં તે વાત પણ અવશ્ય આવે છે કે અનેક જીવોની યોગ્યતા પાકવાથી તેમને ભગવાન આદિનાથની દિવ્યધ્વનિનું નિમિત્ત સહજ મળ્યું હતું. ભૂતકાળમાં જે જીવોને સમ્યગ્દર્શન પ્રગટ કરવાની યોગ્યતા પાકી ન હતી, તે જીવોને ઉત્કૃષ્ટ સદ્નિમિત્તો મળવા છતાંય સમ્યગ્દર્શન થયું ન હતું. એવા ઉદાહરણો લઈને સદ્નિમિત્તોને ક્યારેય છોડવા જોઈએ નહીં.

**સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા જીવને નિયમથી નિરંતર જ્ઞાયકનું ચિંતન-મનન થાય છે.** તેમનું ચાલવું-ફરવું, ખાવું-પીવું, જાગવું-ઉંઘવું વગેરે કાર્ય બંધ થઈ જતા નથી, પરંતુ દરેક ઘટનામાં જ્ઞાયકનું જ સ્મરણ હોય છે. નિરંતર એ જ ચિંતન હોય છે કે હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું... દરેક સમયે પ્રત્યેક જ્ઞેયને જાણતી વખતે ગુરુના મુખેથી સાંભળીને તથા આગમમાં વાંચીને જ્ઞાયકનું જેવું સ્વરૂપ જાણ્યું હતું, તે પ્રકારનું જ્ઞાયકનું સ્મરણ નિરંતર હોય છે.

ગુરુની આજ્ઞા શિષ્યના હિત માટે જ હોય છે. જે આજ્ઞા શિષ્યના હિત માટે ન હોય, પણ ગુરુના હિત માટે અપાઈ હોય, તે કુગુરુની આજ્ઞા સમજવી જોઈએ. સદ્ગુરુની ભાવના એવી હોય છે કે તેમના શિષ્યએ તેમની પાસે બીજીવાર આવવું ન પડે. ગુરુ તો એમ ઈચ્છે છે કે જ્ઞાન પ્રાપ્ત કરી તે શિષ્ય સ્વયંમાં એવો લીન થઈ જાય કે ગુરુ પાસે આવવાની જરૂર જ ન રહે, જ્યારે કુગુરુ એમ ઈચ્છે છે કે તેમના શિષ્ય તેમની પાસે વારંવાર આવે અને જો બની શકે, તો તેમને છોડીને ક્યાંય જાય જ નહીં.

**જે જીવ પોતાને મિથ્યાદ્રષ્ટી માને છે તે મિથ્યાદ્રષ્ટી જ છે. સાથે-સાથે જે જીવ પોતાને સમ્યગ્દ્રષ્ટી માને છે તે પણ મિથ્યાદ્રષ્ટી જ છે. કારણ કે સમ્યગ્દ્રષ્ટી પોતાને કદાપિ સમ્યગ્દ્રષ્ટી માનતા નથી, તેઓ તો પોતાને ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક જ માને છે. તે જ રીતે સાધુ, અરિહંત તથા સિદ્ધ અનુક્રમે**

**સાધુ, અરિહંત તથા સિદ્ધ માનતા નથી. તેઓ પણ પોતાને ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક જ માને છે.**

જ્યાંસુધી જીવ એમ માને છે કે મને પરદ્રવ્યના કારણે રાગાદિભાવ થાય છે કે કર્મોદયના કારણે રાગાદિભાવ થાય છે, ત્યાંસુધી તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી. અહીં સુધી કે પુરૂષાર્થની નબળાઈના કારણે મને રાગાદિભાવ થાય છે, જ્યાંસુધી જીવ આવું પણ માને છે ત્યાંસુધી તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી.

ક્યારેક જીવ એમ પણ માની લે કે રાગાદિભાવ પર્યાયમાં ઉત્પન્ન થાય છે. ત્રિકાળી જ્ઞાયકમાં તો અનાદિકાળથી આજસુધી રાગાદિભાવ થયા જ નથી, હું તો અરાગી તત્વ છું. પોતાને અરાગી તત્ત્વ માનવામાં પણ રાગનો નાસ્તિરૂપે વિકલ્પ થાય છે. તેથી પોતાને અરાગી માનવાથી પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી.

ત્યારે એ પ્રશ્ન થઈ શકે છે કે ક્યા તત્ત્વમાં એકત્વ સ્થાપિત કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે? જ્ઞાની કહે છે કે હું તો ત્રિકાળી જ્ઞાયક જ છું. એવી દ્રઢ એકત્વરૂપ પ્રતીતિ થતાં જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. હા, સમ્યગ્દર્શન અથવા કેવળજ્ઞાન અથવા મોક્ષ પણ કેમ ન હોય? **હું તો ત્રિકાળ મુક્ત નિરપરાધી છું. આ પ્રતીતિના બળે જ્ઞાની નિર્ભય હોય છે.**

નિર્વિકલ્પ આત્માનુભૂતિનું સ્વરૂપ તે જ જાણે છે, જેને નિર્વિકલ્પ આત્માનુભૂતિ થાય છે. નિર્વિકલ્પ આત્માનુભૂતિ થયા પહેલા હોવાવાળી દશાનું જ્ઞાન પણ આત્માનુભવીને જ થાય છે. કારણ કે જે નિર્વિકલ્પ અનુભૂતિ સુધી જે પહોંચ્યા જ નથી એવા મિથ્યાદ્રષ્ટી એ નિર્ણય કરી શકતા કે નિર્વિકલ્પ આત્માનુભૂતિની પહેલા થવાવાળી દશા કઈ છે? તેથી સાધકજીવોએ સદ્ગુરુના યોગમાં રહીને, તત્ત્વાભ્યાસના બળ પર, હું જ્ઞાયકભાવ છું એવો નિર્ણય કરવો જોઈએ.

જ્ઞાની વ્યર્થના કોલાહલમાં પડતા નથી. અપ્રયોજનભૂત વાતો કરીને અજ્ઞાની દરેક પળે જ્ઞાયકની અનુભૂતિથી થવાવાળા અતિન્દ્રિય સુખને વેડફે છે. વ્યર્થના કોલાહલથી ન કેવળ કોલાહલના કાળમાં દુઃખ થાય છે પરંતુ અપ્રયોજભૂત વિષયોના પ્રપંચરૂપ સંસ્કાર દ્રઢ થાય છે કે જે આગામી કાળમાં પણ દુઃખના જ કારણ થશે.



# ૨૮. અંતર પરિણતિ

આત્મા શ્રદ્ધા ગુણની પર્યાયને પ્રતીતિ, જ્ઞાન ગુણની પર્યાયને પરિણામ અને ચારિત્ર ગુણની પર્યાયને પરિણતિ તથા કોઈ પણ ગુણની પર્યાયને પરિણમન કહે છે. કષાયના કારણે ચારિત્ર ગુણની પર્યાય જેટલા અંશે મલિન હોય છે, તેને અશુદ્ધ પરિણતિ કહે છે તથા કષાયના અભાવપૂર્વક વીતરાગતાના કારણે જેટલા અંશે ચારિત્ર ગુણની પર્યાય નિર્મળ હોય છે, તેને શુદ્ધ પરિણતિ કહે છે.

બાહ્ય વ્રત-તપ વગેરે કારણોથી અંતર પરિણતિ નિર્મળ થતી નથી. જેવીરીતે સુખગુણ જીવ દ્રવ્યમાં જ હોય છે, તેમ છતાં અજ્ઞાની શરીરમાં સુખ માનીને મિથ્યાત્વને પુષ્ટ કરે છે. તેવીરીતે ચારિત્રગુણ પણ જીવ દ્રવ્યમાં જ હોય છે, તેમ છતાં અજ્ઞાની શરીર વગેરે જડની ક્રિયામાં જ ચારિત્ર માનીને પોતાના મિથ્યાત્વને પુષ્ટ કરે છે.

કર્તૃત્વબુદ્ધિના ભારથી પીડિત અજ્ઞાની જીવોને અંતર પરિણતિ નિર્મળ થતી નથી. જ્ઞાની કહે છે કે **જ્યારે-જ્યારે અહીં અધર્મનો ઉદય થશે ત્યારે ત્યારે હું અહીં જન્મ નહિ લઉં, પરંતુ કેવળજ્ઞાનની પર્યાયમાં માત્ર જાણી લઈશ. તું મારું ધ્યાન ન કર, તું તારૂં પોતાનું ધ્યાન કર. કારણ કે મહાવીર ભગવાને આદિનાથ ભગવાનનું ધ્યાન કર્યું ન હતું, પરંતુ પોતાના આત્માનું જ ધ્યાન કર્યું હતું. નિજ આત્મામાં સ્થિર થવાથી જ અંતર પરિણતિ નિર્મળ થાય છે.**

જ્ઞાનીને અંતરંગમાં પરિણતિની નિર્મળતા હોવાથી બહારમાં ચારિત્રની નબળાઈ હોવા છતાં પણ કર્મોની નિર્જરા થાય છે. જ્યારે અજ્ઞાની પોતાની મોહાસક્તિની પૂર્તિને વ્યવહારનું નામ દઈને પોતાને નિર્દોષ સિદ્ધ કરવા માંગે છે. તે વારંવાર કહે છે કે મારે આ કાર્ય કરવું ન જોઈએ પરંતુ શું કરું? વ્યવહાર છે. જ્ઞાની કહે છે કે નિશ્ચય પ્રગટ થયા વિના વ્યવહાર હોતો નથી. નિશ્ચયને પ્રાપ્ત જ્ઞાનીને જ વ્યવહાર હોય છે. માટે અજ્ઞાનદશામાં જે-જે વિષયોમાં પોતાના મોહની પૂર્તિ થતી હોય, એવા વિષયોથી વિરક્ત થવાનો પ્રયાસ કરવો જોઈએ.

# ૨૯. ચૈતન્યલોક

જ્ઞાયકની વચનાતીત-વિકલ્પાતીત અનુભૂતિ થતાં જ પ્રત્યેક પર્યાયમાં આનંદનો સાગર ઉછળે છે. અનંતકાળ વ્યતીત થયા પછી જ્ઞાય પર્યાયનું જ્ઞાયકની સાથે મિલન થાય છે, ત્યારે ત્રિકાળી જ્ઞાયક અને પર્યાય વચ્ચે ભેદ સમાપ્ત થઈ જાય છે. જ્ઞાયક સિવાય આખું જગત શૂન્ય લાગે છે.

એ તો સ્વાભાવિક છે કે કોઈ વસ્તુને જે થેલીમાં રાખીએ છીએ, તે થેલી વસ્તુ કરતા તો મોટી જ હોય છે. એ જ પ્રમાણે ત્રણ લોક સહિત અલોક પણ જેના જ્ઞાનની એક સમયની પર્યાયમાં સમાઈ જાય છે, એવા ચૈતન્યલોક સ્વરૂપી ભગવાન આત્મા ત્રણ લોકથી પણ વિશાળ છે, ત્રણેય લોકમાં મહાન છે.

ત્રણ લોકને જાણનારા કેવળી ભગવાને ચૈતન્યલોકને જ સારભૂત જાણ્યો છે. લોકાકાશ અસંખ્યાત પ્રદેશી છે અને આત્મા પણ અસંખ્યાત પ્રદેશી છે. અસંખ્યાત પ્રદેશમાં વ્યાપ્ત હોવા છતાં પણ આત્મા જ્ઞાનપ્રદેશ પર જ સ્થિત છે. જેવીરીતે આકાશની બહાર જગતમાં કાંઈ પણ નથી, તેવીરીતે ચૈતન્યલોકની બહાર જગતમાં કાંઈ પણ નથી.

જ્ઞાની કહે છે કે ત્રણ લોકથી મારે શું પ્રયોજન છે? ખરેખર **નિજ ચૈતન્યલોક જ વાસ્તવિક લોક છે. જે ચૈતન્યલોકમાં ત્રણ લોક સહિત અલોક પણ એક સમયમાં એક સાથે પ્રતિબિંબિત થાય છે.**

જેવીરીતે ગંગા નદીની લંબાઈ અને પહોળાઈ અત્યંત વિશાળ હોવા છતાં મારી તરસની આગ બુઝાવવા માટે ઉપયોગમાં આવતી નથી. મારી તરસની આગ બુઝાવવાનું કારણ તો મારા ઘરની પાસે રહેલા કુવાનું પાણી જ છે. તેવીરીતે ત્રણ લોકની લંબાઈ અને પહોળાઈ અત્યંત વિશાળ હોવા છતાં ત્રણ લોક અને ત્રણ લોકનો વૈભવ મારા સુખનું કારણ બનતું નથી. મારા સુખનું કારણ તો એક માત્ર નિજ ચૈતન્યલોક જ છે. તેથી લોકાલોક કરતાં પણ શ્રેષ્ઠ નિજ ચૈતન્યલોક છે.



# ૩૦. પરની અપેક્ષા અને સ્વની ઉપેક્ષા

એક ઓરડામાં બેસીને આત્માની સાધના કરનાર જીવો એ યાદ રાખવું જોઈએ કે આત્માની સાધના મર્યાદિત સ્થાનમાં સીમિત નથી હોતી. શરીરની દરેક ક્રિયા ચાલવા રહે, તેમ છતાં જ્ઞાયકની જાગૃતિ રહે એ જ આત્મસાધના છે. જેમકે તમે બજારમાં કોઈ વસ્તુ લેવા ઘરેથી નીકળ્યા. દશ મિનિટ દુકાન સુધી પહોંચવા માટે, દશ મિનિટ ઘરે આવવા માટે અને બે મિનિટ દુકાનમાં. આ બાવીશ મિનિટમાં રાગ-દ્વેષનું કેટલું પોષણ કરી લો છો? આપણે કહીએ છીએ કે વસ્તુ લેવા નીકળ્યા છીએ, પરંતુ સૂક્ષ્મદ્રષ્ટિથી દેખીએ તો વસ્તુ ખરીદવાથી વધારે કાર્ય તો રાગ-દ્વેષ કરવાનું જ કર્યું હોય છે. જો જવા-આવવાની વીશ મિનિટમાં રસ્તાની દુકાનો ન દેખી હોત અને આત્માના સ્વરૂપનું ચિંતન કર્યું હોત તો! વ્યર્થમાં જ વીશ મિનિટ સુધી આમ-તેમ જોઈ કષાય કરીને કર્મ બાંધવા કરતાં જ્ઞાયકના સ્વરૂપનો વિચાર કરી શકાતો હતો. જે જીવ વીશ મિનિટ સુધી જ્ઞાયકનો વિચાર કરી શકે, એવો દ્રઢ થઈ જાય છે, તે વ્યક્તિ દુકાનમાં બે મિનિટ માટે પણ જ્ઞાયકની જાગૃતિ રાખી શકે છે.

બાહ્ય વ્યવહારના નામ પર પોતાની મોહાસક્તિની પૂર્તિ કરનારો અજ્ઞાની કહે છે કે જ્યાંસુધી ગૃહસ્થદશા છે, ત્યાંસુધી ઘરને સાફ રાખવું જોઈએ, એમ માનીને અજ્ઞાની ઘરની સફાઈમાં એટલો વ્યસ્ત થઈ જાય છે કે તેને જીવનનો સૂરજ અસ્ત થઈ રહ્યો છે, એ વાતની ખબર જ રહેતી નથી. એ વિચારે છે કે જો ઘરની સફાઈ નહીં કરીએ, તો આ ઘરના મહેમાન બની જઈશું. તેણે મહેમાન બનીને ઘરમાં રહેવું નથી, તે તો માલિક બનીને રહેવા ઈચ્છે છે.

જ્ઞાની કહે છે કે પોતાના ઘરમાં પ્રવેશ કરતી વેળા તમને એ જાગૃતિ રહેવી જોઈએ કે હું ગેસ્ટહાઉસમાં પ્રવેશ કરી રહ્યો છું. આ શરીરરૂપી ઘર પણ આત્મારૂપી ગેસ્ટનું હાઉસ જ છે. ગેસ્ટહાઉસમાં પણ પહેલેથી જ કહી દેવામાં આવે છે કે બાર વાગ્યે ચેકઆઉટ.

જ્ઞાની કહે છે કે દેહરૂપી ગેસ્ટહાઉસ કંઈક અલગ પ્રકારનું છે. આ ગેસ્ટહાઉસમાંથી કોઈ પણ સમયે ચેકઆઉટ કરવું પડી શકે છે. રાતના બાર વાગ્યાથી નવો દિવસ ચાલુ થાય છે. તે જ પ્રકારે આ જીવનના મરણ પછી નવું જીવન શરૂ થાય છે.

યાદ રહે કે આ મનુષ્ય જીવનના બાર વાગી જાય તેના પહેલા જ -

- **એક આત્માનો** અનુભવ કરી લેવો જોઈએ, કે જેથી સ્વ-પર એમ
- **બે દ્રવ્યના અનુભવપૂર્વક ભેદવિજ્ઞાનના** બળથી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રરૂપી
- **ત્રણ રત્ન** પ્રગટ થાય છે અને આત્મા
- **ચાર ગતિથી** મુક્તિ પામવાના કારણભૂત
- **પંચમ પરમ પારિણામિકભાવમાં** લીન થાય છે. અંતર્મુહૂર્ત કાળમાં આત્માની નિર્વિકલ્પ અનુભૂતિના બળે કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને આત્મા
- **છ દ્રવ્યના** સમુહરૂપ વિશ્વને સાદિ-અનંત કાળ સુધી જાણે છે. અરિહંત અવસ્થા પ્રાપ્ત થયા પછી મધ્યલોકથી લોકાગ્ર સુધીનું
- **સાત રાજુનું** અંતર એક સમયમાં ત્યારે જ પાર કરે છે જ્યારે
- **આઠ કર્મોથી** સર્વથા મુક્તિ મળે છે. તે પરમપદને પ્રાપ્ત પરમાત્મા
- **નવ દેવતાઓમાં** તો પૂજાય છે, સાથે જ તે સિદ્ધ પરમાત્માની
- **દશેય દિશાઓમાં** ખ્યાતિ-પ્રસિદ્ધિ થાય છે. વર્તમાન મનુષ્ય-ભવમાં આત્માથી પરમાત્મા, પશુથી પરમેશ્વર, જીવથી શિવ થવાનો અવસર પ્રાપ્ત થયો છે. હવે એમ જ સમજો કે જીવનના
- **અગિયાર વાગી ચૂક્યા છે,** અને
- **બાર વાગવામાં થોડી જ વાર છે,** તેથી અધિક સમય વ્યતિત ન કરીને



- **એક જ્ઞાન સાધનના માધ્યમથી અનંત ગુણોના ઘનપિંડ એવા જ્ઞાયક સુધી પહોંચવું, એ જ સાધકનું સાધ્ય હોવું જોઈએ.**

અજ્ઞાની જીવ વ્યવહારનું નામ લઈને પણ પરમાં એટલો તન્મય થઈ જાય છે કે કદાચિત કોઈક કારણથી તેના ઘરમાં સફાઈ ન થઈ હોય અને કોઈ મહેમાન ઘેર આવી જાય, તો અત્યંત આકુળિત થાય છે અને વિચારે છે કે અરે, ઘર સાફ નથી, વસ્તુ જ્યાં-ત્યાં વિખરાયેલી પડી છે, હવે મહેમાન શું વિચારશે? જ્ઞાની કહે છે કે પોતાના પરિણામોને મલિન ન કરીને, મહેમાનની દ્રષ્ટિમાં ઘરની સ્વચ્છતાનો વિચાર છોડ અને તું સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનમાં સ્વચ્છ થઈ જાય, એ જ તારા આત્મા માટે ઘણું છે. આત્મજ્ઞાન થવાથી, મિથ્યાત્વનો મળ ધોવાઈ જતાં, કાળાંતરમાં મુનિધર્મ અંગીકાર કરીશે, ત્યારે એક દિવસ આ ઘર તો છૂટી જશે, સાથે જ મુક્તિપુરીરૂપી નિજઘરમાં પ્રવેશ કરીશ, ત્યારે દેહરૂપી ઘરથી પણ મુક્તિ મળશે. **આશય એ છે કે પરની મહત્તા છૂટ્યા વિના વિષય-કષાયથી છૂટવું સંભવ નથી.**

કોઈ બીજું મારા વિષે શું વિચારશે? અજ્ઞાનીએ પરને એટલી મહત્તા આપી છે કે મહેમાનને ભોજન કરાવ્યા પછી જો મહેમાન એમ ન કહે કે ભોજન બહું સારું હતું, તો પણ તેને દુઃખ થાય છે. તે વિચારે છે કે સવારથી માંડીને મહેનત કરીને આટલી સારી વસ્તુઓ બનાવી તો પણ મહેમાનને તો થોડીય પ્રશંસા ન કરી. અજ્ઞાની નાની-નાની વાતોને મહત્તા આપી રાઈનો પહાડ બનાવી દે છે. જ્ઞાની કહે છે કે બીજાના વિષે વિચાર બંધ કરી પહેલાના વિષે વિચાર. બીજું અજીવ છે અને પહેલો જીવ છે. બીજું પર છે અને પહેલું સ્વ છે.

અજ્ઞાની બીજાનું નામ લઈને પોતાની મલિન વૃત્તિઓની જ પૂર્તિ કરવા ઈચ્છે છે. પોતાની વાસના પૂર્ણ કરવા માટે બીજાની મદદ લેવી અને પોતાના દોષનો આરોપ બીજા પર લગાવવો અજ્ઞાનીની અજ્ઞાનતા છે.

ક્ષણિક પરપદાર્થની મહત્તા છૂટતા જ, નિત્ય સ્વભાવની મહિમા પ્રગટ થવાથી જીવને અહેસાસ થાય છે કે આત્મસાધનાનો સમય નિશ્ચિત હોતો નથી. સાધકની સાધના થોડી મિનિટ, કલાક કે દિવસ માટે હોતી નથી.

સાધકનું સંપૂર્ણ જીવન સાધનામય હોય છે. જેમ-અડતાલીસ મિનિટનું એક સામાયિક કહેવાય છે, ત્યાં ઘડિયાળ પાસે રાખીને ધર્મ કરવા બેઠેલા વ્યક્તિએ આ વાતને જાણી લેવી જોઈએ કે ઘડીયાળ દેખવાથી તો ઘડીયાળનું ધ્યાન થાય છે, આત્માનું નહીં. સમયનું ધ્યાન કરવાથી નહીં, પરંતુ જીવનું ધ્યાન કરવાથી આત્માનુભૂતિ થાય છે. પહેલા જીવ દ્રવ્યને છોડી, છટ્ઠા કાળદ્રવ્યમાં જ અટકી જનારને જ્ઞાયકની થવી બહુ જ દૂર છે. ખરેખર જ્ઞાયકની જાગૃતિ જ સામાયિક છે. એ જાગૃતિ દરેક પળે રહી શકે છે. સાધક-સાધન-સાધ્ય એ ત્રણેય નિરંતર પ્રત્યક્ષ છે, તેથી સાધના પણ નિરંતર થવી જોઈએ. **સાધક-સાધન-સાધ્ય એવા ત્રણેય ભેદોનું સમાપ્ત થવું, તે જ ખરી આત્મસાધના છે.**

અહીં વિશેષ ધ્યાન દેવા યોગ્ય વાત તો એ છે કે જ્ઞાનથી જ્ઞાયક સુધી જવું, સાધકનું લક્ષ્ય ન હોવું જોઈએ, પરંતુ જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવું તે સાધકનું લક્ષ્ય હોય છે. **બુદ્ધં શરણં ગચ્છામિ અને અરહંતે સરણં પવજ્જામિ,** આ બંને કથનમાં બહુ મોટું અંતર છે. પહેલું કથન એ ભાવના વ્યક્ત કરે છે કે હું બુદ્ધની શરણે જાઉં છું અને બીજા કથનનો આશય એ છે કે હું અરિહંતના શરણે પહોંચું છું. **જવા અને પહોંચવામાં અંતર છે.** જે વ્યક્તિ લક્ષ્યની પ્રાપ્તિ માટે જાય છે, તે રસ્તામાં જ બેઠો રહી શકે છે, રસ્તા પરથી પાછો પણ ફરી શકે છે, રસ્તા પર ચાલતા-ચાલતા બીજા રસ્તા પર પણ જઈ શકે છે. તેથી એ જરૂરી નથી કે જવાવાળાને લક્ષ્યની પ્રાપ્તિ થશે જ. પરંતુ જે વ્યક્તિ લક્ષ્ય સુધી પહોંચી જાય છે, તેને તો નિશ્ચિતરૂપે લક્ષ્યની પ્રાપ્તિ થઈ ચૂકી છે. **એ જ રહસ્ય છે કે સાધકને જ્ઞાનથી જ્ઞાયક સુધી જવાનું નથી, પરંતુ જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવાનું છે.**

જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવાનું જેનું લક્ષ્ય છે, એવા સાધકને એ વિષય ઉપર વિચાર કરવો જોઈએ કે જ્ઞેયોના ભેદના કાળે પણ જ્ઞાન તો નિરંતર અભેદ જ રહે છે. જાણવું-જાણવું તો અભેદ જ રહે છે. હું તો અભેદ જ રહું છું. આ જે અભેદ છે, તે જ જ્ઞાયક છે. તે જ હું છું. હું જ તે જ્ઞાયક છું. આ જ્ઞાયક જ ચિંતનનો વિષય છે.



**જ્ઞાયકભાવનું ચિંતન કરવાથી જ જીવ પરથી નિરપેક્ષ થઈ શકે છે. જ્ઞાયકનું ચિંતન-મનન કરવાથી જ સ્વની ઉપેક્ષા અને પરની અપેક્ષા છૂટી જાય છે.**

અજ્ઞાની પરપદાર્થોમાં અનેક પ્રકારની કલ્પના કરે છે અને સ્વયં જ દુઃખી થાય છે. સમાજમાં થવાવાળી નિંદા અથવા પ્રશંસા મારા માટે નથી. નિંદા કે પ્રશંસા મારું સ્વરૂપ નથી. તો પણ અજ્ઞાનીને એવો ભ્રમ થાય છે કે તેણે મારી નિંદા કરી અને તેણે મારી પ્રશંસા કરી. બાવળના કાંટા પણ મારા નથી અને ગુલાબના ફૂલ પણ મારા માટે નથી. તો પણ અજ્ઞાનીને એમ લાગે છે કે તે બાવળાના કાંટા મને લાગવા માટે ઉગ્યા છે અને ગુલાબના ફૂલ મારા પર ચઢવા માટે ઉગ્યા છે. આ પ્રકારની અનંત કલ્પના જ અજ્ઞાનીના અનંત દુઃખનું મૂળ કારણ છે. **બાવળના કાંટા અને ગુલાબના ફૂલ બંનેથી દ્રષ્ટિ હટાવી નિજાત્મામાં સ્થિર થઈ જવું, એ જ પરથી નિરપેક્ષ થવું છે. જ્ઞાની પરથી નિરપેક્ષ છે કારણ કે જ્ઞાનીને પોતાની પરિપૂર્ણતાનો નિર્વિકલ્પ અનુભવ થઈ ગયો છે.** અજ્ઞાની પણ પોતાને પરિપૂર્ણ માનવાનો અભ્યાસ કરે, તો તે પણ પર્યાયમાં પરિપૂર્ણ થઈ શકે છે.

કોઈ કવિએ વ્યંગ્યમાં કહ્યું છે કે રસ્તા પર ચાલતા-ચાલતા તને પગમાં કાંટા એટલે જ વાગે છે, કારણ કે તારી નજર ફૂલ પર જ હોય છે. તું અનુકૂળતા પાછળ એટલો દોડે છે એટલે જ પ્રતિકૂળતા તારી પાછળ દોડે છે. **જે વ્યક્તિ અનુકૂળતાની પાછળ ભાગવાનું બંધ કરે છે, તેની પાછળ પ્રતિકૂળતા પણ ભાગતી નથી.** અનુકૂળતાના સંયોગમાં પોતાને સુખી ન માનવાવાળો અનુકૂળતાના વિયોગમાં પણ પોતાને દુઃખી માનતો નથી. **પરનો સંયોગ અને વિયોગ જગતની દ્રષ્ટિમાં હોય છે, પરંતુ સાધકની દ્રષ્ટિ તો સંયોગ તેમજ સંયોગીભાવથી ભિન્ન જ્ઞાયક પર જ હોય છે.**

પ્રત્યેક જીવ પોતાને જ્ઞાની માને છે, પરંતુ તેના જ્ઞાનીપણાના શ્રદ્ધાનમાં પરજ્ઞેયોની અપેક્ષા હોય છે. જીવ સ્વયંને જ્ઞેયોનો જાણવાવાળો માને છે. રોટલી બનાવનારી બાઈ પણ પોતાને રોટલીનું જ્ઞાન હોવાથી જ્ઞાની માને છે, દુકાનદાર

પણ પોતાને દુકાન ચલાવવાનું જ્ઞાન હોવાથી જ્ઞાની માને છે. પરંતુ તેમના જ્ઞાની માનવામાં પરજ્ઞેયોની મિલાવટ છે. પરના મેળવણવાળું જ્ઞાનીપણું સુખનું કારણ થતું નથી.

**હું જ્ઞાન સ્વભાવથી પરિપૂર્ણ છું, માટે હું જ્ઞાની છું. પર્યાયથી ભિન્નતાની વાત તો બહુ દૂર રહી, પરંતુ ગુણભેદોથી પણ હું ભિન્ન છું, તેથી હું જ્ઞાની છું.**

હું અખંડ, એક, અભેદ, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું, એવા વિકલ્પને પણ પ્રધાનતા ન આપી દ્રષ્ટિ ભગવાન આત્મા પર જ હોવી જોઈએ. દ્રવ્યદ્રષ્ટિ કરીને, દ્રવ્યનું ચિંતન કરવાથી, આત્માનો સ્વસંવેદન પ્રત્યક્ષ અનુભવ નિયમથી થાય જ છે.



# ૩૧. પરદ્રવ્ય મારી નજીક પણ આવતું નથી

પરદ્રવ્ય આત્મામય થતું નથી અને આત્મા પરદ્રવ્યમય થતો નથી. અજ્ઞાની દરેક દ્રવ્યને સંયોગની દ્રષ્ટિએ દેખે છે, જ્યારે જ્ઞાની તો દરેક દ્રવ્યને સ્વભાવની દ્રષ્ટિએ જાણે છે અને માને છે. કોઈપણ જડ દ્રવ્ય, ક્ષેત્રની અપેક્ષાએ ચેતનની પાસે આવીને પણ સ્વભાવની દ્રષ્ટિએ ચેતનની પાસે આવતું નથી.

જેમ રૂપિયા બેંકમાંથી ઘર સુધી આવે છે, તો પણ જ્ઞાની માને છે કે રૂપિયા મારી નજીક આવ્યા નથી અને મારી નજીક આવી શકતા પણ નથી. જો તે રૂપિયા પોતાના જડત્વને છોડીને ચેતનરૂપે થઈ જાય, તો એમ સમજવું જોઈએ કે તે રૂપિયા મારી નજીક આવ્યા છે, પરંતુ એમ થવું તો ક્યારેય પણ સંભવ નથી. મારૂં સ્વરૂપ ચેતનમય છે, હું સ્વયં ચેતનત્વથી ભરપૂર છું, હું જ ચેતન છું, હું જ જ્ઞાન છું. રૂપિયાનું સ્વરૂપ જડમય છે, રૂપિયા જડત્વથી ભરપૂર છે, રૂપિયા જડ છે, રૂપિયા જ્ઞાન સ્વભાવથી રહિત જ છે.

**જેવીરીતે કોઈ પરદ્રવ્ય મારી નજીક આવતું નથી, તેવીરીતે હું ભગવાન આત્મા પણ પોતાના જ્ઞાન સ્વભાવને છોડી જડ સ્વભાવરૂપ પરિણમિત થતો નથી એટલે હું પણ કોઈ પરદ્રવ્યની નજીક જતો નથી અને જઈ શકતો પણ નથી.**

વનમાં ધ્યાનાવસ્થામાં આ શરીરના પરમાણુ વાઘ વગેરે પ્રાણીઓના શરીરમાં જતાં રહે તો પણ હું વાઘના શરીરમાં જવાવાળો નથી. હું ભગવાન આત્મા આ મનુષ્ય શરીરની સાથે એકક્ષેત્રાવગાહે રહીને પણ મનુષ્ય દેહમાં ગયો નથી, તો પછી વાઘના શરીરમાં કેવી રીતે જઈ શકું? મારું જાણપણું તો મારી સત્તામાં વિદ્યમાન છે, તે કોઈપણ શરીરમાં ક્યારેય જતું નથી. **હું તો જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા સદાય સત્તાસ્વરૂપ તત્ત્વ છું.**

જેવીરીતે સુમેરુ પર્વતના પરમાણુ સાથે મારો કોઈ સંબંધ નથી. તેવીરીતે આ દેહના પરમાણુ સાથે પણ મારો કોઈ સંબંધ નથી. પરમાણુ તો પરમાણુ છે.

અચેતન તો અચેતન છે. જડ તો જડ છે. પર તો પર છે. સમસ્ત પરપદાર્થોથી દ્રષ્ટિ હટાવીને જ્ઞાયકભાવમાં દ્રષ્ટિ સ્થિર થયા વિના વિકલ્પાતીત તથા દેહાતીત મુક્તિ પામવી સંભવ નથી.

જેવીરીતે ગોળ દુકાનથી ઘેર આવે છે, અસ્થિર હોય છે ત્યારે અસ્થિરતાના કાળે પણ ગોળ પોતાના મીઠાપણાની સ્થિરતામાં સ્થિત જ છે. તેવી જ રીતે આત્મા લોકના સમસ્ત પ્રદેશો પર ગમનાદિ કરે છે, તેમ છતાં અસ્થિરતાના કાળે પણ પોતાના જ્ઞાન સ્વભાવમાં સ્થિર જ છે.

થોડા શાસ્ત્રોને ભણી લીધા બાદ તથા પ્રવચનો સાંભળી લીધા બાદ જ્યારે અજ્ઞાની કહે છે કે મને એ વાત સારી રીતે સમજાઈ ગઈ છે કે આ શરીર અને શરીરના સંયોગી ધન-પુત્રાદિ મારાં નથી. કારણ કે તે બધા થોડા વર્ષો સુધી જ આત્મા સાથે રહે છે. પરંતુ રાગ-દ્વેષના વિકારીભાવ પણ પર છે. એ વાત અમારી સમજમાં આવતી નથી. જ્ઞાની કહે છે કે જો તું થોડા વર્ષ સુધી સાથે રહેવાવાળું શરીર તથા ધન-પુત્રાદિ સંયોગોને ક્ષણિક જાણીને તેને પર જાણી શકે છે, તો એક સમય માટે જેનું અસ્તિત્વ છે એવા રાગ-દ્વેષના ભાવ તો સહેલાઈથી ક્ષણિક જાણી શકે છે.

જ્ઞાની તો કહે છે કે પચ્ચીસ વર્ષ સુધી તારી સાથે રહેવાવાળું ઘર પણ તારું નથી, તું એવું માને છે તો એક સમય પછી જેનું નિયમથી અસ્તિત્વ નથી એવા ક્રોધના ભાવને પોતાનો કેમ માને છે? ભલે તું કહેતો હોય કે તેં ઘરને પોતાનું માનવાનું છોડી દીધું છે. પરંતુ તને શ્રદ્ધાનમાંથી પોતાપણું હજી પણ છૂટ્યું નથી. તેથી હે ભગવાન આત્મા! પોતાને ક્રોધાદિરૂપ ન માન. ક્રોધાદિભાવ આત્માની સંતાન છે. જે પોતાના દીકરાને પણ પારકો માની લે છે, તે વ્યક્તિ જગતના કોઈપણ પરસંયોગને પોતાનો નહીં માને. **જેણે સંયોગ તથા સંયોગીભાવોને ક્ષણિક જાણ્યા અને માન્યા તે જીવ પોતાને નિત્ય જ્ઞાયક માને છે.**

દ્રવ્યની સ્વતંત્રતાને ન જાણવાવાળો અજ્ઞાની મરણ સમયે પોતાના દીકરાને પોતાની નજીક દેખવા ઈચ્છે છે. તેથી તે મરણ પહેલા પોતાના દીકરાને અમેરિકાથી ભારત બોલાવવા માંગે છે. તેને ઘણો દૂર રહેવાવાળો દીકરો ઘણો યાદ આવે છે. લોકમાં એમ કહેવાય છે કે ડુંગર દૂરથી રળીયામણા.



અલૌકિક માર્ગમાં તો અહીં સુધી કહે છે કે માત્ર ડુંગર જ દૂરથી રળીયામણા હોતા નથી, પરંતુ જગતના દરેક ક્ષણિક પદાર્થો દૂરથી જ રળીયામણા હોય છે. જ્ઞાની જાણે છે અને માને છે કે દીકરો અમેરિકામાં હોય કે ભારતમાં હોય, દીકરો સ્વદ્રવ્યને સત્તામાં ક્યાંય પણ નથી. મારા જ્ઞાનનું જ્ઞેય જ છે. તે દીકરો જ્ઞાનસ્વભાવની નજીક ક્યારેય પણ આવી શકતો નથી.

જેવીરીતે અમેરિકાથી ભારત આવનારો દીકરો જ્ઞાનસ્વભાવની નજીક આવતો નથી, તેવીરીતે ભારતથી અમેરિકા જનારો દીકરો જ્ઞાનસ્વભાવને પ્રભાવિત કરીને જતો નથી. કારણ કે જે વસ્તુ જ્ઞાનસ્વભાવની નજીક જ ન આવી હોય, તે વસ્તુ જ્ઞાનસ્વભાવથી દૂર કેવીરીતે જઈ શકે છે? પરદ્રવ્ય નિત્ય પરની સત્તામાં જ વિદ્યમાન છે અને સ્વદ્રવ્ય નિત્ય સ્વની સત્તામાં જ વિદ્યમાન છે. જ્ઞાની પોતાના જ્ઞાનમાં આવવાવાળા અને જવાવાળાને જાણે છે, પરંતુ દ્રષ્ટિમાં એ જ સત્તાસ્વરૂપ ભગવાન આત્મા છે, કે જે ન તો ક્યારેય આવે છે, ન તો ક્યારેય જાય છે, ન ક્યારેય પલટાય છે, જે ચૈતન્યરસથી પરિપૂર્ણ સત્તાસ્વરૂપ છે.

બે ભિન્ન-ભિન્ન દ્રવ્ય એક પ્રદેશ પર રહેવા છતાં પણ પોત-પોતાના લક્ષણોને છોડતા નથી. ચેતન આત્મા જડ દેહમાં રહ્યો, તો પણ દેહ ચેતનમય થયો નહીં. જેવીરીતે ગોળ થેલીમાં રહે છે, તો પણ થેલી મીઠી થઈ જતી નથી. અનેક વર્ષો પછી થેલીમાંથી ગોળને અલગ કરી થેલી પર જીભ રાખીને સ્વાદ ચાખીએ, તો જે મીઠો સ્વાદ અનુભવમાં આવે છે, તે મીઠો સ્વાદ પણ થેલીનો નહીં, પરંતુ ચોંટેલા ગોળનો જ આવે છે, કારણ કે મીઠાશ ગોળમાં હોય છે, થેલીમાં નહીં. તેવીરીતે આત્મામાં જ જ્ઞાન સ્વભાવ હોય છે. જ્યારે દેહમાં જ્ઞાન હોવાનો આભાસ થાય ત્યારે પણ જાગૃતિ રહેવી જોઈએ કે દેહમાં તો જાણવાવાળો સ્વભાવ છે જ નહીં, જાણવાનું કાર્ય તો આત્માનું છે. આત્માનું જાણવારૂપ કાર્ય દેહના યોગમાં રહીને પણ દેહમાં મળી જતું નથી. દેહ ક્યારેય પણ આત્મા બની જતો નથી. જો એમ હોત તો આત્માની જેમ દેહનો પણ મોક્ષ થઈ જાત.

દેહની અનિત્યતા તેમજ અસારતા જાણ્યા વિના, માન્યા વિના આત્માનું આત્મામાં સ્થિર થવું અસંભવ છે. આત્મામાં સ્થિર થયા વિના આત્માનું દેહથી મુક્ત થવું પણ અસંભવ છે.

# ૩૨. જાગૃતિ (નિત્યક્રમ)

જાગૃતિ જ નિર્વિકલ્પ અનુભૂતિ સુધી પહોંચવાનું સાધન છે. જે જીવ વિવેકપૂર્વક જીવન જીવે છે, તે જીવ જ દરેક સમયે જાગૃત રહી શકે છે. જ્યારે જ્ઞાની ઉપદેશ આપે છે કે વિવેકથી ચાલવું જોઈએ, વિવેકથી ખાવું જોઈએ, વિવેકથી બોલવું જોઈએ. ચાલવું, ખાવું, બોલવું, વગેરે શરીરની દરેક ક્રિયા વિવેકપૂર્વક કરવી જોઈએ અર્થાત્ દરેક ક્રિયા જાગૃતિપૂર્વક થવી જોઈએ.

જ્ઞાનીના ઉપરોક્ત ઉપદેશનો આશય બાહ્યદ્રષ્ટી અજ્ઞાની માત્ર એટલો જ સમજે છે કે વિવેકથી ચાલવું એટલે ચાર હાથ જમીન જોઈને ચાલવું જોઈએ, જેથી કોઈ જીવનો ઘાત ન થાય. વિવેકથી ખાવું એટલે અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ ન કરવું જોઈએ, જેથી કોઈ જીવની હિંસા ન થાય અને આપણું જીવન સદાચારમય થાય. વિવેકથી બોલવું એટલે હિત, મિત અને પ્રિય વચન બોલવા જોઈએ, જેથી કોઈ જીવની ભાવનાને ઠેસ ન પહોંચે.

જ્ઞાનીની દ્રષ્ટિ અંતર્મુખ હોય છે, તેથી જ્ઞાની વિવેકનું અદ્‌ભુત રહસ્ય સમજાવે છે કે ચાલતી વખતે જાગૃતિ રહેવી જોઈએ કે હું ભગવાન આત્મા ચાલનરો નથી, હું તો માત્ર જાણનારો છું. જમતી વખતે જાગૃતિ રહેવી જોઈએ કે હું ભગવાન આત્મા જમનારો નથી, હું તો માત્ર જાણનારો છું. બોલતી વખતે જાગૃતિ રહેવી જોઈએ કે હું ભગવાન આત્મા બોલનારો નથી, હું તો માત્ર જાણનારો છું.

**બધા પ્રકારની શરીરની ક્રિયાથી ભિન્ન હું ત્રિકાળી ભગવાન આત્મા માત્ર જ્ઞાત-દ્રષ્ટા છું. આવો વિવેક જ નિજાત્માને અનંત સંસાર પરિભ્રમણ તેમજ જન્મ-મરણના ઘાતથી બચાવવા માટે સમર્થ છે.**

નિજાત્માથી દ્રષ્ટિ હટી વિષયોમાં ન ભટકે, તેના માટે પળે-પળે જાગૃત રહેવું જોઈએ. જ્યારે તમે તમારા આત્માનુભૂતિરૂપ ઘરમાં રહેતા નથી અથવા પંચેન્દ્રિયના વિષયોમાં સૂતા રહો છો, ત્યારે જ કર્મોરૂપી ચોર તમારા ઘરમાં પ્રવેશ કરે છે. જ્યારે સિંહ જાગે છે, ત્યારે હરણ ભાગે છે, એ જ પ્રમાણે આત્મારૂપી સિંહ જાગતા જ કર્મરૂપી હરણ વગેરે પ્રાણીઓ ભાગી જાય છે, સહેજે નાશ પામે છે.

જ્યારે પગમાં કાંટો વાગી જાય, ત્યારે તે કાંટો વારંવાર ખટકે છે. એવી જ રીતે વિકલ્પના કાંટા નિરંતર ખટકવા જોઈએ. એ કાંટાઓને બહાર નીકાળવા માટે હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, એવી ભાવભાસન સહિત જાગૃતિ રહેવી જોઈએ.

જો તમને પૂછવામાં આવે કે તમારું નામ શું છે? ત્યારે તમને અહેસાસ થવો જોઈએ કે હું તો શુદ્ધાત્મા છું. તમારા શરીરના નામથી જેટલો પણ વ્યવહાર થાય, ત્યાં એ જાગૃતિ રહેવી જોઈએ કે આ મારૂં અસલી સ્વરૂપ નથી કારણ કે હું શરીર નથી. શરીરના નામનું સન્માન મારું સન્માન નથી અથવા શરીરના નામનું અપમાન મારું અપમાન નથી. તમારે કેટલી સંતાન છે? કેટલા ભાઈ-બહેન છે? ઉત્તર આપતી વખતે એ જાગૃતિ રહેવી જોઈએ કે માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રી વગેરે સંબંધો દેહના જ છે. **જ્યારે આત્માનો દેહ સાથે સંબંધ જ નથી તો બીજા સંબંધોનું તો કહેવું જ શું?**

કોઈએ તમને પૂછ્યું કે તમારું વજન કેટલું છે? જવાબ આપતી વખતે તમને એ જાગૃતિ હોવી જોઈએ કે હું ભગવાન આત્મા છું. વજન તો પુદ્‌ગલ દ્રવ્યમાં જ હોય છે. કોઈ પૂછે કે તમારી ઉંમર કેટલી છે? ત્યારે યાદ રાખો કે હું અનાદિ-અનંત ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા છું. કોઈ પૂછે કે તમારી જાડાઈ કેટલી છે? યાદ કરો કે **હું અસંખ્યાત પ્રદેશોમાં વ્યાપ્ત હોવા છતાં પણ અખંડ, એક, શુદ્ધ, ભગવાન આત્મા છું.**

જો કોઈ પૂછે કે તમે કેટલા વાગે સૂવો છો અને કેટલા વાગે જાગો છો? યાદ રાખો કે **હું તો ત્રિકાળ જાગૃત છું.** જ્યારે પણ આંખ ખુલે, ત્યારે એ જાગૃતિ રહે કે **હું જ્ઞાનરૂપ પરિણમિત ભગવાન આત્મા ત્રિકાળ જાગૃત છું.** જો કોઈ પૂછે કે તમે સ્નાન કર્યું કે નહીં? ત્યારે એ જાગૃતિ રહે કે **હું ભગવાન**

**આત્મા ત્રિકાળ નિર્મળ છું.** મારે પાણીથી સ્નાન કરવાની ક્યાં જરૂર છે? જો કોઈ તમને કહે કે ઘરમાં રહેવું છે અને સ્નાન નથી કરવું, પરંતુ જો કોઈ તમને તમારા ઘરમાંથી જ બહાર નીકાળી દે તો? તમને એ જાગૃતિ રહેવી જોઈએ કે મારું ઘર તો ચૈતન્યલોક છે, **હું અનાદિ-અનંત મારા ચૈતન્ય મહેલમાં રહેવાવાળો છું.** અને હાં, કોઈ પણ વ્યક્તિ મને ત્રણ લોકની બહાર નીકાળી શકતી નથી.

જો કોઈ પૂછે કે તમે આવતીકાલ માટે કોઈ સુરક્ષા કરી છે કે નહીં? યાદ રાખો, **હું તો અનાદિ-અનંત સ્વયં સુરક્ષિત તત્ત્વ છું.** ફરી તે પૂછે, તો શું તમે દુકાને જઈને ધન કમાવાનું છોડી દેશો? યાદ કરો, **પરિણતિની નિર્મળતા વધતી જાય, એ જ મારી અસલી કમાણી છે.** ફરી તે પૂછે કે જો તમે રૂપિયા કમાવાનું છોડી દેશો તો કાલે ખાશો-પીશો શું? તમે યાદ રાખો કે હું આહાર-પાણીથી જીવિત નથી અને ન તો આયુકર્મના ઉદયથી જીવિત છું. આહાર-પાણી બહિરંગ નિમિત્ત છે અને આયુકર્મનો ઉદય અંતરંગ નિમિત્ત છે. તો પછી તમે શેના કારણે જીવિત છો? યાદ રાખો, **હું તો મારી ચૈતન્યશક્તિરૂપ ઉપાદાન કારણથી જીવિત છું.**

જ્ઞાનીને દ્રવ્યની નિત્યતા અને શરીરની અનિત્યતાની શ્રદ્ધા એટલી દ્રઢ હોય છે કે કોઈપણ વ્યકિતના મરણના સમાચાર જ્ઞાનીને અસર કરતા નથી. જ્ઞાની માને છે કે આત્મા નિત્ય છે. કોઈપણ વ્યક્તિના મરણના સમાચાર સાંભળીને એ જાગૃતિ રહેવી જોઈએ કે આ સમાચાર જુઠા છે. તે આત્મા ક્યારેય મરતો નથી અને દેહ તો આત્માના યોગમાં પણ મરેલો જ છે.

જો કોઈ કહે કે તમને જોઈને તો એવું લાગે છે કે તમે કરોડપતિ છો? અરે ભાઈ! **હું અનંત ગુણાધિપતિ છું.** અનંતપતિ આત્માને કરોડપતિ કહી અપમાન ન કરો. ફરી કોઈ પૂછે કે તમને પૈસા ઉપર ભરોસો છે કે પુણ્ય ઉપર? તમારો જવાબ એ હોય કે બંને પર નહીં, કારણ કે બંને જ ક્ષણિક છે. વિનશ્વર છે. **મને પોતાની અનંત શક્તિ ઉપર ભરોસો છે.**

તમારી પાસે પહેરવા માટે કેટલા સોના, હીરા, રત્ન વગેરે છે?



મને પૃથ્વીકાયિક જીવના મડદાને પહેરવાનો શોખ નથી. **આત્માની શોભા તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્રરૂપી રત્નત્રયના કારણે છે.** મુંબઈ મોહમયી નગરીને સ્મશાન પણ એટલે જ કહ્યું છે કે લોકો હીરા વગેરે પૃથ્વીકાયિકના મડદાને કોઈના ગળાના હારમાં, કોઈની કાનની બુટ્ટીમાં, કોઈના હાથની બંગડીમાં દફનાવવા માટે ભેગા થતાં હોય છે. ભાઈ! હીરા વગેરે પથ્થર સાથે કામ કરતા-કરતા આત્મા પથ્થર દિલ ન થઈ જાય, અચેતન હીરા સાથે કામ કરતા-કરતા ચૈતન્યરૂપી હીરાની વિસ્મૃતિ ન થઈ જાય એવું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. હીરાને દેખી-દેખીને આંખ નબળી થઈ જાય એના પહેલાં જ અંતર્દ્રષ્ટિ ખુલી જવી જોઈએ. **અંતર્દ્રષ્ટિ ખોલવા માટે આત્મારૂપી હીરાના ગુણગાન ગાવાવાળી જિનવાણી માતાનું પઠન-અધ્યયન-મનન-ચિંતન વગેરે કરી આંખ વગેરે ઈન્દ્રિયોનો સદુપયોગ કરી લેવો જોઈએ.**

તમે આત્માની જાગૃતિની બહુ સારી વાતો બતાવી. હવે સમજાયું કે સંસારમાં ક્યાં સુખ છે? આપણે તો ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે જ જવાના. અહો! હજી પણ તમારી દ્રષ્ટિ શરીર પર જ છે. **હું ભગવાન આત્મા તો માતાના ગર્ભમાં હાથ વિના જ આવ્યો હતો અને હાથ વિના જ જઈશ અને વર્તમાનમાં પણ હાથ વિનાનો જ છું. તેથી એવો ભ્રમ છોડી દેવો જોઈએ કે આ દુનિયાના ચાલવામાં કયાંક ને કયાંક મારો હાથ છે.**

હું પશ્ચિમ તરફ બેઠો છું તો તમે પૂર્વ તરફ બેસો, ઉત્તર કે દક્ષિણ તરફ નહીં. ભાઈ! **આત્માને કોઈ દિશા હોતી નથી.** મીઠાશની કોઈ દિશા હોતી નથી, તે તો સર્વાંગ મીઠાપણાથી ભરપૂર છે. તેવીરીતે આત્માની કોઈ દિશા હોતી નથી, તે તો પોતાના જ્ઞાનરસથી ભરપૂર છે. **આત્માની અનુભૂતિમાં પશ્ચિમ કે પૂર્વ હોતા નથી. આત્માનો અનુભવ તો અપૂર્વ હોય છે.**

કોઈ પૂછે કે આજે સાંજે સાત વાગ્યે તમે શું કરવાના છો? હું તો અનાદિ-અનંત નિત્ય કાર્યરત ત્રિકાળ જાણવાવાળું તત્ત્વ છું. જાણવા સિવાય બીજું શું કરી શકું? અડધી રાત્રે તમારો દેહ છૂટી જાય તો? **જે દેહ મારાથી અનાદિ-અનંત છૂટો જ છે, તેના છૂટવાના વિકલ્પ તથા ભયથી શું લાભ?**

જો કોઈ એમ કહે કે મને લાગે છે કે તમે અવશ્ય મોક્ષે જશો. આવવા-જવાની વાત ન કરો, હું તો ત્રિકાળ મુક્ત સ્વરૂપ જ છું. તમારી આવી નિર્મળ દશા કેવી રીતે પ્રગટ થઈ? **આ નિર્મળ દશા મારી નથી. જેના આશ્રયે આ નિર્મળ દશા પ્રગટ થઈ છે, તે ત્રિકાળી ભગવાન આત્મા હું છું.**

ઠીક છે, હું જાવ છું, બીજી વાર ક્યારે મળીશું? અરે! જ્યારે આપણે એકવાર પણ મળ્યા નથી તો બીજીવાર મળવાની વાત આવી ક્યાંથી? ના, મારે તો તમને મળવું જ છે. સારૂં, ઠીક છે, મળવાની બહુ ઈચ્છા છે તો પછી સિદ્ધશિલા પર મળીશું. શું હું ત્યાં તમારી સાથે બેસી શકીશ? મારી સાથે નહીં, મારી અંદર પણ બેસી શકો છો. તો પછી મળવાનું પાક્કું? ના, ત્યાં પણ એક સિદ્ધ ભગવાનમાં અનંત સિદ્ધ ભગવાન રહે છે, પરંતુ મળવાનું તો ત્યાં પણ થતું નથી.

**આત્મસાધનાનો આધાર જાગૃતિ જ છે. દ્રવ્યદ્રષ્ટિનું એટલું જોર હોવું જોઈએ કે પર્યાયમાંથી એકત્વનો ભાવ જ છૂટી જાય. ધ્યાન કરવાવાળો હું નહીં, પણ જેનું ધ્યાન થાય છે તે ત્રિકાળી જ્ઞાયક હું છું. જાગૃતિ સંબંધી ઉપરોક્ત કોઈપણ વાક્યનો લોક વ્યવહારમાં પ્રયોગ કરી કોઈપણ પ્રકારે સ્વચ્છંદી ન થવું. અંતર પરિણતિમાં એવી જ્ઞાનધારાની જાગૃતિ બની રહે તે હેતુથી આ સાધનાની વિધિ બતાવી છે.**

કોઈ વ્યક્તિ ઉપરોક્ત કથનનો આશય ન સમજીને નિશ્ચયાભાસી થઈ પ્રર્વતન કરે તો તેનું અહિત જ થશે. જો તે વ્યક્તિ આ કથનને નહીં પણ વાંચે, તો પણ તે આત્માને સ્વરૂપની અનુભૂતિ ન હોવાથી અહિત જ થવાનું હતું અને અહિત જ થયું. કોઈ આ કથનથી સ્વચ્છંદી થઈ જશે તો? એવો વિચાર કરીને જ્ઞાની તત્ત્વની સત્ય પ્રરૂપણા તથા જ્ઞાયકભાવનું સ્વરૂપ સમજાવવાનું બંધ કરી દેતા નથી. તેથી જ્ઞાનીનો આશય સમજીને થોડો પણ વિલંબ કર્યા વિના શીઘ્રાતિશીઘ્ર આત્માનું કલ્યાણ કરી લેવું જોઈએ.



# 33. ભાવભાસન

**અનંત સિદ્ધોની સત્તાનો સ્વીકાર કરીને, તે સિદ્ધોને પોતાની શ્રદ્ધામાં સ્થાપિત કરીને આત્મસાધના પ્રારંભ થાય છે.** ભૂતકાળમાં અનંત કેવળી ભગવાને અપૂર્વ પુરુષાર્થના બળે આત્માનો અનુભવ કર્યો છે, તેથી આત્માનુભૂતિ અસંભવ નથી, મને પણ આત્માનો અનુભવ અવશ્ય થશે જ થશે, એવી દ્રઢતાપૂર્વક આત્મસાધનાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

**જગતના સમસ્ત ક્ષણિક પદાર્થોનો નિર્ણય કરી જગતથી ઉદાસીન થવું જોઈએ.** જગતમાં પરદ્રવ્યની સત્તા તો છે, પરંતુ તે પરદ્રવ્ય સાથે મારે કંઈપણ પ્રયોજન નથી, એવો નિર્ણય કરી પોતાની નિત્યતાનો વિચાર કરવો જોઈએ કે જેથી પોતાના શુદ્ધ અસ્તિત્વનું ભાવભાસન થાય.

ભાવભાસનનો અર્થ એ છે કે ભગવાન આત્મા સત્તા સ્વરૂપ છે, તે ચૈતન્ય સ્વરૂપી ભગવાન આત્મા ત્રિકાળ પ્રગટ જ્ઞાનજ્યોતિ માત્ર છે. એ ચૈતન્યની અનુભૂતિ જ મારી અનુભૂતિ છે, એ અનુભૂતિની બહાર મારું ક્યાંય પણ અસ્તિત્વ નથી. ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય.... અંતરંગમાં એવી નિરંતર વિચારધારા વહે છે, ત્યારે ચૈતન્યના રસનું જ વેદન થાય છે.

સાધકને એ જાગૃતિ હોવી જોઈએ કે ચૈતન્યના વિચારમાં પણ ચૈતન્યનું જાણપણું થઈ રહ્યું છે, તે જાણપણું જ હું છું. જે જાણપણું છે, તે જ હું છું, જે જાણપણું છે, તે જ હું... એ રીતે જાણપણામાં નિરંતર ધારાપ્રવાહથી એવું ચિંતન થાય છે કે હું ભગવાન આત્મા જાણનાર તત્ત્વ છું. આકાશના અસંખ્યાત પ્રદેશોમાં વ્યાપ્ત હોવા છતાં પણ પોતાના જાણાપણા વ્યાપ્ત છું. આ જ્ઞાન અસંખ્યાત પ્રદેશોમાં વ્યાપ્ત હોવા છતાં એકપણાને છોડતું નથી. અનેક પર્યાયરૂપ પરિણમિત થઈને પણ માત્ર જ્ઞાનરૂપ જ રહે છે, તે જ હું છું.

વિકલ્પની ઉત્પત્તિના કાળે પણ વિકલ્પનું ભાવભાસન ન થતાં જ્ઞાનનું ભાવભાસન થવું જોઈએ. આ જે વિકલ્પ જણાઈ રહ્યા છે, તે વિકલ્પનું સ્વરૂપ

નથી. જે જણાઈ રહ્યું છે, તે જ્ઞાનનું સ્વરૂપ છે, જ્ઞાનનું પરિણમન છે, તે જ્ઞાન જ છે, તે આત્મા જ છે, તે જ હું છું. જાણપણું અનંતકાળ સુધી નિત્ય રહેવાવાળું છે. હું અનાદિકાળથી જાણનારો છું, હું આજે પણ જાણનારો છું, હું અનંતકાળ સુધી જાણનારો છું. હું ત્રિકાળ જાણનારો છું, હું જાણનારો છું.

વૃત્તિની મલિનતાને કારણે જે વિકલ્પ ઉત્પન્ન થાય છે, તે વિકલ્પોની અનુભૂતિ થવી, એ વાતને સિદ્ધ કરે છે કે જીવને વિકલ્પની જ રૂચિ છે. વિકલ્પની રૂચિ જ ઉપયોગને વિકલ્પની જાળમાં ભ્રમિત કરે છે. જ્યારે એ નિર્ણય થાય છે કે જાણપણાની બહાર મારું અસ્તિત્વ જ નથી, ત્યારે વિકલ્પમાં પણ મારું અસ્તિત્વ નથી. હું જ્ઞાન માત્ર છું, વિકલ્પ, વિકલ્પમાં છે અને જાણપણું, જાણપણામાં છે. અહીં સુધી કે વિકલ્પ, વિકલ્પ છે અને જાણપણું, જાણપણું છે. પર, પર છે અને સ્વ, સ્વ છે.

નિરંતર વહેવાવાળી જ્ઞાનની ધારામાં વ્યાપ્ત જ્ઞાન જ મારાં સુખનું કારણ છે. મારાંમાં સુખ છે એમ નહીં, પણ હું સ્વયં સુખ સ્વરૂપ છું, હું સ્વયં સુખ છું, હું સ્વયં સુખ છું, હું સ્વયં સુખ જ છું, એવી પ્રતીતિ અને અનુભૂતિ અતીન્દ્રિય સુખ છે. એક વર્ષ, બે વર્ષ, દસ વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, કરોડ વર્ષ... અનંતકાળ... સુધી હું જાણનાર જ છું. આ જ્ઞાનધારા અનંતકાળ સુધી વહેવાવાળી છે, તેથી ક્ષણિક વિષય-કષાયથી મારે શું પ્રયોજન?

જાણપણું છે તે જ હું છું, જાણપણાનું વેદન છે, તે જ મારું વેદન છે, તે જ હું છું. કોઈપણ સંયોગ તથા વિયોગના કાળે આ જાણપણું પ્રભાવિત થતું નથી. કારણ કે આ પરપદાર્થ જાણપણામાં પ્રવેશ કરતા જ નથી. જ્ઞાન તો પરિપૂર્ણ છે, એને પૂર્ણ થવા માટે કોઈપણ જ્ઞેયની અપેક્ષા નથી. જ્ઞાનની દરેક પર્યાયમાં પરિપૂર્ણતા છે. જ્ઞાનની પ્રત્યેક પર્યાયમાં દ્રવ્યની સર્વાંગતા ગર્ભિત છે. તેથી દરેક પર્યાયમાં પોતાની પરિપૂર્ણતાનો અનુભવ કરવો જોઈએ.

**સમુદ્રના એક ટીપાને ચાખવા માત્રથી સમુદ્રના ખારાપણાનો અનુભવ થાય છે, તેમ જ જ્ઞાનની એક સમયની નિર્મળ પર્યાયમાં જ્ઞાનવાન ત્રિકાળી ભગવાનની અનુભૂતિ થાય છે. ભગવાન આત્મા પરિપૂર્ણ છે, તેવીરીતે**



**જ્ઞાનની પ્રત્યેક પર્યાય જાણપણાથી પરિપૂર્ણ છે.**

પોતાની પરિપૂર્ણતાની જાગૃતિ જ પોતાને પરથી નિરપેક્ષ કરે છે. એવી દ્રઢ શ્રદ્ધાના બળે વિકલ્પ, કષાય, આકુળતા, દુઃખ વગેરે સમસ્ત વિકાર સહજ જ વિલયને પ્રાપ્ત થાય છે. જાણપણાની અનુભૂતિ થતાં જ, ભૂતકાળમાં જે પણ જ્ઞેય, જ્ઞાનમાં જાણવામાં આવ્યા હતા, તે જ્ઞેયોની આસક્તિ પણ છૂટી જાય છે. કારણ કે જાણપણાની અનુભૂતિમાં એકમાત્ર ત્રિકાળી જ્ઞાયકની જ અનુભૂતિ થાય છે, બીજા કોઈપણ પરજ્ઞેયની નહીં.

**જ્ઞાનમાં એકત્વ થતાં જ જ્ઞાનનું વેદન અને સંવેદન અનુભવમાં આવે છે, જ્ઞેયોનું વેદન છૂટવા લાગે છે. જ્ઞાન સ્વભાવની નિત્યતા જ મારી નિત્યતા છે. જ્ઞાન નિત્ય છે, તેથી હું પણ નિત્ય છું. જ્ઞાનની સત્તા છે, તે જ મારી જ સત્તા છે, જ્ઞાનનું વેદન છે, તે મારું જ વેદન છે. આ જે અનુભવ છે, તે પણ મારો જ અનુભવ છે.**

જ્યારે ભાષા, શબ્દ તેમજ ધ્વનિ સંબંધી વિકલ્પોનો પણ જ્ઞાનમાં પ્રવેશ નથી, તો ભાષાવર્ગણારૂપ ધ્વનિનો મારામાં પ્રવેશ કેવી રીતે થઈ શકે? અર્થાત કદાપિ ન થઈ શકે. આ જે શબ્દ વાંચવામાં આવે છે, તે મારું સ્વરૂપ નથી. શબ્દનું જે જ્ઞાન છે, તે જ્ઞાન પણ મારું સ્વરૂપ નથી કારણ કે તે શબ્દનું જ્ઞાન છે. જ્ઞેયનું જ્ઞાન મારું સ્વરૂપ નથી. જ્ઞાનનો ત્રિકાળવર્તી કોઈ પણ જ્ઞેયો સાથે કોઈ સંબંધ નથી. જે જ્ઞાન જાણવારૂપે પરિણમિત થઈ રહ્યું છે, તે ચૈતન્ય જ્યોતિ સ્વરૂપ જ્ઞાનમાત્ર હું છું, તે જ હું છું, તે જ હું છું...

શરીરના પરમાણુનો આત્માના જ્ઞાન પ્રદેશમાં પ્રવેશ નથી. જ્ઞાન, જ્ઞાનરૂપે રહીને, હું સ્વયંરૂપે રહીને, હું નિરંતર જાણવારૂપે રહીને, હું નિરંતર પોતારૂપે રહીને, પોતાની સત્તારૂપ રહીને, હું સ્વયં જ પરિણમિત થઈ રહ્યો છું. **જ્ઞાનના પરિણમનમાં પરદ્રવ્ય નથી, પરદ્રવ્ય સંબંધી વિકલ્પ પણ નથી. જ્ઞેયોના ભેદ પણ નથી. જ્ઞાનનું પરિણમન પોતાના ચૈતન્યપણાનું પ્રગટરૂપ છે. તેથી ચૈતન્ય તત્ત્વમાં જ એકત્વપણાનું ભાવભાસન થવું જોઈએ.**

હું જ ત્રિકાળી ભગવાન આત્મા છું, એવા ભાવભાસન સહિત

એકત્વપૂર્વક થવાવાળો અનુભવ જ આત્માનો અનુભવ છે. હું જ ભગવાન આત્મા છું, એવા ભાવભાસનરૂપ વિકલ્પોમાં પણ અટકવું ન જોઈએ. એવા વિકલ્પોમાં પણ સંતોષ થવો ન જોઈએ. કારણ કે ભાવભાસનરૂપ વિકલ્પ પણ શુભભાવ છે. હું વિકલ્પરૂપ નથી. જ્યારે શુદ્ધભાવ પણ હું નથી, તો શુભભાવ હું કેવીરીતે હોઈ શકું છું? શુદ્ધભાવ જે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવાથી, જે દ્રવ્યમાં એકત્વ કરવાથી પ્રગટ થાય છે, તે ત્રિકાળી ધ્રુવ, પૂર્ણ નિર્વિકલ્પ ભગવાન આત્મા હું છું. **શુદ્ધભાવ નવો પ્રગટ થાય છે, શુદ્ધ દ્રવ્ય ત્રિકાળ પ્રગટ છે. હું ત્રિકાળ પ્રગટ શુદ્ધ આત્મદ્રવ્ય છું.**

આ રીતે ભાવભાસન સહિત પોતાની શુદ્ધતા તેમજ પોતાના એક અભેદ સ્વરૂપનો વિચાર કરવાથી જ્ઞાયકની અનુભૂતિ થાય છે. **જ્ઞાયકનો વિચાર જ જ્ઞાયકની અનુભૂતિમાં પરિણમિત થઈ જાય છે. પરંતુ એ યાદ રહે કે ભાવભાસન સહિત તત્ત્વવિચાર હોય અને તત્ત્વવિચારમાં પણ એકત્વ કે સંતુષ્ટ ન થવું જોઈએ. જ્ઞાયકની શુદ્ધતાનો વિચાર પણ હું નથી, હું તો ત્રિકાળ સત્તા સ્વરૂપ શુદ્ધ દ્રવ્ય છું.**

જ્યારે પણ શરીરની ક્રિયા કે શ્વાસોચ્છવાસ તરફ ઉપયોગ જાય છે, ત્યારે જે જ્ઞાનનું વેદન થાય છે, તે વેદન પણ જાણપણું જ છે. તે વેદન પણ જ્ઞાન જ છે. તે જ્ઞાન હું જ છું. જે જ્ઞાન થાય છે, તે જ્ઞેયોનું જ્ઞાન નથી. શ્વાસોચ્છવાસનું જે જ્ઞાન થાય છે, શ્વાસોચ્છવાસનું જ્ઞાન નથી પણ આત્માનું જ્ઞાન છે. તે જ્ઞાન, આત્મા જ છે, એવો દ્રઢ નિશ્ચય જ આત્માનુભૂતિનો એકમાત્ર ઉપાય છે. તત્વના દ્રઢ નિર્ણયના બળે એવો અનુભવ થાય છે કે હું જ જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા છું.

ભૂતકાળમાં અનંત સિદ્ધોએ આ માર્ગ અપનાવ્યો છે. અનંત કેવળી પરમાત્મા આ નિર્વિકલ્પ અનુભૂતિ સ્વરૂપ મોક્ષમાર્ગ પર ચાલીને મુક્ત થયા છે. હું જ્ઞાયક છું, એવી અનુભૂતિ જ એકમાત્ર મોક્ષમાર્ગ છે. બાકીના બધા ઉન્માર્ગ છે. આત્માનું સ્વરૂપ ત્રિકાળ એક છે, તેથી આત્માના મોક્ષનો માર્ગ પણ ત્રિકાળ એક છે. ચોથો કાળ હોય કે પાંચમો કાળ હોય, નિર્વિકલ્પ સ્વસંવેદન પ્રત્યક્ષ આત્માનુભૂતિ જ મુક્તિનો માર્ગ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને



ભાવના ભેદના કારણે મોક્ષમાર્ગના સ્વરૂપમાં ભેદ પડતો નથી, મોક્ષમાર્ગ આ બધા ભેદોમાં પણ અભેદ જ રહે છે.

રાગ મારું સ્વરૂપ નથી, એવા વિકલ્પના કાળે પણ જે નિત્ય જ્ઞાન વિદ્યમાન છે, તે જ્ઞાન જ મારું અસલી સ્વરૂપ છે. જેમ-જેમ અસ્તિ સ્વરૂપ જ્ઞાયક ભગવાન આત્મામાં એકત્વ થવા લાગે છે, તેમ-તેમ નાસ્તિ સ્વરૂપ અરાગી, અદ્વેષી, વગેરે વિકલ્પો પણ છૂટવા લાગે છે.

જેમ કોઈ બાળકના હાથમાંથી એક રમકડું છોડાવવું હોય તો તેને તેનાથી પણ સારૂ રમકડું આપવાથી પહેલું રમકડું સહેજે છોડી દેશે. તેવીરીતે અજ્ઞાનીને જ્ઞાયકભાવનું સ્વરૂપ ગ્રહણ કરાવવાથી જડપદાર્થોના સ્વરૂપ પરથી સહેજે દ્રષ્ટિ છોડી દેશે. અહીં કહે છે કે બાળકને બીજું રમકડું આપવાની પણ જરૂર નથી. તે બાળકને બીજા રમકડાનું સ્વરૂપ સમજાવતા જ તે બાળક બીજું રમકડું પકડી લે છે અને પહેલું રમકડું છોડી દે છે. એવી જ રીતે અજ્ઞાનીને જ્ઞાયકભાવનું સ્વરૂપ ગ્રહણ કરાવવા છતાં પણ તે જ્ઞાયકભાવનું સ્વરૂપ ગ્રહણ કરશે નહીં. પરંતુ જ્યારે તે જ્ઞાયકભાવને મહાન જાણશે, માનશે ત્યારે જ સહજરૂપે જ્ઞાયકમાં સ્થિર થઈ જશે અને પરપદાર્થોથી નિવૃત્ત પણ થઈ જશે.

અનુભૂતિ માત્ર જ્ઞાન જ મારું સ્વરૂપ છે. જેટલા અંશે જ્ઞાનમાં સ્થિરતા થાય છે, તેટલા અંશે વિકલ્પની ગતિ પણ મંદ થવા લાગે છે. મંદ વિકલ્પના કાળે પુરૂષાર્થની ગતિ અત્યંત શીઘ્રતાથી વધતી જાય છે, પરંતુ સાધક જીવની દ્રષ્ટિ ત્યાં જતી નથી. **સાધકની દ્રષ્ટિ પુરૂષાર્થ ઉપર નહીં, પરંતુ પુરૂષાર્થના આધારભૂત ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા ઉપર જ હોય છે.** જ્ઞાનીનો ઉપયોગ તો ઉપયોગમાં હોય છે. જ્ઞાનીનો ઉપયોગ જ્ઞાનરૂપ પરિણમિત થઈને પણ જ્ઞાનની નિત્યતાને છોડતો નથી. હું પણ સ્વયં પોતારૂપે જ પરિણમિત થઈ રહ્યો છું. હું જ્ઞાયકભાવ છું. જ્ઞાયકભાવ જ મારી પરિપૂર્ણતાનું સૂચક છે. હું અનાદિ-અનંત પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાયકભાવ છું. મારી પરિપૂર્ણતાનો આધાર કોઈ પરદ્રવ્ય નથી, હું સ્વયં પોતાના કારણે પરિપૂર્ણ છું. તેથી મને કોઈપણ પરદ્રવ્યનો ભય નથી, પરદ્રવ્ય સંબંધી વિકલ્પ નથી. એ પ્રકારે ભાવભાસન સહિત તત્ત્વવિચારની ધારા વહેતી રહે, એ જ આત્મસાધનાના જિજ્ઞાસુ સાધકની સાધના છે.

# ૩૪. ચિંતનનો વિષય

**જે આત્મા દ્રષ્ટિનો વિષય છે, તે આત્મા ચિંતનનો પણ વિષય છે.** ભગવાન આત્માનું ધ્યાન કરતી વખતે જો તેનો ભાવ ગ્રહણ કર્યો તો તે ચિંતન અનુભૂતિની તરફ લઈ જાય છે, પરંતુ ભાવ ગ્રહણ કર્યા વિના થવાવાળું આત્મચિંતન આકુળતાનું કારણ બને છે. હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું... એવું ચિંતન કરતી વખતે જ્ઞાયકનો ભાવ પકડમાં આવવો જોઈએ. જ્ઞાયક એટલે જાણવા-દેખવા વગેરે અનંત કાર્યરૂપ પરિણમિત હોવા છતાં પણ જે પરિપૂર્ણ ભાવ ત્રિકાળ ટકીને રહે છે, તે જ હું છું.

આત્માનું ચિંતન કરતી વખતે જે પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે, તે વિકલ્પોને પ્રધાનતા ન આપવી જોઈએ. વિકલ્પોને પ્રધાનતા આપવાથી ઉપયોગ જ્ઞાયકથી હટી વિકલ્પોમાં જ અટકી જાય છે. જ્ઞાનની મીઠી ધારાને જાણો, વિકલ્પોના ખારા તરંગોને નહીં. જીવને રાગનો વિષય જ નહીં, પરંતુ દ્વેષનો વિષય પણ યાદ આવે છે, તેને મિત્રની જેમ શત્રુ પણ યાદ આવે છે. તેથી એમ નહીં માનવું જોઈએ કે જેના પ્રત્યે રાગ હોય તે જ યાદ આવે છે. ખાસ વાત તો એ છે કે જીવે જેને પ્રધાનતા આપી, તે જ તેના જ્ઞાનમાં જણાય છે. જેણે વિકલ્પોને પ્રધાનતા આપી, તેને વિકલ્પો જણાય છે અને જેણે જ્ઞાનને પ્રધાનતા આપી, તેને માત્ર સામાન્ય જ્ઞાન જણાય છે.

**પરપદાર્થ સંબંધી સમસ્ત વિકલ્પ છૂટ્યા વિના જ્ઞાયકની ચિંતનધારા પ્રારંભ થતી નથી.** લોકમાં કોઈ જીવને ગૃહિત મિથ્યાત્વ પુષ્ટ કરતો દેખીને જ્યારે કોઈ વ્યક્તિ તે જીવના સંબંધમાં એવું સમાધાન કરી લે કે જેના સંસાર સમુદ્રનો કિનારો દૂર હોય છે, તેને સત્ય ધર્મ ધારણ કરવાનો ભાવ પણ આવતો નથી. જ્ઞાની કહે છે કે એ પ્રકારે સમાધાન કરી લેવાથી પણ તમે ધર્મ ધારણ કરતા નથી. તે જીવનું સંસાર પરિભ્રમણ થવાનું છે કે નથી થવાનું, એ બધા



વિકલ્પોથી મારે શું પ્રયોજન? **જેમનું પરિભ્રમણ થવાનું રોકાઈ ગયું છે, એવા વીતરાગી સર્વજ્ઞ ભગવાનના વિકલ્પોથી નિવૃત્ત થવાનું છે, તો રાગીઓના પરિભ્રમણના વિકલ્પોની વાત તો બહુ જ દૂર છે.**

હું પોતાને ભૂલીને તે પરદ્રવ્ય સંબંધી વિકલ્પોમાં કેમ અટકી જાઉં છું? એવો વિચાર કરીને સમસ્ત પર સંબંધી અપ્રયોજનભૂત વિકલ્પોને છોડી જ્ઞાયકભાવનો જ વિચાર કરવો જોઈએ. સાધનામાર્ગમાં એક એવી અપૂર્વ સ્થિતિ આવે છે, જ્યારે જીવ સમસ્ત પર તેમજ પરના વિકલ્પને અપ્રયોજનભૂત તથા જ્ઞાયકભાવને જ પ્રયોજનભૂત જાણે છે.

**જ્ઞાયકભાવને છોડી જગતના કોઈપણ પરપદાર્થોને મહત્ત્વ ન આપવું જોઈએ. અહીં સુધી કે જ્ઞાયકની ઉપલબ્ધિનો વિકલ્પ પણ જ્ઞાયકથી મહાન નથી, કારણ કે એ વિકલ્પ ક્ષણિક છે અને જ્ઞાયક નિત્ય છે.** જ્ઞાયકની અનુભૂતિનો વિકલ્પ જન્મ-મરણ કરે છે, પરંતુ જ્ઞાયકભાવ નિત્ય છે, ધ્રુવ છે. હું નિત્ય જ્ઞાયક જ છું, હું નિત્ય જ્ઞાયક જ છું. વર્તમાન અવસ્થામાં જ આવા જ સંસ્કાર દ્રઢ કરવા જોઈએ.

અજ્ઞાનીને શરીરમાં પ્રતિકૂળતા આવતા જ આકુળતા ઉત્પન્ન થવા લાગે છે, કારણ કે જે જ્ઞાયકના આશ્રયથી આકળુતા રહિત શુદ્ધ રહી શકાય છે, અજ્ઞાનીને તે જ્ઞાયકભાવનો આશ્રય જ નથી. જ્ઞાયકનો આશ્રય હોવાથી શરીર કપાઈ જવા છતાં પણ જ્ઞાની તો માત્ર તેને જાણે છે અને દેખે છે. **જ્ઞાયકનો આશ્રય લીધા વિના જગતની કોઈપણ ઘટનાના જ્ઞાતા-દ્રષ્ટા રહેવું સંભવ નથી.**

આત્મજ્ઞાન રહિત વ્રત-તપશ્ચરણ વગેરે કરીને પણ જીવ દુઃખી થાય છે કારણ કે શરીરમાં થવાવાળી વેદના સહન થતી નથી. આત્માની અનુભૂતિના બળ વિના શરીરની પીડામાં જે એકત્વબુદ્ધિ છે, તે જ દુઃખનું કારણ બને છે. **જ્ઞાની શરીરની પીડાને સહન કરતા નથી, પણ તેને સહજરૂપે જાણી લે છે. સહન કરવામાં કર્તાપણું છે અને સહજ જાણવામાં જ્ઞાતાપણું છે. સહન કરવું તે અધર્મ છે અને સહજ જાણવું તે ધર્મ છે. સહજ ચિદાનંદ સ્વભાવી ભગવાન**

**આત્માની એકત્વપૂર્વક અનુભૂતિ જ વાસ્તવિક ધર્મ છે. જ્ઞાનીનું જીવન પણ આત્માનુભૂતિમય હોય છે.**

જ્ઞાનીને જ્ઞાયકમાં એકત્વ હોવાથી હું જ્ઞાયક જ છું, એવા શ્રદ્ધાનના બળ પર શરીર વગેરે સમસ્ત પરદ્રવ્યની ક્રિયા અસર કરતી નથી. શરીર ક્ષીણ થવા છતાં પણ જ્ઞાની સ્વયંને નિત્ય સુરક્ષિત શુદ્ધાત્મા જ માને છે. તેઓ અનુભવપૂર્વક માને છે કે જ્ઞાયકભાવથી મહાન આ જગતમાં કંઈપણ નથી.

**પરપદાર્થોમાં એકત્વબુદ્ધિ, મમત્વબુદ્ધિ, કર્તૃત્વબુદ્ધિ તથા ભોક્તૃત્વબુદ્ધિ એ ચારેય પ્રકારની મિથ્યાબુદ્ધિમાં અટકવું ન જોઈએ એવું જાણવાવાળો જીવ પણ પરપદાર્થોને જાણવામાં અટકી જાય છે.** હું આ શરીર નથી, આ શરીર મારું નથી, આ શરીરનો કર્તા હું નથી તથા આ શરીરનો ભોક્તા હું નથી, આટલું જાણવા છતાં પણ અજ્ઞાની શરીરને જાણવામાં જ, પરને જાણવામાં જ અટકી જાય છે. **પરને જાણું છું, એમ માનીને અજ્ઞાની પરમાં જ જવા ઈચ્છે છે. સત્ય તો એ છે કે તે પરની રૂચિપૂર્વક પરમાં ઉપયોગને ભ્રમિત કરે છે. તેથી સાધકે એ વાત પર ખાસ ધ્યાન આપવું જોઈએ કે પરને જાણ્યા પહેલા જાણનારાને જાણી લેવો અનિવાર્ય છે.**

અહીં કોઈ કહે કે જ્ઞાની પણ પરને જાણે છે. પરને જાણવાના લક્ષ્યે જ્ઞાની પરને જાણતા નથી. જ્ઞાનીનું લક્ષ્ય તો આત્માનુભૂતિ જ છે. એમ કહેવાય છે કે પુરુષાર્થની નબળાઈથી જ્ઞાનીનો ઉપયોગ પરને જાણવા જાય છે. **જ્ઞાનીના પુરૂષાર્થની નબળાઈ આપણું લક્ષ્ય ન હોવું જોઈએ. નબળી વ્યક્તિની દ્રષ્ટિ નબળાઈ પર જાય છે, જ્યારે પુરૂષાર્થી જીવને જ્ઞાનીનો પુરૂષાર્થ જ દ્રષ્ટિમાં આવે છે. સાધક જીવે યાદ રાખવું જોઈએ કે પરને જાણવું તે મારું લક્ષ્ય નથી.**

સમ્યગ્દષ્ટી જીવને ભોગ ભોગવવા છતાં પણ કર્મની નિર્જરા થાય છે. એમ જાણીને વિષય ભોગોમાં પ્રવર્તવું ન જોઈએ. પરંતુ એમ જાણવું જોઈએ કે જ્ઞાનીને વિષય ભોગોના કાળમાં પણ પરિણતિની નિર્મળતાના બળે કર્મોની નિર્જરા થાય છે. પરિણતિની નિર્મળતાનો આધાર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક જ છે. **તેથી જ્ઞાયકનો આશ્રય લેવો એ જ કર્મોની નિર્જરાનું મૂળ કારણ છે.**



# ૩૫. ચિંતન કરતાં-કરતાં અનુભવ થઈ ગયો

ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ પૂર્વે ભગવાન આત્માના ચિંતનનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે. કારણ કે તે આત્મતત્ત્વવિચારરૂપ ચિંતન જ અનુભૂતિરૂપે પરિણમિત થઈ જાય છે. **જે જીવ તત્ત્વવિચારના કાળે ઉત્પન્ન થનારા શુભ વિકલ્પોમાં સંતુષ્ટ થતો નથી, તે વિકલ્પોને પણ પોતાનું સ્વરૂપ માનતો નથી, તે જીવ તેવા વિકલ્પોથી પણ છૂટીને પરમ શુદ્ધ નિર્વિકલ્પ અનુભૂતિને પ્રાપ્ત થાય છે.**

તત્ત્વવિચાર કરતી વખતે એ વાત ચોક્કસ યાદ રાખવી જોઈએ કે ભાવથી ભીંજાઈને કરેલો તત્ત્વવિચાર જ આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ સુધી પહોંચાડે છે. તેથી વચનમાત્રથી રટણ જ ન કરતાં સ્વરૂપની સમીપ જઈ ભાવથી સ્પર્શના કરવી જોઈએ. ભાવથી ભીંજાઈને અનુભવ કરવાનો અર્થ એ છે કે અનાદિકાળથી મેં અનંત જન્મ-મરણ કરીને, વિશેષ તો વિકલ્પોનું પરિભ્રમણ કરીને અનંત દુઃખ ભોગવ્યા છે, હવે નિજસ્વરૂપની અનુભૂતિથી તે દુઃખોથી મુક્ત થવાનો સુઅવસર આવ્યો છે, એવો વિચાર કરીને અંતરની ભાવનાથી આત્માના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

જ્યારે ચિંતન અનુભૂતિમાં પરિણમિત થઈ જાય છે, ત્યારે અનાદિકાળથી જેની એક ક્ષણ માટે પણ અનુભૂતિ થઈ નથી, તેવા ભગવાન આત્માનું શુદ્ધ સ્વરૂપ અનુભવમાં આવે છે. **ભગવાન આત્માનું ચિંતન કરતા-કરતા જગતના ક્ષણિક પદાર્થ દ્રષ્ટિ અગોચર થવા લાગે છે. જ્ઞાનમાંથી વિસ્મૃત થવા લાગે છે.** જ્ઞાયકની જાગૃતિ વધતા-વધતા ક્ષણિક જગતથી ઉપયોગ હટીને પોતાના સ્વરૂપના વિચારમાં જ સ્થિર થવા લાગે છે. જ્ઞાનની શુદ્ધ પર્યાય દ્રવ્ય સ્વભાવનો આશ્રય લે છે, ત્યારે પર્યાય અને દ્રવ્ય અભેદ થાય છે, ત્યારે વિકલ્પોથી મુક્તિ થાય છે, ત્યારે એક માત્ર અનુભવ જ રહી જાય છે. **આત્માના શુદ્ધ નિર્વિકલ્પ અનુભવરૂપ પરિણત આત્મા જ અનુભવ છે.**

હું ભગવાન આત્મા સત્તા સ્વરૂપ દ્રવ્ય છું. અનાદિકાળથી સત છું અને અનંતકાળ સુધી સત્તા સ્વરૂપ રહેનાર છું. અનાદિ-અનંત નિત્ય મારું અસ્તિત્વ છે. અનાદિ-અનંત-નિત્ય જાણવું-જાણવું મારું કાર્ય છે. હું જાણનારો જ છું, હું જાણનારો જ છું... જાણવા-જાણવારૂપે પરિણમતો હોવા છતાં પણ જાણપણામાં સ્થિત રહેનારો જ્ઞાનસ્વભાવી આત્મા હું છું. જાણપણા સિવાય રાગાદિભાવરૂપ વિકલ્પમાં મારું અસ્તિત્વ છે જ નહીં.

હું એ નિર્ણય કરું છું કે જાણવારૂપ પર્યાય પ્રતિસમય જે દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે અને જે દ્રવ્યમાં મળે છે, ફરી જાણવારૂપ પર્યાય જે દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે અને જે દ્રવ્યમાં મળે છે, એવું જાણવાવાળો ભગવાન આત્મા છે તે ભગવાન આત્મા હું જ છું.

**હું સ્વયં પરિપૂર્ણ છું. મારામાં કોઈપણ પ્રકારનું અધુરાપણું નથી. પરિપૂર્ણતાના કારણે મને કોઈપણ પદાર્થની અપેક્ષા નથી.** શરીરાદિ જડ પદાર્થ તો પર છે, સાથે-સાથે પરપદાર્થના વિકલ્પ પણ મારાથી પર છે, અતિ દૂર છે. હું ત્રિકાળી ધ્રુવ ભગવાન માત્ર જાણવારૂપ પરિણમિત થઈ રહ્યો છું. હું ભગવાન આત્મા દેહના યોગમાં રહીને પણ દેહમય થયો નથી. સત્ય તો એ છે કે હું દેહમાં રહીને દેહમાં રહ્યો નથી. હું અનાદિ-અનંત પોતાના જ્ઞાનપણામાં જ રહ્યો છું. હું ભગવાન આત્મા પોતાના જાણપણાને છોડીને, પૌદગલિક દેહમાં રહેવા કેવી રીતે જઈ શકું છું? આ રીતે હું ભગવાન આત્મા રાગાદિભાવ સાથે રહીને પણ રાગાદિ ભાવમય થયો નથી.

સત્ય તો એ છે કે પર્યાયમાં રાગાદિભાવ હોવા છતાં પણ તે પરભાવ મારા સ્વભાવમાં મળ્યા નથી. આત્મામાં જાણપણાના સ્વભાવ સિવયા અન્ય કોઈપણ પ્રકારના વિકાર નથી. **અનાદિકાળથી અનંતકાળ સુધી એક સમય માટે પણ જે પોતાનું જાણપણું છોડતો નથી, તે જ્ઞાયક, તે હું છું.**

એ જાગૃતિ તો નિરંતર રહેવી જોઈએ કે જાણપણા સિવાય મારું કોઈ કાર્ય નથી. કોઈપણ પ્રકારના સંયોગ-વિયોગ ભગવાન આત્માને નથી, કારણ કે જે જાણનાર ધ્રુવ ભગવાન આત્મા છે, તે ભગવાન આત્મા નિરંતર સ્વયં પોતાના જ્ઞાનનો જ અનુભવ કરી રહ્યો છે. સંયોગ અને વિયોગનો અનુભવ કરવાવાળો



ભગવાન આત્મા નથી. જે સંયોગ અને વિયોગનો અનુભવ કરવાવાળો નથી તેના માટે જગતમાં કોઈ સંયોગ અને વિયોગ પણ નથી. ભગવાન આત્મા તો માત્ર જાણવારૂપ કાર્ય કરે છે. **તેથી તે ત્રિકાળ જાગૃત જાણપણા ઉપર જ દ્રષ્ટિ કરો. તેના પર દ્રષ્ટિ કરતાં જ સંયોગ અને વિયોગ સહેજે દ્રષ્ટિઅગોચર થઈ જશે.**

હું અનાદિ-અનંત એકરૂપ છું. જાણવા-જાણવારૂપ અનેક અવસ્થાઓમાં વ્યાપ્ત હોવા છતાં પણ હું પોતાના એકપણાને છોડતો નથી. **હું ભગવાન આત્મા દેહપ્રમાણ હોવા છતાં પણ હું તો જ્ઞાનપ્રમાણ છું.** આ જે જ્ઞાનનું વેદન થઈ રહ્યું છે, જાણપણાનું વેદન થઈ રહ્યું છે, તે મારું અસલી સ્વરૂપ છે. એ જાણપણાની બહારમાં હું ક્યાંય પણ નથી. એ જાણપણું મારો સ્વભાવ છે, જાણપણું નિત્ય પ્રગટ છે, જાણપણું સ્વાધીન છે, જાણપણારૂપ હું છું, એ સંસ્કારના અભાવના કારણે પરપદાર્થમાં એકત્વ કરી મેં અપરાધ કર્યો છે, હવે એ વાતની જાગૃતિ રહે કે કોઈપણ પરપદાર્થમાં એકત્વ કરવાના કાળે પોતાના જાણવારૂપ સ્વભાવને નહીં છોડવાવાળો ભગવાન આત્મા હું જ છું.

**અસંખ્યાત પ્રદેશોમાં વ્યાપ્ત હોવા છતાં પણ હું એક છું. અનંતગુણોનો સ્વામી હોવા છતાં પણ હું એક છું, એકમાત્ર જ્ઞાન સિવાય અન્ય કોઈપણ કાર્ય કરવાવાળો હું નથી એટલે કે સ્વયં જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપ પરમાત્મા છું. હું સ્વયં ભગવાન છું. હું ત્રણ લોકનો નાથ પરમાત્મા છું.**

રાગાદિ ભાવરૂપ મેલ મારામાં નથી, જાણવા માત્ર પરિણમિત થવાવાળા ભગવાન આત્માને ક્રોધાદિ કષાય ભાવ તો સ્પર્શ પણ નથી કરતા. ક્રોધાદિભાવ, ક્રોધાદિભાવમાં છે અને જ્ઞાન સ્વભાવ, જ્ઞાન સ્વભાવમાં છે. હું જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા છું એવી જાગૃતિ નિરંતર બની રહે. પ્રત્યેક પર્યાયમાં જે વેદન થઈ રહ્યું છે તે જાણપણાનું જ વેદન છે.

**કોઈપણ પદાર્થને જાણવાના કાળે મને જે જણાઈ રહ્યું છે, તે મારું જ્ઞાન જ છે, મને મારાં જ્ઞાનની જ અનુભૂતિ થઈ રહી છે, મારું જ્ઞાન પણ કેમ? તે જ્ઞાન જ હું છું.** આ જે શબ્દનું જ્ઞાન થઈ રહ્યું છે તે પણ જ્ઞાનનું જ જ્ઞાન છે તે જ્ઞાન જ તો છે. કારણ કે શબ્દો પોતાનું જડત્વ છોડી જ્ઞાનરૂપ પરિણમિત થતા નથી અને જ્ઞાન પોતાનું ચેતનત્વને છોડી શબ્દરૂપ પરિણમિત થતું નથી. **જ્ઞાન**

**માત્ર જ્ઞાનરૂપ જ પરિણમિત થાય છે, હું જ્ઞાન સ્વભાવી છું, હું જ્ઞાન સ્વભાવી છું, એવું ચિંતન નિરંતર થતું રહે.**

હું રાગાદિભાવથી ભિન્ન ભગવાન આત્મા છું, એવા વિકલ્પોથી પણ ભગવાન આત્મા ત્રિકાળ ભિન્ન છે. રાગાદિભાવ જેમાં જણાય છે, તે ભગવાન આત્મા હું છું, એવા વિકલ્પોથી પણ ભગવાન આત્મા ત્રિકાળ ભિન્ન છે. ભગવાન આત્મા તો સમસ્ત વિકલ્પોથી ભિન્ન નિર્વિકલ્પ સ્વરૂપ છે. રાગાદિ વિકલ્પથી પ્રભાવિત ન થઈને, હું સ્વભાવમાં સ્થિર રહી પોતાના સ્વરૂપનો જ અનુભવ કરતો રહું.

હું ભગવાન આત્મા જાણનાર, જાણનાર, જાણનાર... આ પ્રમાણે ચિંતન કરી પ્રત્યેક પર્યાયમાં જ્ઞાનનો એકત્વરૂપ અનુભવ કરું. હવે હું મારા શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થઉં છું, હવે હું મારા જ્ઞાયક સ્વરૂપમાં સ્થિર થઉં છું. હવે અનંતકાળ સુધી હું જ્ઞાયક સ્વરૂપમાં સ્થિર થઉં છું, એવો દ્રઢ નિર્ણય તથા નિશ્ચય કરી જગતથી દ્રષ્ટિ હટાવી એક જ્ઞાયક ધ્રુવ ભગવાન આત્માના ચિંતનમાં જ સ્થિર રહું.

હું ત્રિકાળ સત્તા સ્વરૂપ છું, ત્રિકાળી સ્વરૂપમાં ઉપયોગ સ્થિર રહે, ત્રિકાળી સ્વરૂપમાં જ એકત્વ રહે. કારણ કે હું તો જે છું, તે જ છું. સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન કે મોક્ષ પ્રગટ થાય કે ન થાય, હું તો જાણનાર ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા છું, હું જ પરમાત્મા છું, દ્રષ્ટિનું જોર એવું દ્રઢ હોવું જોઈએ કે દ્રવ્ય જ ગ્રહણ થાય, પર્યાયથી દૃષ્ટિ હટી નિજ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ સ્થિર થવી તે જ આત્મસાધના છે.

**જે જ્ઞાન સ્વભાવી દ્રવ્ય છે, તે જ હું છું, દ્રવ્ય છે, તે જ હું છું, દ્રવ્ય છે તે જ હું છું, એવો જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મદ્રવ્ય જ હું છું, એવા વિકલ્પ જે પર્યાયમાં ઉત્પન્ન થયા છે, તે પણ મારું સ્વરૂપ નથી, એ વિકલ્પ પણ હું નથી.**

હું બેઠો નથી, હું ઉભો નથી, હું બોલતો નથી, હું ચાલતો નથી, કારણ કે હું ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા તો માત્ર જાણું છું. હું જ જ્ઞાતા છું અને હું જ જ્ઞેય છું, પ્રત્યેક પ્રદેશ ઉપર જે જ્ઞાનનું વેદન થઈ રહ્યું છે, તે મારું જ વેદન



થઈ રહ્યું છે, પ્રત્યેક પ્રદેશ ઉપર જે જ્ઞાનની સંવેદના, જ્ઞાનની સંચેતના થઈ રહી છે, તે જ હું છું, તે ચેતન લક્ષણમાં કોઈપણ પરદ્રવ્યનો પ્રવેશ નથી. મારામાં કોઈપણ પરનો પ્રવેશ નથી. હું ભગવાન આત્મા, હું ત્રિકાળી, હું અનાદિ-અનંત, હું શુદ્ધ છું.

સ્વભાવનું ચિંતન કરતાં-કરતાં એ પણ લક્ષ્યમાં આવતું નથી કે હું ભગવાન આત્મા આકાશના ક્યા પ્રદેશ ઉપર સ્થિત છું? કઈ અવસ્થામાં સ્થિત છું? એ વિચાર પણ નથી આવતો કે હું સ્ત્રી છું કે પુરુષ છું? એ વિચાર પણ નથી આવતો કે હું પંચેન્દ્રિય છું કે પંચેન્દ્રિય નથી? હું સંજ્ઞી છું કે અસંજ્ઞી છું? હું બેઠો છું કે હું ઊભો છું.

જે જીવ એમ માનીને આત્મદ્રવ્યનું ચિંતન કરે છે કે હું ચિંતન કરવા માટે બેઠો છું, તે જીવ નિશ્ચિતરૂપે માતાના ગર્ભમાં ઊંધો લટશકે. કારણ કે જે જીવ શરીરની બેઠેલી અવસ્થામાં એકત્વ કરે છે અને શરીરના કારણે પોતાને બેઠેલો માને છે, તે જીવ માતાના ગર્ભમાં પ્રાપ્ત શરીરમાં પણ એકત્વ જ કરશે. જેવીરીતે ગોળ બેસતો નથી, ગોળ ઊભો થતો નથી. તે તો બસ પોતાની મીઠાશરૂપે રહીને સત્તા સ્વરૂપ રહે છે, તેવીરીતે આત્મા ઉઠનાર-બેસનાર નથી, પરંતુ જ્ઞાયકભાવ સ્વરૂપ નિત્ય વિદ્યમાન છે.

હું ભગવાન આત્મા ઉપરોક્ત સમસ્ત ભેદોથી ભિન્ન જ્ઞાયકમાત્ર છું. મારા અનંત વૈભવને, અનંત શક્તિને ક્યારેય પણ કોઈપણ પરદ્રવ્ય પ્રભાવિત કરતું નથી. જ્ઞાન-દર્શન વગેરે અનંત ગુણોના વૈભવને કોઈ લૂંટી શકતું નથી. હું અનાદિ-અનંત સ્વયં સુરક્ષિત ભગવાન આત્મા છું. આ શરીરના પરમાણુ વનના પ્રાણીઓ દ્વારા વિખેરાઈ જાય, તો પણ હું વિખરાઈ જવાવાળો નથી. હું તો અખંડ, અભેદ, નિત્ય એક, ભગવાન આત્મા છું. હું માત્ર જાણનાર-જાણનાર જ છું. હું મારા જાણપણાને છોડીને કોઈપણ પરદ્રવ્યમાં પ્રવેશ કરતો નથી, કરી શકતો જ નથી.

**હું સ્વયં પરિપૂર્ણ તત્વ છું. તેથી કોઈપણ પરદ્રવ્યની સામે મારે હાથ ફેલાવાની આવશ્યકતા નથી. જ્ઞાનરૂપ અનંત સામર્થ્ય તથા સુખરૂપ અનંત વૈભવનો સ્વામી ભગવાન આત્મા હું છું. મને કોઈપણ પરદ્રવ્ય પાસે કોઈ**

**અપેક્ષા નથી. કોઈ પ્રકારની અપૂર્ણતા મારાંમાં છે જ નહીં. મારી પરિપૂર્ણતાનું કારણ હું સ્વયં છું.**

હું લોકાકાશના આ પ્રદેશ ઉપર રહું કે લોકાકાશના અન્ય કોઈપણ પ્રદેશ પર રહું, હું ઉર્ધ્વલોકમાં રહું, મધ્યલોકમાં રહું અથવા અધોલોકમાં રહું, હું તો માત્ર જાણવા-દેખાવાવાળો ભગવાન આત્મા નિત્ય પોતાના ચૈતન્યલોકમાં જ સ્થિત છું. હું કોઈપણ દેહમાં રહું અથવા દેહરહિત સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરું. પરંતુ સત્ય તો એ છે કે હું તો ત્રિકાળ જ્ઞાનશરીરી ભગવાન આત્મા છું, એના સિવાય બીજાું કંઈપણ નથી. જેનો જન્મ થયો નથી અને મરણ થવાનું નથી, એવા ચેતનપણાથી ભરપૂર ભગવાન આત્મા હું જ છું. જ્યારે દેહનો સંયોગ થયો હતો, ત્યારે સંયોગને જાણનાર ભગવાન આત્મા હું જ છું, અને જ્યારે દેહનો વિયોગ થશે, ત્યારે વિયોગને જાણનાર ભગવાન આત્મા પણ હું જ છું. હું જાણનાર છું, હું જાણનાર છું, હું જાણનાર જ છું...

ઈન્દ્રિયોથી અદ્રશ્ય હોવા છતાં પણ જ્ઞાનથી દ્રશ્ય ભગવાન આત્મા જ દ્રષ્ટિમાં બન્યો રહે, ભગવાન આત્મા જ દ્રષ્ટિમાં બન્યો રહે,... કારણ કે, તે ભગવાન આત્મા જ હું છું. ઈન્દ્રિયોથી દ્રશ્યમાન, પુદ્ગલ પદાર્થ જ્ઞાનમાંથી અદ્રશ્ય થઈ જાય અર્થાત એ પુદ્ગલ પદાર્થથી દ્રષ્ટિ હટી એક જ્ઞાયક ઉપર જ સ્થિર રહે. પ્રતિસમય શુદ્ધ સ્વરૂપની જાગૃતિ રહે, **એક પળ માટે પણ પરદ્રવ્યમાં પરિવર્તન કરવાનો વિકલ્પ ન રહે. એક પળ માટે પણ પરદ્રવ્યની સત્તાનો વિકલ્પ ન રહે. એક પળના માટે પણ રાગાદિ ભાવની સત્તાનો વિકલ્પ જ ન રહે. હું જાણનાર ભગવાન આત્મા પોતાના જ્ઞાન સ્વભાવમાં સ્થિત રહું.**

શરીરને છોડીને જનારો આત્મા પોતાને છોડીને જતો નથી, શરીરને છોડીને પણ આત્મા પોતાના જાણાપણાને છોડીને ક્યાંય જતો નથી, તેથી શરીરને છોડવા છતાં પોતાનું કાંઈ પણ છુટતું નથી. જે અનાદિ-અનંતથી છૂટું જ છે, તે શરીર સાથે મારે શું પ્રયોજન છે? હું તો નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા છું. મારા જ્ઞાનસ્વભાવને કોઈપણ પરજ્ઞેયની અપેક્ષા નથી. હું તો પરથી નિરપેક્ષ તત્ત્વ છું.

જેમ કોઈ ઘરની બારીમાં હવાએ પ્રવેશ કર્યો અને થોડીવાર પછી તે



હવા ઘરમાંથી બહાર જતી રહી, મેં તેને દૂરથી જાણી, તે હવાના આવવા-જવામાં મારું કાંઈ પણ નથી. કોઈ ઘરમાં આવે કે જાય, **તેથી મારે શું?** આ શરીર પણ પરઘર છે, શ્વાસોચ્છવાસરૂપી હવા દેહરૂપી ઘરમાં જાય અને બહાર પણ આવે, તેથી મારે શું પ્રયોજન છે? તે હવા મારામાં આવતી નથી કે મારામાંથી જતી નથી. જ્યારે ઘર જ મારું નથી, ત્યારે ઘરમાં આવનારા મહેમાન પણ મારા નથી. હું તો જાણનાર-દેખનાર ભગવાન આત્મા જ છું.

આ જે વેદન થઈ રહ્યું છે, આ જે સામાન્ય જ્ઞાન છે, તે સામાન્ય જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન..... માત્ર હું છું. આ જ્ઞાનની બહાર ક્યાંય પણ હું નથી. આ જે જ્ઞાનની અનુભૂતિ થઈ રહી છે, તે મારી જ અનુભૂતિ થઈ રહી છે. જ્ઞાનની અનુભૂતિ છે, તે આત્માની અનુભૂતિ છે. **જ્ઞાનની અનુભૂતિ છે, તે જ્ઞાયકની અનુભૂતિ છે. જ્ઞાનમાત્રની અનુભૂતિ જ્ઞાયકની અનુભૂતિ છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. હું જ જ્ઞાયક છું. આનું જ નામ જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચવું છે. જ્ઞાનની અનુભૂતિમાં જ્ઞાન વગેરે અનંતગુણોની એકતારૂપ અભેદ જ્ઞાયકની અનુભૂતિ થાય છે.**

અનાદિથી આજ સુધી મને પરની નહીં, પરંતુ પોતાની અનુભૂતિ જ થઈ છે, પોતાની અનુભૂતિ જ થઈ રહી છે અને પોતાની અનુભૂતિ થતી રહેશે. અનુભૂતિ તો અનુભૂતિ છે તેને ત્રણ કાળમાં પણ વિભાજિત કેવી રીતે કરી શકાય? **અનુભૂતિ તો ત્રિકાળ એકરૂપ જ હોય છે. જ્ઞાનની અનુભૂતિ જ જ્ઞાયકની અનુભૂતિ છે. આ અનુભૂતિ જ પોતાની પરિપૂર્ણતાનું લક્ષણ છે. પોતાની જ્ઞાન સત્તાને છોડી આત્મા ક્યાંય પણ જતો નથી. હું નિરંતર પોતાનું જ વેદન, પોતાનું જ સંવેદન કરું છું, આ જે પોતાનું સંવેદન થઈ રહ્યું છે,... તે જ હું છું.**

સુખ સ્વરૂપી ભગવાન આત્મા ત્રિકાળ નિરાકુળ છે, અકષાયી છે, શુદ્ધ છે, તે સ્વરૂપ જ પર્યાયમાં પ્રગટ થાય છે. શરીરની શક્તિ ઓછી થઈ શકે છે, પરંતુ મારી અનંત શક્તિને શરીરની શક્તિ સાથે કોઈ સંબંધ નથી. હું તો ત્રિકાળ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય વગેરે અનંત, અનંત, અનંત, અનંત,.... વૈભવશાળી ગુણોનો ઘનપિંડ ભગવાન આત્મા છું. નિરંતર શાંતિનો જ અનુભવ થાય, નિરંતર સુખનો જ અનુભવ થાય. આવા અનંત ગુણોનો સ્વામી નિજ ભગવાન આત્મા જ નિરંતર અનુભવમાં આવતો રહે.

# ૩૬. જે મૌન છે, તે જ મુનિ છે

**આત્માના ત્રિકાળીપણાની અનુભૂતિ નિરંતર થઈ રહી છે, એ મારી જ અનુભૂતિ છે, તે અનુભૂતિ જ હું છું. અનુભૂતિ થતાં જ સાધક-સાધન-સાધ્ય સંબંધી વિકલ્પ અસ્ત થઈ જાય છે. જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય સંબંધી વિકલ્પ ઉદિત થતા નથી, દ્રવ્ય તેમજ પર્યાય સંબંધી ભેદ પણ ક્યાં જતાં રહે છે? એ મને ખબર નથી. અભેદ પર્યાયનું અભેદ દ્રવ્યની સાથે અભેદમય થઈ જવું તે જ આધ્યાત્મિક સાધના છે.**

જ્ઞાયકની અનુભૂતિ પછી, જ્ઞાની જ્ઞાયકની અનુભૂતિ માત્રથી સંતોષ પામતા નથી. જ્ઞાની તો નિરંતર મુનિધર્મ અંગીકાર કરવાની ભાવના ભાવે છે. મુનિધર્મની સાધનામાં પણ જ્ઞાનીનું લક્ષ્ય તો અનુભૂતિના બળે શુદ્ધિની વૃદ્ધિ થાય તે જ છે.

**જ્ઞાયકની અનુભૂતિ થવાના કાળે વચનના અભાવરૂપ મૌન તો હોય છે. સાથે જ વિકલ્પના અભાવરૂપ મૌન થયા વિના નિર્વિકલ્પ આત્માનુભૂતિ થતી નથી.** જેમણે મૌન ધારણ કર્યું હોય, તેઓ બોલતા તો નથી, પણ કાગળ પર લખીને અથવા શરીરથી ઈશારા કરીને પોતાના વિકલ્પોની અભિવ્યક્તિ કરે છે, તેઓ પણ સાચા મૌની નથી. સિદ્ધ ભગવાનને વચન સંબંધી મૌન છે તો નિગોદના જીવોને પણ વચન સંબંધી મૌન જ છે. બંને જીવોને વચન નથી, પરંતુ નિગોદના જીવોને વિકલ્પોથી મૌન થયું નથી, જ્યારે સિદ્ધ પરમાત્મા દેહથી ભિન્ન જ્ઞાયકમાં એવા સ્થિર થયા છે, કે દેહ જ રહ્યો નથી. દેહાતીત તેમજ વચનાતીત સિદ્ધ પરમાત્મા જ સાચા મૌની છે. **જ્ઞાયકનો આશ્રય લેવાથી સહેજે વિકલ્પથી નિવૃત્તિ થઈ જાય છે, ત્યારે વિકલ્પની અભિવ્યક્તિનો પ્રશ્ન જ ઉભો થતો નથી.**

આત્માનુભૂતિને વ્યક્ત કરવાની રૂચિ પણ પૌદગલિક ભોગોની આકુળતામય રૂચિ સમાન આત્મા માટે અહિતકારી જ છે. જેને આત્માનુભૂતિ



પ્રગટ થાય છે, તે ગલી-ગલીમાં જઈને કહેતા નથી કે મને આત્માની પ્રાપ્તિ થઈ. તે જીવ તો પોતાનામાં સમાઈ જાય છે. અજ્ઞાનીજનોની સામે તે બતાવીને શું લાભ છે કે મને આત્મજ્ઞાન થઈ ગયું છે? અને જ્ઞાનીઓને એ બતાવવું જ પડતું નથી કે મને આત્મજ્ઞાન થયું છે. જ્ઞાની તો બતાવ્યા વિના જ જાણી લે છે કે કોણ જ્ઞાની છે અને કોણ અજ્ઞાની છે?

પોતાના વૈભવનો પ્રચાર કરવા કોણ ઈચ્છશે? શું તમે તમારું બેંક બેલેન્સ છાપામાં છપાવવા ઈચ્છો છો? શું તમે ઈચ્છો છો કે બધા લોકો તમારું બેંક બેલેન્સ જાણે? તમે જાણો છો કે પોતાના વૈભવનું પ્રદર્શન કરવું યોગ્ય નથી. તેવી રીતે જ્ઞાનીને આત્માનુભૂતિનું સુખ જ એવું પ્રગટ થયું છે કે તેને બાહ્યમાં વ્યક્ત કરવાનું કોઈ પ્રયોજન જણાતું નથી. જ્ઞાયકમાં વચન હોતા નથી, તેથી જ્ઞાયકની ઉપલબ્ધિ જેને થાય છે, તેવા જ્ઞાની પણ વચનાતીત થઈ જાય છે, મૌન થઈ જાય છે. યાદ રહે કે **આત્મસાધનાના સાધક જીવનું લક્ષ્ય સમ્યગ્દર્શન હોય છે, મિથ્યાપ્રદર્શન નહીં.**

હું ભગવાન આત્મા વચન તેમજ વિકલ્પો રહિત છું. એટલું જ નહીં, પરંતુ જગતના બધા જીવોનું સ્વરૂપ આ રૂપે જ છે, એવી દ્રઢ પ્રતીતિ થવી તે જ સાચું મૌન છે. **મૌન ધારણ કરેલા મુનિ બોલતા તો નથી, સાંભળતા પણ નથી.** જેમ સુમેરૂ પર્વતના પરમાણુઓનો આત્માની સાથે કોઈ સંબંધ નથી, એ પ્રમાણે ભાષાવર્ગણાની સાથે પણ આત્માનો કોઈ સંબંધ નથી. પોતાના શબ્દો સાથે જ નહીં, પરંતુ બીજાના શબ્દો સાથે પણ જેનો સંબંધ છૂટી ગયો છે, તેઓ જ મૌની છે. અરે ભાઈ! **પોતાના શબ્દ અને બીજાના શબ્દ એવો પણ જ્યાં ભેદ રહેતો નથી, શબ્દ માત્રથી જેમનો સંબંધ છૂટી ગયો છે, તે મૌનના ધારક મુનિને જ જ્ઞાયકની ઉપલબ્ધિ થઈ છે.**

બધા જ્ઞાનવાન ભગવાન આત્મા, જ્ઞાન સ્વભાવ સાધન વડે દેહાતીત, વચનાતીત અને વિકલ્પાતીત જેનું સ્વરૂપ છે, એવા જ્ઞાયક સુધી પહોંચે. જ્ઞાનની પ્રત્યેક પર્યાય જ્ઞાયકનું જ વેદન કરતી રહે અને સુખની પ્રત્યેક પર્યાય આનંદામૃતનું રસપાન કરતી રહે, એ જ મંગળ ભાવના.

# મુખપૃષ્ઠ પરિચય

જો કે જ્ઞાન અને જ્ઞાયકનું સ્વરૂપ ભિન્ન-ભિન્ન નથી, છતાં પણ સામાન્ય, અખંડ, એક, અભેદ જ્ઞાયકને સમજાવવા માટે ગુણ અને ગુણીનો ભેદ પાડવામાં આવ્યો છે. ચિત્રમાં ચિત્રિત ગોળાકાર જ્ઞાયકની પરિપૂર્ણતાનું સૂચક છે. પરિપૂર્ણ જ્ઞાયકમાંથી જ્ઞાનના અંશને ગોળાકારની નીચે જુદો કરીને બતાવ્યો છે. આશય એ છે કે ભેદથી જ અભેદ સુધી પહોંચવાની યાત્રા સફળ થાય છે.

ચિત્રિત ગોળાકારમાં પણ પરમાત્મા છે અને ગોળાકારની નીચે ગોળાકારના અંશમાં પણ પરમાત્મા છે અર્થાત્ આત્મા તો પરમાત્મા છે જ, સાથે-સાથે આત્માનો દરેક અંશ પણ પરમાત્મા જ છે. ગોળાકારમાં દર્શિત દીપકની જ્યોતિ આ વાત તરફ ધ્યાન આકર્ષિત કરાવે છે કે દરેક આત્મામાં જ્ઞાન જ્યોતિ સદાય ઝળહળે છે, પરંતુ જ્યારે તે જ્ઞાન જ્યોતિ પર્યાયમાં વ્યક્ત થાય છે, ત્યારે જ્ઞાનથી જ્ઞાયકનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

જ્ઞાનથી જ્ઞાયક સુધી શીર્ષકની આગળ-પાછળ અર્ધ ગોળાકાર ચિત્ર એ વાત દર્શાવે છે કે આ કૃતિના અધ્યયનથી પર્યાય અને દ્રવ્યનો ભેદ સમાપ્ત થઈ જાય છે અર્થાત્ દ્રવ્ય અને પર્યાય અભેદ થઈ શકે છે. નિર્વિકલ્પ આત્માનુભૂતિ સુધી પહોંચવા માટે જ્ઞાનથી જ્ઞાયક સુધી પુસ્તક સેતુ સમાન છે.

પુસ્તકની પાછળના નીચેના ભાગ પર રહેલી છીણી-હથોડી અને સાધકનું ચિત્ર એ ભાવને વ્યક્ત કરે છે કે આત્મા અને અનાત્મા (રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ) વચ્ચે ભેદ જ્ઞાનરૂપી છીણી (પ્રજ્ઞાછીણી) ના માધ્યમથી કરી શકાય છે અર્થાત્ જાણી શકાય છે. જ્ઞાનથી જ્ઞાયક સુધી પહોંચ્યા બાદ જ્ઞાનીને ભેદજ્ઞાનની ધારા સહજ જ વહે છે.

